वर्ष : 7 ◆ અંક : 4
જુલાઈ-ઑગસ્ટ 2017
સળંગ અંક : 40

कर भला होगा भला
- છગનભા




માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ


૧૯૪૬ની આખરમાં સ્વેચ્છાએ ગુજરાત વિદ્યાસભામાંથી હું છૂટો થયો ત્યારે જે કેટલાક વિચારો સૂઝતા તેમાં સામયિક કાઢવાનો વિચાર પણ મનમાં સ્થિર થતો ગયો. મારે વહોરેલી નવરાશથી કટાઈ ન જાઉં એ એક કારણ. (સમયની સાથે ગાઢ અનુસંધાનપૂર્વક જીવવાની તક એ એ મુખ્ય પ્રેરણા.) નામનો વિચાર કરવા-બેસવાપણું રહ્યું નહીં. ચાલો, 'સંસ્કૃતિ' કાઢીએ - એમ જ સૂઝ્યું. મારા પોતાના વલણને અનુસર્યો હોત તો 'ધર્મ' કહેવાનું પસંદ કરત પણ 'સંસ્કૃતિ' કહેવાથી ધર્મ ઉપરાંત સમજવા [illegible] પ્રશ્નો રાજકારણ, અર્થકારણ, વિજ્ઞાન આદિ વિષયો અને મુખ્ય રસનો વિષય સાહિત્ય તે સૌનો આદર થઈ શકે એમ લાગ્યું. જીવવાની રીતના એક ભાગ રૂપે સંપાદનકાર્ય સાથે સંકળાવાનું બન્યું.

ઉમાશંકર જોશી

❋

'ઉમાશંકરનું સંસ્કૃતિ' ગુજરાતનાં જે મહત્ત્વનાં સામયિકો ગણાય એમાંનું એક છે. ઉમાશંકરને તથા એમના યુગને સમજવા માટે 'સંસ્કૃતિ'ના અંકો બહુ ઉપયોગી સંદર્ભસામગ્રી પૂરી પાડે છે. ગુજરાત અને ભારતના સાંસ્કૃતિક સ્વરૂપનો બોધ કરાવવામાં આ સામયિક ખૂબ ઉપયોગી થાય એવું છે... સંસ્કૃતિ'એ વિશેષ ભાવે સાક્ષરયુગ, ગાંધીયુગ અને અનુગાંધીયુગના લગભગ બધા જ મહત્ત્વના અવાજો ઝીલી ઝીલીને સંભળાવવાનું યુગકાર્ય અદા કર્યું છે. 'સંસ્કૃતિ' આપણા બૌદ્ધિકો માટે 'ઓપન ફોરમ' રૂપ સામયિક બની રહ્યું... સાચો સાહિત્યકાર ને પત્રકાર પોતાની સ્વધર્મનિષ્ઠા ને કર્તવ્યપાલનથી કેવું દષ્ટિપૂત, મનઃપૂત વાતાવરણ જ્ઞાન વિજ્ઞાન ને સાહિત્ય-કલાના ક્ષેત્રે બાંધી શકે તેનો સંકેત 'સંસ્કૃતિ' આપે છે.'

ચંદ્રકાન્ત શેઠ






કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગના ડાયરેક્ટર પ્રો. ડી. ટી. કાપડિયા અને પ્રિ. ડૉ. ગાર્ગી રાજપરાની નિશ્રામાં એલ.ડી.આર.પી. એન્ડ આઈ.ટી.આર, ગાંધીનગર દ્વારા તા. ૧૨-૧૩ જૂન દરમ્યાન આયોજિત પ્રશિક્ષણ કાર્યક્રમમાં ઉપસ્થિત અધ્યાપક-ગણ તથા ડી.ટી. કાપડિયા.



સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે મંડળના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય.



આચાર્યશ્રી કનુભાઈ પટેલને સર્વ વિદ્યાલય, કેમ્પસ, કડીને તમાકુ મુક્ત કરવાની સર્વશ્રેષ્ઠ કામગીરી કરવા બદલ મહેસાણા જિલ્લા કલેક્ટરશ્રી એવોર્ડ એનાયત કરી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય.



શ્રીમતી આર. જી. કન્યા વિદ્યાલય, ગાંધીનગર દ્વારા આયોજિત વિશ્વયોગદિનની ઉજવણીનું દ્રશ્ય.



એસ. જી. પ્રાથમિક શાળાનાં બાળકો પુનિવતનની મુલાકાતે

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૭, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૭; સળંગ અંક : ૪૦

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : 'રાષ્ટ્રીય વાચન કાનૂન' (સંયુક્ત આરબ અમીરાત) અને 'વાંચે ગુજરાત' તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં અવલોકન — મણિભાઈ પ્રજાપતિ ૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઇતિહાસની અટારીએથી... ૭
 – શ્રીમંત સયાજીરાવ ગાયકવાડની કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ, કડીની મુલાકાત, ૧૯૨૬ અને ૧૯૩૫માં તેનાં સંસ્મરણો તાજાં કરવાં.
 – મહાત્મા ગાંધીની કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ, કડીની મુલાકાત, ૧૯૨૯

૨. ટૉલ્સ્ટોયનો એક હિન્દુસ્તાનીને પત્ર — મોહનલાલ પટેલ ૧૧

૩. નહીં લખાયેલી આત્મકથાનું પાનું — ઉમાશંકર જોશી ૧૩

૪. ક્યાં એ ઘર ખેતર ? — ભોળાભાઈ પટેલ ૧૬

૫. ધરતીનો છેડો ઘર — શરીફા વીજળીવાળા ૧૯

૬. તનાવમાં જીવવું મુશ્કેલ છે — સી. એસ. ઓઝા, 'મહેસાનવી' ૨૩

૭. સંસ્કાર અને શિક્ષણ — તુલસીભાઈ પટેલ ૨૪

૮. અખૂટ મૂડી : સંસ્કાર — રણછોડ શાહ ૨૭

૯. મહત્ત્વની ચર્ચા (The Great Debate) — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૯

૧૦. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૭
 – 'સંસ્કૃતિ' સૂચિ : (સામયિકની વર્ગીકૃત સૂચિ) સંપાદક : તોરલ પટેલ અને શ્રદ્ધા ત્રિવેદી.
 – કર્મણ્યેવાધિકારસ્તે : ગણેશભાઈ કા. પટેલના લેખ / સંકલન : ડૉ. ગીતા પટેલ

૧૧ સંસ્થા સમાચાર
 – યુનિવર્સિટી / કૉલેજ વિભાગ ૪૨
 – શાળા વિભાગ ૪૪


**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### 'રાષ્ટ્રીય વાચન કાનૂન' (સંયુક્ત આરબ અમીરાત) અને 'વાંચે ગુજરાત' તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં અવલોકન

સંયુક્ત આરબ અમીરાતના પ્રેસિડેન્ટ શેખ ખલીફા દ્વારા વિશ્વના દેશોમાં પ્રાયઃ ક્યાંય અસ્તિત્વ ન ધરાવતો – 'Unprecedented cultural and legislative initiative' = 'અનઅગ્રવર્તી સાંસ્કૃતિક તથા વૈધાનિક પહેલ' કે જે આરબોની સાંસ્કૃતિક ધરોહર અને વૈશ્વિક ક્ષેત્રના અનુભવો અને તજજ્ઞતાને ધ્યાને લઈને તૈયાર કરવામાં આવેલ - 'National Law of Reading' - 'રાષ્ટ્રીય વાચન કાનૂન' તા. ૩૧ ઑક્ટોબર, ૨૦૧૬ના રોજ જાહેર કરીને અમલીકૃત કરવામાં આવ્યો. આ સંદર્ભે નામદાર શેખ ખલીફાએ જણાવ્યું હતું કે આ કાનૂનનો મૂળભૂત હેતુ સમાજના સઘળા વર્ગોના સભ્યોને આજીવન શિક્ષણ માટેનો આધાર પૂરો પાડવાનો અને પ્રજાના માનસિક, બૌદ્ધિક અને સાંસ્કૃતિક સંપદાના સંવર્ધનનો પણ રહ્યો છે. જ્ઞાન આધારિત સમાજ વિના જ્ઞાન આધારિત અર્થકારણ સંભવિત નથી. અમારી યુવાપેઢીની ક્ષમતા પ્રસ્થાપિત કર્યા વગર અમારી વિકાસ યોજનાની વ્યૂહરચના પણ ન થઈ શકે. સંસ્કૃતિ, વાચન અને જ્ઞાનની અનુપસ્થિતિમાં અમે સામાજિક જાગૃતિ, સુદૃઢ પારિવારિક મૂલ્યો સહિતનો સહિષ્ણુ સમાજ અને રાષ્ટ્રીય ઓળખની સભાનતા પણ ન કેળવી શકીએ. વાચન અભિમુખ સમાજ સાંસ્કૃતિક મૂલ્યોને આત્મસાત કરે છે કે જે લવચીક તથા અનુકૂલિત છે અને આપણા

બહુ–સાંસ્કૃતિક વિશ્વમાં વિકાસ તરફ દોરી જવા માટે બૌદ્ધિક ક્ષમતા ધરાવે છે. અમારો ઉદ્દેશ આવનારી પેઢીઓ શ્રેષ્ઠતા તથા દૂરંદેશિતા હાંસલ કરવા માટે કાર્ય કરે, તેમ જ અમીરાતે તેના પ્રાદુર્ભાવકાળથી જ જ્ઞાન, વિજ્ઞાન અને સંસ્કૃતિને પ્રાધાન્યતા આપી છે, તેથી આ બધાનો વિનિયોગ માતૃભૂમિ અને અમીરાતના ઉત્તમ હિતો માટે કરવામાં આવે તે રહ્યો છે.

પ્રસ્તુત કાનૂનને આધીન નીચે દર્શાવ્યા મુજબની વૈધાનિક જોગવાઈઓ કરવાની સાથે તેનો અમલ પણ શરૂ કરવામાં આવ્યો :

### ૧. વાચનનો અધિકાર

- આ કાનૂન સમાજના પ્રત્યેક સભ્યને વાચનનો અધિકાર પૂરો પાડે છે અને આ અધિકારનું રક્ષણ પણ કરે છે.

### ૨. વાચનવિધિ

- વાચનપ્રવૃત્તિના પ્રોત્સાહન માટે સવિશેષતઃ બિન સરકારી અને સ્વૈચ્છિક સંગઠનોને મદદરૂપ નીવડવા માટે 100 m. Dirhamsની નિધિ ઊભી કરવામાં આવી. આ ઉપરાંત શિક્ષણ મંત્રાલય દ્વારા શાળા ગ્રંથાલયોને અદ્યતન સાધન-સામગ્રી અને પુસ્તકો સહિતની વાચનસામગ્રીથી સુસજ્જ કરવા માટે ઘણા મોટા બજેટની ફાળવણી.

### ૩. સરકારી કર્મચારીઓને વાચનનો અધિકાર

- સરકારી કર્મચારીઓને તેમની ફરજના સમય દરમિયાન વાચનનો અધિકાર અને વાચનસામગ્રી માટે ફી અને ટેક્ષમાંથી મુક્તિ તથા વાચન માટે પ્રોત્સાહન તથા સંશોધનમાં કાર્યકુશળતા કેળવવા માટે ફરજના સ્થળે સંબંધિત વિભાગ દ્વારા ડિજિટલ સામગ્રી પૂરી પાડવી. જો કે આ સમય દરમિયાન કર્મચારીઓએ તેમના વ્યવસાયિક અને વ્યક્તિત્વ વિકાસને પ્રોત્સાહક સાહિત્યનું વાચન કરવાનું રહેશે.

### ૪. પુસ્તકો માટે ટેક્ષમુક્તિ

- પુસ્તકો અને વાચનસામગ્રીને જીવન જરૂરિયાતનો ભાગ સ્વીકારીને કોઈ પણ પ્રકારની ફી અથવા ટેક્ષમાંથી મુક્તિ. સવિશેષતઃ મુદ્રણ, વિતરણ, ISBN નંબર મેળવવા માટેની ફી વગેરેમાંથી મુક્તિ. વધુમાં ISBN નંબર ન ધરાવતાં પુસ્તકોના પ્રકાશન અને વિતરણ માટે પાબંદી.

### ૫. ડિજિટલ ગ્રંથાલય

- સમાજના બધા જ વર્ગોની જરૂરિયાત સંતોષવા ડિજિટલ લાઇબ્રેરીની સ્થાપના કરવી.

### ૬. સાર્વજનિક ગ્રંથાલયો

- સાર્વજનિક ગ્રંથાલયોને કોઈ પણ રાષ્ટ્રીય નીતિના અદના સ્તંભ તરીકે સ્વીકારીને રાષ્ટ્રના પ્રજાજનોની વ્યાપક વાચન જરૂરિયાત પૂરી પાડવા માટે સજ્જ કરવાં.
- બજારમાં સાર્વજનિક ગ્રંથાલયોની શાખાઓ શરૂ કરવી અને આ ગ્રંથાલયોમાં બાળકો માટે ખાસ વિભાગ ઊભો કરવો કે જેમાં રસપ્રદ પુસ્તકો ઉપરાંત રમતગમતનાં સાધનો વગેરે રાખવાં.
- સંબંધિત સરકારી વિભાગો દેશના વિવિધ ભાગોમાં સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના અને વાચનસામગ્રી પૂરી પાડવા માટે ઉત્તરદાયી રહેશે.
- ખાનગી સંગઠનોને ગ્રંથાલયો અને સાંસ્કૃતિક કેન્દ્રોની સ્થાપના કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવાના ભાગરૂપે કેટલીક અનુકૂળતાઓ જેમ કે જરૂરી જમીન અને અન્ય રાહતો પૂરી પાડવી. વ્યાપારિક કેન્દ્રોમાં ગ્રંથાલયો સ્થાપનારને સસ્તા ભાવે જમીન અને અન્ય સગવડો આપવી.

### ૭. વાઙ્મયસૂચિ

- સંસ્કૃતિ અને જ્ઞાનવિકાસ મંત્રાલય દ્વારા સાર્વજનિક ગ્રંથાલયો માટે આવશ્યક પુસ્તકોની વાઙ્મયસૂચિઓ – ડેટાબેઝ – તૈયાર કરવી તથા આ મંત્રાલય દ્વારા વાચનસામગ્રીના રાષ્ટ્રીય અભિલેખાગારની સ્થાપના કરવી કે જેથી ભાવિ પેઢીને જરૂરી સાહિત્ય ઉપલબ્ધ થઈ શકે.

### ૮. શૈક્ષણિક ગ્રંથાલયો

- શાળા ગ્રંથાલયોને યુનેસ્કોનાં ધોરણો – માપદંડો લાગુ પાડીને તે મુજબ વિકાસ કરવો તેમ જ આ ગ્રંથાલયોનું વર્ગીકરણ આંતરરાષ્ટ્રીય ધોરણોને આધીન કરવું.

- શાળા ગ્રંથાલયો વિદ્યાર્થીઓમાં વાચન સંસ્કૃતિના સંવર્ધનમાં પ્રોત્સાહન પૂરું પાડે તેવાં પહેલવૃત્તિવાળાં કેન્દ્રો તરીકે વિકસાવવાં.
- શાળાઓના અભ્યાસક્રમમાં વાચનને વૈકલ્પિક વિષય તરીકે દાખલ કરવો.
- શાળાઓના મૂલ્યાંકનના માપદંડોમાં વિદ્યાર્થીઓની વાચન ક્ષમતાનો સમાવેશ કરવો.
- શિક્ષકો અને ગ્રંથપાલોની કાર્યકુશળતાના સંવર્ધન માટે કાર્યશિબિરો અને પ્રશિક્ષણ – સત્રોનું આયોજન.
- શાળા / યુનિવર્સિટીઓનાં ગ્રંથાલયોને તેમના ગ્રંથભંડારો અદ્યતન રાખવા માટે પ્રોત્સાહન પૂરું પાડવું.
- રાષ્ટ્રીય શિક્ષણ પરિષદ દ્વારા શાળાઓમાં વિદ્યાર્થીઓની વય મર્યાદા અનુસાર નૈતિક મૂલ્યો, સારી વર્તણૂક, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ઓળખ પ્રસ્થાપિત કરે તેવાં પુસ્તકોની વહેંચણી કરવી.
- વિદ્યાર્થીઓમાં વાચન ટેવના વિકાસ માટે શાળાના અભ્યાસક્રમ અને શૈક્ષણિક પદ્ધતિઓમાં આવશ્યક ફેરફાર કરવા.

### ૯. દિવ્યાંગો માટે ગ્રંથાલય

- દિવ્યાંગો ગ્રંથાલયોનો ઉપયોગ કરી શકે તે માટે તેમની જરૂરિયાત મુજબની વાચનસામગ્રી વસાવવી. આ ઉપરાંત તેમના માનસિક આરોગ્ય, બૌદ્ધિક તથા કાર્યકુશળતાના વિકાસ માટે કાર્યવાહી હાથ ધરવી.

### ૧૦. રાષ્ટ્રીય વાચન આયોજન

- આગામી ૧૦ વર્ષ માટે 'રાષ્ટ્રીય વાચન આયોજન' કરવું અને પ્રતિ વર્ષ માર્ચ માસ 'વાચન માસ' તરીકે નિર્ધારિત કરવો. આ ઉપરાંત રાષ્ટ્રીય વાચન નિધિ ઊભી કરવા માટે કાનૂની પ્રાવધાનો કરવાં.

### ૧૧. પ્રકાશન પ્રવૃત્તિ

- વિષયવસ્તુના સંવર્ધન માટે ખાસ કાર્યક્રમ હાથ ધરવો તેમ જ પ્રકાશન ઉદ્યોગની સરકારી નીતિની પુનઃ સમીક્ષા કરવી.
- હાલમાં અમીરાતમાં પ્રતિવર્ષ સરેરાશ ૪૦૦ પુસ્તકોનું પ્રકાશન થાય છે તેમાં વૃદ્ધિ કરતાં વર્ષ ૨૦૨૬ સુધી પ્રતિવર્ષ ૪૦૦૦ પુસ્તકોનું પ્રકાશન કરવું.
- પુસ્તકોના વ્યાપક પ્રચાર-પ્રસાર અર્થે લેખકો, પ્રકાશકો, વિક્રેતાઓ વગેરેને ખાસ ઉમદા સહકાર પૂરો પાડવો.
- અરબી ભાષાનાં પુસ્તકોના ઉત્પાદન માટે ખાસ સહાય.
- નવા લેખકોના પ્રોત્સાહન અર્થે કાર્યશિબિરો વગેરેનું આયોજન તથા વિજેતા પુસ્તકોનું પ્રકાશન હાથ ધરવું.

### ૧૨. જ્ઞાન થેલીઓનું વિતરણ

- નવાં જન્મેલ શિશુઓમાં વાચન ટેવના વિકાસ માટે પ્રથમ, દ્વિતીય અને ચતુર્થ વર્ષે ત્રણ જ્ઞાન થેલીઓ – Bags of Knowledge – નું વિતરણ કરવું કે જેમાં વાચન પ્રોત્સાહક સામગ્રી રાખવી.

### ૧૩. રાષ્ટ્રીય સમૂહ માધ્યમ પરિષદ

- રાષ્ટ્રીય સમૂહ માધ્યમ પરિષદ દ્વારા વાચન પ્રવૃત્તિના પ્રોત્સાહન અને વિકાસ માટે બહુવિધ કાર્યક્રમો – દૃશ્ય – શ્રાવ્ય વગેરે માધ્યમોમાં તૈયાર કરવા.

આ ઉપરાંત નોંધવું રહ્યું કે અમીરાતમાં વાચનટેવ સંબંધી રાષ્ટ્રીયસ્તરે વિવિધ સ્તરના પ્રજાજનો જેમ કે વિદ્યાર્થીઓ, વાલીઓ, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, સરકારી અને ખાનગી સંગઠનોના કર્મચારીઓ, પ્રજાજનો અને અન્ય વર્ગના ૧૨૦૦૦ નાગરિકોનું સર્વેક્ષણ કરતાં જાણવા મળ્યું કે સંયુક્ત આરબ અમીરાત પ્રતિવર્ષ ૧.૫ પુસ્તક વાંચે છે, જ્યારે અમીરાતના ૭૮ ટકા પ્રૌઢો વાંચવામાં સક્રિય નથી. આ ઉપરાંત અમીરાતના પ્રત્યેક પરિવારમાં સરેરાશ ૨૦ પુસ્તકોનો સંગ્રહ છે. જ્યારે તુલનાત્મક રીતે જોઈએ તો યુનાઇટેડ કિંગ્ડમના પ્રત્યેક પરિવારમાં ૨૦૦ પુસ્તકોનો સંગ્રહ છે. અમીરાતનો વિદ્યાર્થી સરેરાશ ચાર પુસ્તકો વાંચે છે, જ્યારે દક્ષિણ કોરિયાનો વિદ્યાર્થી ૨૦ પુસ્તકો વાંચે છે. વળી, અમીરાતનો વિદ્યાર્થી જ્યારે ઉચ્ચશિક્ષણ તરફ પ્રયાણ કરે છે ત્યારે તેનો વાચન દર ૩૦ ટકાથી વધુ ઘટે છે. આ

વાસ્તવિકતાને ધ્યાને લેતાં વાચનનો રાષ્ટ્રીય આંક વર્ષ ૨૦૨૬ સુધીમાં વિદ્યાર્થીઓમાં ૮૦ ટકા સુધી અને પ્રૌઢોમાં ૫૦ ટકા સુધી લઈ જવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

*

હવે આપણે ગુજરાત રાજ્યની સ્થાપનાની સુવર્ણજયંતીના ઉપલક્ષ્યમાં રાજ્ય સરકાર દ્વારા **'વાંચે ગુજરાત'** અભિયાન ૧ એપ્રિલ, ૨૦૧૦થી પ્રારંભ કરીને પૂરા એક વર્ષ સુધી સુપેરે ચલાવવામાં આવ્યું તે તરફ દૃષ્ટિપાત કરીએ. આ અભિયાન અંતર્ગત બહુવિધ દૃષ્ટિવંત કાર્યક્રમો પૂરા હોશ અને જોશ સાથે ઉદા. તરીકે 'વિદ્યાર્થીઓ માટેની વાચન શિબિરો', 'ગ્રંથ સારથિ શિક્ષકોની શિબિરો', 'શ્રેષ્ઠ વાચન સ્પર્ધાઓ', 'મને ગમતું પુસ્તક વાર્તાલાપ', 'એક સાથે વાંચે ગુજરાત', 'પુસ્તકમેળાઓ', 'તરતાં પુસ્તકો', 'અધ્યયન – અનુશીલન પ્રોજેક્ટો' વગેરે હાથ ધરવામાં આવ્યા હતા. પ્રત્યેક વ્યક્તિને, ગુજરાતને અને અંતતઃ રાષ્ટ્રને માહિતી અને જ્ઞાનસમૃદ્ધ બનાવવા માટે આ અભિયાન ખરા અર્થમાં ઉપયોગી હોઈ તેની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. આ અભિયાને આખા ગુજરાતને મઘમઘતું કર્યું, તેમ જ વાચન પ્રતિ આંદોલિત કર્યું, પરંતુ અનુભવે જણાયું છે કે ઉમદામાં ઉમદા ધ્યેય સાથે શરૂ કરવામાં આવેલા સરકારી કાર્યક્રમો પણ તેની પૂર્ણાહુતિ બાદ કાળગ્રસ્ત થઈ જતા હોય છે અથવા અમુક સમય-મર્યાદા માટે પ્રત્યક્ષ તથા પરોક્ષ હેતુઓ માટે જીવંત રાખવામાં આવતા હોય છે. આ પરંપરામાં 'વાંચે ગુજરાત' આંદોલન પણ આજે નામશેષ થઈ ગયું. આ અભિયાન દરમિયાન ઉપર દર્શાવ્યા મુજબના કાર્યક્રમો વાચનવૃત્તિ પેદા કરવા કે પ્રોત્સાહિત કરવા માટે ઉપકારક નીવડ્યા પણ ખરા. હકીકતમાં આ અભિયાનને સુવર્ણજયંતીની ઉજવણી સુધી મર્યાદિત ન રાખતાં વર્ષો સુધી ચાલુ રાખવાની જરૂરત હતી. અલબત્ત, પ્રચાર–પ્રસારના ભભક સિવાય એક શાન્ત ક્રાન્તિ સ્વરૂપે – એક સ્થાયી કાર્યક્રમ તરીકે. આમ છતાં, વાચનપ્રવૃત્તિને પ્રોત્સાહન પૂરું પાડવા તેમ જ વાચકને વાચનરસિયા જીવમાં પરિવર્તિત કરવામાં ગ્રંથાલય અને ગ્રંથપાલની ભૂમિકા નિર્ણાયક બની રહે છે, તે ધ્યાનાર્હ રાખવા જેવું છે.

*

વાચનપ્રવૃત્તિના પ્રોત્સાહન માટેના આ બંને કાર્યક્રમોનો હેતુ સમાન રહ્યો છે. સંયુક્ત આરબ અમીરાતની સરકાર દ્વારા વાચનના પ્રોત્સાહન અર્થે ખાસ કાનૂન પસાર કરીને નક્કર પ્રાવધાનો કર્યાં અને તેનો અમલ પણ શરૂ કર્યો. જ્યારે ગુજરાતમાં **'વાંચે ગુજરાત' ! દ્વારા એક વાતાવરણ ઊભું કરવામાં આવ્યું, તેમાં ધારી સફળતા પણ મળી, પરંતુ આ સાથે નીચે દર્શાવ્યા મુજબની લાંબાગાળાની કોઈ નક્કર અને સ્થાયી યોજના વગર. પરિણામે, આજે આ આંદોલન લોકસ્મૃતિમાં પણ જળવાયું નથી.** સંયુક્ત આરબ અમીરાત દ્વારા આ સંબંધી કરવામાં આવેલ કાનૂની જોગવાઈનો પ્રશ્ન બાજુ ઉપર રાખીને રાજ્યની પ્રજાને સતત વાચન માટે પ્રોત્સાહિત કરી માહિતી અને જ્ઞાનસમૃદ્ધ પ્રજા તરીકે વિકસાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નિમ્નતમ આવશ્યક એવી નીચેની વ્યવસ્થા અપેક્ષિત બની રહે છે.

### સાર્વજનિક ગ્રંથાલયો

૧. ગુજરાતના પ્રત્યેક ગામ / નગરમાં ફરજિયાત સરકારી પ્રાથમિક શાળા અસ્તિત્વમાં છે તે જ ધોરણે પ્રશિક્ષિત ગ્રંથપાલની નિમણૂક સાથે સરકારી સાર્વજનિક ગ્રંથાલયની સ્થાપના કરવી. આ ગ્રંથાલયને અદ્યતન સાધન-સામગ્રીથી સજ્જ કરીને ગામના જીવંત જ્ઞાનકેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવું.

૨. બધાં જ સાર્વજનિક ગ્રંથાલયોમાં ફરજિયાતપણે ગ્રંથપાલોની ભરતી કરવી. જેમ શિક્ષક વગરની શાળા અર્થહીન છે તેમ ગ્રંથપાલ વગરના ગ્રંથાલયનો કોઈ અર્થ નથી. કાકાસાહેબ કાલેલકરે તો ગ્રંથપાલ વગરના ગ્રંથાલયને મડદા સમાન કહ્યું છે, જે ધ્યાને લેવું રહ્યું.

૩. ગુજરાતનાં ગામો / નગરોમાં જાહેર સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતાં સાર્વજનિક ગ્રંથાલયોને અનુદાન આપવામાં આવે છે. આ ગ્રાન્ટની રકમ ગ્રંથપાલ અને અન્ય કર્મચારીઓને સરકારના વર્ગ-૪ના કર્મચારીના જેટલો પગાર પણ ચૂકવી ન

શકાય તેટલી હોય છે, આ ઉપરાંત પુસ્તક ખરીદી, નિભાવ વગેરે ખર્ચનું શું ? તેથી આ બધાં ગ્રંથાલયો પ્રાયઃ મૃતપ્રાય સ્થિતિમાં ચાલે છે. માટે આ બધાં ગ્રંથાલયોના કર્મચારીઓને માધ્યમિક શાળાઓ અને કૉલેજોના કર્મચારીઓની માફક રાજ્ય સરકારે સરકારી ધારાધોરણો મુજબ સીધો પગાર ચૂકવવો અને નિભાવ ગ્રાન્ટ આપવાનું રાખવું જોઈએ.

ચાલુ વર્ષમાં ગ્રાન્ટ ઈન એઈડ ગ્રંથાલયો માટે સુધારવામાં આવેલા અનુદાનના નિયમો મુજબ નિમ્નતમ રૂ. ૧૫૦૦૦થી વિશિષ્ટ ગ્રંથાલયોને મહત્તમ રૂ. ૫૦૦૦૦૦/- (પાંચ લાખ) અનુદાન પેટે આપવામાં આવે છે. આ રકમમાં કર્મચારી પગાર, પુસ્તક–સામયિક ખરીદી અને અન્ય નિભાવ ખર્ચનો સમાવેશ થાય છે. અત્રે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે રૂપિયા પાંચ લાખ અનુદાન મેળવતાં ગ્રંથાલયોનો ગ્રંથસંગ્રહ આપણી ઘણી યુનિવર્સિટીઓના સંગ્રહની તુલનાએ વધુ છે અને કર્મચારીઓની સંખ્યા નહિવત છે.

૪. 'વાંચે ગુજરાત' આંદોલનની સ્મૃતિઓનું દસ્તાવેજીકરણ કરતા ગ્રંથ 'દર્શન'માં ફલશ્રુતિ સ્વરૂપે નોંધ્યું છે કે આ સમયગાળા દરમિયાન ગુજરાતમાં કુલ ૮૨૦૬ ગ્રંથમંદિરો (પૃ. ૩૨) શરૂ કરવામાં આવ્યાં. આ ગ્રંથમંદિરોની આજે શી દશા અને દિશા છે તેનો અભ્યાસ કરી તેને ગતિશીલ બનાવવાં જોઈએ.

૫. ગુજરાતમાં ગુજરાતી ભાષા-સાહિત્યનું એક અદ્યતન ગ્રંથાલય સ્થાપવું અને આ સાથે તેમાં સંગૃહીત તમામ સામગ્રીનું ડિજિટાઈઝેશન કરીને નેટ ઉપર સુલભ કરી આપવું.

## શૈક્ષણિક ગ્રંથાલયો

૬. પ્રત્યેક પ્રાથમિક તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજિયાતપણે ગ્રંથાલયની સ્થાપના કરવી અને પ્રશિક્ષિત ગ્રંથપાલની ભરતી કરવી. આજે ધોરણ-૮ સુધી પ્રાથમિક શાળા ચાલતી હોય તેમાં ગ્રંથાલય ન હોય તે કઈ રીતે સ્વીકાર્ય બની શકે ? ગ્રંથાલય સંસ્કાર ઘડતરના આયુષ્યનાં પ્રથમ ૧૪ વર્ષ ગ્રંથાલય વિહોણાં પસાર થાય તેમાં વિદ્યાર્થીઓને કેટલું નુકસાન થઈ રહ્યું તેનો આપણે અંદાજ કાઢી શકીશું ખરા ?

૭. કૉલેજો અને યુનિવર્સિટીઓમાં ગ્રંથપાલ અને અન્ય સહાયક કર્મચારીઓની ભરતી કરવી. આવી કૉલેજો / યુનિવર્સિટીઓની મંજૂરી આપતાં પૂર્વે કોઠારી કમિશનની ચેતવણી ધ્યાને લેવા જેવી છે. નોંધવું રહ્યું કે કોઠારી કમિશને નવી કૉલેજ કે અનુસ્નાતક વિભાગની મંજૂરી પૂર્વે અદ્યતન ગ્રંથાલયના અસ્તિત્વને અનિવાર્ય શરત ગણાવેલ છે.

૮. ગ્રંથાલયના ઉપભોકતાઓને અસરકારક સેવાઓ પૂરી પાડવા માટે ગ્રંથાલય વ્યવસાયિકો ગ્રંથાલયની વાચનસામગ્રીથી સુપરિચિત બની રહે તે માટે ફરજના સમય દરમિયાન એક કલાક વાચન / ગ્રંથ નિરીક્ષણ માટે ગ્રંથભંડાર / સંદર્ભખંડમાં ખાસ ફાળવે તેનું પ્રાવધાન કરવું.

૯. શૈક્ષણિક સંસ્થાઓમાં ફરજિયાત રીતે સમયાન્તરે પ્રત્યેક વર્ગખંડમાં ગ્રંથપાલના તાસનું આયોજન કરવું.

૧૦. શિક્ષકો / અધ્યાપકોએ વિદ્યાર્થીઓને ગ્રંથાલયનો ઉપયોગ કરવા ખાસ પ્રેરિત કરવા જોઈએ, તેમ જ તેમણે સ્વયં પણ સંબંધિત શાળા / કૉલેજ / યુનિવર્સિટીના ગ્રંથાલયની મુલાકાત વારંવાર લેવી જોઈએ. અનુભવે જણાયું છે કે ઘણા શિક્ષકો / અધ્યાપકો / પ્રિન્સિપાલો ક્વચિત જ પોતાના ગ્રંથાલયની મુલાકાત લેતા હોય છે.

૧૧. ગ્રંથાલય અભિમુખ અધ્યાપન પદ્ધતિ વિકસાવવી.

૧૨. રાજ્યની પ્રત્યેક યુનિવર્સિટી, સ્વાયત્ત કૉલેજ અને બહુવિધ કૉલેજો ધરાવતા સંકુલમાં ગ્રંથભંડારની સ્થાપના કરવી.

## પ્રકાશન-પ્રવૃત્તિને પ્રોત્સાહન

૧૩. રાજ્યની યુનિવર્સિટીઓમાં મૃતપ્રાય થઈ ગયેલી પ્રકાશન-પ્રવૃત્તિને પ્રાણવાન બનાવવી.

૧૪. ગુજરાતી ભાષા-સાહિત્યનાં પુસ્તકોના પ્રકાશન માટે ખાસ પ્રોત્સાહન પૂરું પાડવું.

૧૫. પસંદગીનાં મૂલ્યવાન પુસ્તકોના પ્રકાશન માટે

આર્થિક સહાય પૂરી પાડવી અને પડતર કિંમતે સુલભ કરી આપવાં. ઉદા. તરીકે ભો. જે. વિદ્યાભવન દ્વારા પ્રકાશિત 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ.' ૯ ખંડો (પ્રથમ આવૃત્તિ), ગુજરાત યુનિવર્સિટી દ્વારા ભોળાભાઈ પટેલ કૃત 'અજ્ઞેય એક અધ્યયન' વગેરે પુસ્તકોની સાવ સામાન્ય કિંમત રાખવામાં આવી હતી.

**સરકારી માહિતી-પ્રચાર સાહિત્ય**

૧૬. ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત માહિતી – પ્રચાર સાહિત્ય અને કેટલુંક અન્ય સાહિત્યનું આર્ટ પેપર ઉપર અને બહુરંગી મુદ્રણ કરવામાં આવે છે તેના વિકલ્પે ખાસ અપવાદ બાદ કરતાં સઘળું સાહિત્ય સારી ગુણવત્તાવાળા સાદા કાગળ ઉપર મુદ્રિત કરવામાં આવે અને આવા સાહિત્યની ઘણી મોટી સંખ્યામાં નકલો મુદ્રિત કરવામાં આવે છે તે નિયંત્રિત કરવામાં આવે, સરકારી યોજનાઓની પ્રશસ્તિગાથાઓની ઠેર ઠેર બહુવિધ માધ્યમોમાં જાહેરાતો તથા અનાવશ્યક સમારંભોના આયોજનો અને તેના ખર્ચ ઉપર અંકુશ રાખવામાં આવે તો કલ્પનાતિત ખર્ચ બચી શકે જે રકમ પુસ્તકોના પ્રકાશનમાં આર્થિક સહાય તેમ જ ગ્રંથાલયોને અનુદાન પેટે ફાળવતાં પણ મોટી બચત રહે તેવો અંદાજ છે.

**પુસ્તકમેળો**

૧૭. પ્રતિવર્ષ ગુજરાતનાં અલગ-અલગ નગરોમાં 'ગુજરાત પુસ્તકમેળા'નું આયોજન ડિસેમ્બર – જાન્યુઆરી – ફેબ્રુઆરી માસ દરમિયાન કરવું. ધ્યાને લેવું રહ્યું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લાં કેટલાંક વર્ષોથી પ્રતિવર્ષ મે માસના પ્રથમ સપ્તાહમાં યોજવામાં આવતો 'અમદાવાદ પુસ્તક મેળો' અર્થહીન પુરવાર થઈ રહ્યો છે.

પ્રસ્તુત ચર્ચાનું સમાપન કરતાં નોંધવું રહ્યું કે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલમાં આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'વાંચે ગુજરાત' અભિયાન પૂર્ણ થયા બાદ તેની પ્રવૃત્તિઓનો દસ્તાવેજ રજૂ કરતા ગ્રંથ 'દર્શન'માં પ્રસ્તુત અભિયાન સંદર્ભે 'સંદેશ' આપતા શબ્દો : 'સ્વવિકાસ માટે વાચન જેવું અમોઘ શસ્ત્ર બીજું કોઈ નથી એનો સાક્ષાત્કાર આબાલવૃદ્ધ સહુ કોઈએ કર્યો... હવે 'વાંચે ગુજરાત'નું ઔપચારિક જ્ઞાનસત્ર તો પૂરું થયું, પણ હું ઇચ્છું કે અનૌપચારિક અને અવિરતપણે આ જ્ઞાનપ્રક્રિયા – વાંચનપ્રક્રિયા ચાલુ જ રહે. આપણી જ્ઞાનશક્તિનો પ્રભાવ જ ગુજરાતને સમગ્ર વિશ્વની વિદ્યાપીઠ બનાવી શકશે' આપણે સૌ કોઈએ ધ્યાને લેવા જેવા છે. વધુમાં, સદર દસ્તાવેજી ગ્રંથમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ અભિયાનના વર્ષ દરમિયાન '૨૫થી ૨૦૦૦ સુધીનાં પુસ્તકો વાંચનાર ૫૦૦થી ૬૦૦ વિદ્યાર્થીઓ દરેક જિલ્લામાં નીકળ્યા'. આ સંદર્ભે નોંધવું રહ્યું કે યુનેસ્કોએ પુસ્તકના ભૌતિક કદની મર્યાદા નક્કી કરતાં નિમ્નતમ ૪૮ પૃષ્ઠ ધરાવતા પુસ્તકને પુસ્તક તરીકે ગણાવેલ છે. આ ગણતરીએ ૨૦૦૦ પુસ્તકોના એક એક વાચકે નિમ્નતમ ૯૬૦૦૦ પૃષ્ઠોનું સદર વર્ષ દરમિયાન અને સરેરાશ પ્રતિદિન ૨૬૩ પૃષ્ઠોનું વાચન કર્યું ! આ પણ એક મોટી ઉપલબ્ધિ જ ગણાય. આ સૌ વિદ્યાર્થીઓ / વાચકો ખરે જ અભિનંદનને પાત્ર છે. આપણા પ્રબુદ્ધ ચિંતક ગુણવંત શાહ કહે છે કે અધોળ જેટલું વાંચો અને એક ટન જેટલું ચિંતન કરો. હવે, આ દિશામાં સક્રિય થવાની તાતી જરૂરિયાત છે, પરંતુ પ્રશ્ન એ છે કે આ જ્ઞાનસત્રને સતત ચાલુ રાખવા માટે ક્રિયાશીલ ગ્રંથાલયો, ગ્રંથપાલો અને અન્ય આનુસંગિક સંસાધનો આપણી પાસે પર્યાપ્ત માત્રામાં નથી. માત્ર અસ્થાયી સમય માટે 'ઉત્સાહનું વાતાવરણ' પેદા કરવાથી ધ્યેયસિદ્ધિ સ્વપ્નવત બની રહે છે. ગુજરાતને ખરા અર્થમાં 'વિશ્વની વિદ્યાપીઠ' બનાવવા માટે આગળ ઉપર દર્શાવેલા ઉપાયોને ધ્યાને લઈ કાર્યવાહી કરવામાં આવે તે અપેક્ષિત બની રહે છે. અને તે થકી ધ્યેય પરિપૂર્ણ થશે તેમાં શંકાને કોઈ અવકાશ નથી. અન્યથા આવાં નક્કર યોજનાવિહીન આંદોલનો કે શ્રેષ્ઠ ગુણવત્તા (par excellence) વિહીન દિનપ્રતિદિન અવનવી સંખ્યાબંધ યુનિવર્સિટીઓ કે શિક્ષણસંસ્થાઓની સ્થાપનાથી ઝાઝું નિષ્પન્ન થઈ શકશે નહીં.

**મણિભાઈ પ્રજાપતિ**

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઈતિહાસની અટારીએથી...

**૧. શ્રીમંત સયાજીરાવ ગાયકવાડની કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ, કડીની મુલાકાત, ૧૯૨૬ અને ૧૯૩૫માં તેનાં સંસ્મરણો તાજાં કરવાં.**

**૨. મહાત્મા ગાંધીની કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ, કડીની મુલાકાત, ૧૯૨૯**

(૧)

વડોદરાના રાજવી શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે તા. ૪ જાન્યુઆરી, ૧૯૨૬ના રોજ કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ, કડીની મુલાકાત લીધી હતી એ ઘટનાના સાક્ષી શ્રી દાસકાકાના શબ્દોમાં જ આપણે એને જોઈએ :

“વડોદરા નરેશ મહર્ષિ સયાજીરાવ તા. ૩-૧-૧૯૨૬ના દિવસે કડીમાં પધાર્યા. વડોદરા રાજ્યની પ્રણાલિકા કે મહારાજા સાહેબ જ્યાં જાય ત્યાં તેની આગળ પડતી સંસ્થાઓની મુલાકાત લે. તેમની મુલાકાતનો પ્રોગ્રામ તે પધારે તે પહેલાં સંસ્થાઓને જણાવવામાં આવે. મહારાજા સાહેબ તા. ૪-૧-૧૯૨૬ના દિવસે સવારે આઠ વાગે કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમની મુલાકાત લેશે તેવું જણાવવામાં આવ્યું. સંસ્થાના પ્રાણસમા શેઠશ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી અને પ્રો. સ્વામીનારાયણ અમદાવાદથી આવી ગયા. મહારાજા સાહેબના સ્વાગતની તૈયારીઓ થવા લાગી.

તા. ૪-૧-૨૬ની આગલી રાત્રે વડોદરા રાજ્ય સ્કાઉટ કમિશનર બોર્ડિંગમાં આવ્યા અને આશ્રમના વિદ્યાર્થીઓની સ્કાઉટ ટ્રુપ રચવા આગ્રહ કર્યો અને મહારાજા સાહેબના શુભ હસ્તે સ્કાઉટનો વાવટો ટ્રુપને આપવાનું કહ્યું. તે વખતે સ્કાઉટે For God, King and Country (ઈશ્વર, રાજા અને દેશ) ને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવી પડતી. કમિશનર સાથે વાટાઘાટ કરવામાં શ્રી પોપટભાઈ, કુબેરભાઈ, છગનભાઈ વગેરે તેમ જ હું હતા. ચર્ચા બે કલાક ચાલી. ઉગ્ર ચર્ચા થઈ. અમારું કહેવું હતું કે ભારતમાં રાજાઓ આવ્યા અને ગયા. વડોદરાની ગાદી ઉપર પણ રાજાઓ આવ્યા અને ગયા. આથી રાજાની વફાદારીના સોગન લેવામાં અમે માનતા નથી. સ્કાઉટની પ્રતિજ્ઞામાં રાજા શબ્દ એ ઇંગ્લૅન્ડના રાજા માટે છે. ભારત ઉપર અંગ્રેજો તેમના નામથી રાજ્ય કરે છે. ભારત આઝાદ થવા માગે છે. રાજા પ્રત્યે વફાદારીના સોગન એટલે ભારતને કાયમ માટે અંગ્રેજોના હાથ નીચે આપવાનું. ભારતની આઝાદીનો દ્રોહ કરવાનું. આ અમારાથી કે અમારા વિદ્યાર્થીથી નહિ થાય. અમે તો માત્ર દેશને વફાદાર રહેવા સોગન લઈએ.

કમિશનર નારાજ થઈ કડી રેસ્ટ હાઉસ ગયા. દીવાનસાહેબને વાત કરી. આ સંસ્થા તો બંડખોર છે. દીવાનસાહેબે મહારાજાને વાત કરી. અને તેમની સંમતિ લઈ મહારાજા સાહેબની કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમની મુલાકાત રદ કરતો ફતવો અમને રાત્રે એક વાગે પહોંચાડવામાં આવ્યો.

રાત્રે છગનભા, પ્રો. સ્વામીનારાયણ તેમ જ શેઠશ્રી લશ્કરીને મહારાજા સાહેબની મુલાકાત રદ થયાની ખબર આપવામાં આવી. સૌ નારાજ થયા. પ્રો. સ્વામીનારાયણ સવારની પાંચની ગાડીમાં દેત્રોજ ગયા. શેઠશ્રી લશ્કરી એમની મોટરમાં અમદાવાદ ગયા. વિદ્યાર્થીઓને ખબર આપવામાં આવેલ નહિ અને તેમણે તો સવારના બૅન્ડ તૈયાર કર્યું અને એમની ડ્રીલ-કવાયતનો પોશાક પહેરી તૈયાર થયા.

મહારાજા સાહેબ સવારે આઠ વાગે એમની સાથે એમના એ. ડી. સી.ને રાખીને સ્ટેશન ઉપર આંટા મારવા નીકળ્યા. સામે વિદ્યાર્થી આશ્રમ. એમના મનમાં થયું કે આ બંડખોર સંસ્થાને મારે જોવી. તેમનું બંડનું જે કાંઈ જોવા મળે તે જોવું. અને રેલવેના પાટા ઓળંગી આશ્રમ તરફ આગળ વધ્યા. તેમને જોતાં જ સંસ્થાના પ્રવેશે તેમનું સ્વાગત કરવા સૌ તૈયાર થઈ ગયા. બૅન્ડે સ્વાગત ગીત શરૂ કર્યું. મહારાજા સાહેબ આશ્રમમાં બૅન્ડની પાછળ પાછળ પ્રવેશ્યા. વિદ્યાર્થીઓની તથા શિક્ષકોની પલટણ પાછળ.

રેસ્ટ હાઉસ સ્ટેશનની નજીક જ છે. દીવાનસાહેબ વગેરે મહારાજા સાહેબ પાટીદાર આશ્રમમાં ગયા છે તે જાણી દોડતા આવ્યા.

મહારાજા સાહેબ વિદ્યાર્થીઓની રૂમોમાં ઓરડીઓમાં ગયા. વિદ્યાર્થીઓનાં દફતરો જોયાં. એમનાં પુસ્તકો જોયાં. ચક્કર ચક્કર ફરતી તકલીઓ વિદ્યાર્થીઓ પાસે જોઈ. બધા વિદ્યાર્થીને શુદ્ધ ખાદીમાં જોયા. સ્કૂલના શિક્ષણ કાર્યક્રમમાં રેંટિયા અને સાળો જોઈ. વણાયેલી ખાદી અને પાટી જોઈ. કાંતેલું સૂતર જોયું. લાઇબ્રેરીમાં ગયા તો ઘણાં પુસ્તકો ઊંચાંનીચાં કરી જોયાં. પ્રિન્ટિંગ પ્રેસમાં છપાતું અને છાપેલું સાહિત્ય જોયું અને અંતે રસોડાની દક્ષિણ તરફની પડાળીમાં ગાદી બિછાવવામાં આવેલી ત્યાં આવીને બેઠા.

છગનભાએ સ્વાગત પ્રવચન કર્યું. મહારાજા સાહેબ તેમના તરફ જોઈ રહ્યા. અંતે મહારાજા સાહેબે પ્રવચન કરતાં જણાવ્યું : 'ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી. પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઇચ્છું છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નાં સેવ્યાં પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું.'

મહારાજા સાહેબ સંસ્થાની પ્રવૃત્તિઓથી સંતોષ પામીને રેસ્ટ હાઉસમાં પરત ગયા.

ત્રણ વાગે તેમનું ફરમાન આવ્યું. વિદ્યાર્થીઓ વગેરેને તેમના તરફથી સાત વાગ્યા પહેલાં જમાડવા. મેનું એમણે નક્કી કર્યું. રજવાડી શાકાહારી ભોજન વિદ્યાર્થી જમવા બેસે તેની ખબર આપવાની, પછી મહારાજા સાહેબ જમવા બેસે.

**સૌજન્ય : પ્રજ્ઞાદીપ છગનભાઈ / મોહનલાલ પટેલ કડી સર્વવિદ્યાલય કેળવણી મંડળ, પ્રથમ આવૃત્તિ ૧૯૮૭, પુનર્મુદ્રણ, ૨૦૦૭, પૃ. ૧૦૦-૧૦૨**

(૨)

[શ્રી કડવા પાટીદાર છાત્રાલય, કારેલીબાગ, વડોદરામાં તા. ૧૬ ડિસેમ્બર, ૧૯૩૫ના રોજ છાત્રાલયના ઉદ્‌ઘાટન વખતે અપાયેલું શ્રીમંત મહારાજા સાહેબનું ભાષણ.]

રાજેશ્રી સ્વામીનારાયણ, મંત્રી અને ગૃહસ્થો !

આજે આ પ્રસંગે મારે વિશેષ બોલવાનું નથી. આવી સંસ્થા માટે મારા સાધારણ વિચારો બીજે કોઈ પ્રસંગે હું જણાવીશ. આજને પ્રસંગે હું ટૂંકાણમાં બે શબ્દ કહેવા માગું છું. **કેટલાક વર્ષ ઉપર હું કડી પ્રાંતમાં ફરતો હતો ત્યારે કડીમાં તમારી કોમના છાત્રાલયની મુલાકાતે ગયેલો. તે વખતે રા. સ્વામીનારાયણે મને સંસ્થા બતાવેલી. તેનું કામકાજ જોઈ મને હર્ષ થયેલો. તે સંસ્થા આજે વિસ્તીર્ણ થઈ આવી સારી સ્થિતિમાં આવી તે જોઈને મને વધારે હર્ષ થાય છે. કારણ તે વખતે જે વિચાર સંભવિત ન હતો તે આજે સંભવિત થયો છે. અસંભવનીય હોય તે સંભવનીય થાય ત્યારે વધારે આનંદ થાય તે કુદરતી છે.** તમે આવી સારી પ્રવૃત્તિ કરો છો તેથી પુનરુદ્ધારના યુગમાં તમારાં બાળકોની અને કોમની સુધારણાનું કાર્ય સફળ થશે.

તમારી કડવા પાટીદાર કોમની વસ્તી રાજ્યમાં બહોળી છે. તમે લોકો રાજ્યના પાયારૂપ છો, ઉપયોગી છો, તેથી જેમ તમે વધારે ભણી ગણી સારા થઈ રાજ્ય અને પ્રજાને ઉપયોગી થાઓ તેમ મને સંતોષ ઊપજે.

મને આ સરસ મકાન જોઈ આનંદ થાય છે. ખુલ્લી હવા, સ્વચ્છ પાણી અને વ્યાયામથી શરીરસંપત્તિ વધે છે, તેથી આ યોજના સ્તુત્ય અને લાભદાયી છે. 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, અને કનિષ્ટ નોકરી', એમ લોકો કહે છે તે ખરું છે. એ પ્રમાણે આપણો ધંધો ઉત્તમ છે, પણ હાલના સમયમાં ખેતીની સ્થિતિ પ્રથમ જેવી સારી નથી. કુદરતી સંકટો અને પાકના ભાવોની મંદીને લીધે ખેતીની સ્થિતિ નબળી થઈ છે. તે સુધારવી તે અગત્યનો જરૂરી પ્રશ્ન છે. રાજ્યમાં ૮૦ ટકા વસ્તી ખેડૂતોની છે, તેમની સ્થિતિ સુધારવી તે મહત્ત્વનો પ્રશ્ન હોઈ અમે તેનો હંમેશાં વિચાર કરીએ છીએ અને બનતો પ્રયત્ન કરીએ છીએ. આપણે જુદી-જુદી ન્યાતો-વર્ણ છીએ પણ ખરેખર તો બધા એક જ છીએ. બધા એક જ સમાજનાં અંગો છીએ. બધાનું હિત એક છે. તેથી તમારા ઉત્કર્ષમાં બધાનો ઉત્કર્ષ રહેલો હોઈ તમારી ઉત્કર્ષ કરનારી આ સંસ્થાને હું સફળતા ઇચ્છું છું. મને આશા છે કે હું વખતોવખત તમારી સંસ્થા જોવા આવતો રહીશ અને તમારી પ્રગતિ જોતો રહીશ, તમારી સ્થિતિ બાબત સૂચના કરીશ અને બની શકે તેટલી મદદ આપીને સંતોષ પામીશ.

**સૌજન્ય : 'શ્રી મહારાજા સયાજીરાવ ગાયકવાડ એઓશ્રીનાં વ્યાખ્યાનો તથા ભાષણો' - પુસ્તક ત્રીજું, અમદાવાદ : જ્યોતિ કાર્યાલય લિમિટેડ, ૧૯૩૮ (પૃ. ૨૩-૨૪)**

❖

# મહાત્મા ગાંધીની કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ, કડીની મુલાકાત, ૧૯૨૯

## કડીમાં કડવા પાટીદાર આશ્રમમાં તથા જાહેરસભામાં ભાષણ

**મંગળવાર, જુલાઈ ૨૩, ૧૯૨૯**

ગયા મંગળવારે સવારે મહાત્મા ગાંધી અને કસ્તૂરબા કડીના પાટીદાર આશ્રમની મુલાકાતે ગયાં હતાં. આશ્રમના જુદાજુદા ભાગોનું નિરીક્ષણ કરીને તેઓ વિદ્યાર્થીઓની સભામાં ગયાં હતાં. સભામાં વિદ્યાર્થીઓએ આશ્રમને લગતો ટૂંકો અહેવાલ રજૂ કર્યા બાદ મહાત્માજીએ વિદ્યાર્થીઓને બોધ આપ્યો હતો.

### સાચો ઉદ્યોગ કયો ?

તેમણે જણાવ્યું હતું કે **આ આશ્રમમાં વિદ્યાર્થીઓ ઉદ્યોગ શીખે છે તે આવશ્યક છે,** પણ દેશમાં ઉદ્યોગ પર પ્રેમ જાગ્યો નથી. અહીં ૧૦૦માંથી ૮૫ ખેતી કરતા હોય છે તેથી બાકીના ૧૫ ટકાએ ખેડૂતોને મદદ મળે એવા ધંધામાં રોકાવું જોઈએ. આમાંના ૫ ટકાની મારફત અંગ્રેજ સરકાર આપણા ઉપર રાજ્ય ચલાવે છે તે વિચિત્ર અને શરમભરેલું છે. તમારે અંગ્રેજોની ઑફિસ જોઈ લઈ તાળો કાઢવો જોઈએ કે તે ન હોત તો તે કેવી રીતે રાજ્ય ચલાવી શકત ? અદાલતમાં છેક પોલીસથી તે ન્યાયાધીશ સુધી આપણા માણસો ન હોય ને દુભાષિયા કે વકીલો ન મળે તો સરકાર શું કરે ? અલમોડામાં વેઠ કરનાર ગળિયા બળદ જેવા બનીને બેસી ગયા તેથી વેઠ ચાલી ગઈ. તેવી રીતે જો પાંચ ટકા બેસી જાય તો રાજ્ય ન ચાલી શકે. આ પાંચ ટકામાં ઉદ્યોગ નથી, તેઓ તો ફક્ત લહિયા છે. તેઓ જીભ કે કલમ ચલાવે છે પણ અંગ કે પગ ચલાવતા નથી. હળને બદલે આપણા હાથમાં કલમ આવી જાય તો સારું એ એક ભ્રમણા છે. એ ભ્રમણાથી જ તમે ઉદ્યોગ છોડી બેઠા છો.

બાદ **તેમણે વિદ્યાર્થીઓને અસ્પૃશ્યતા છોડવા, સુથારી કામ માટે ચીવટ રાખવા, રેંટિયાને વળગી રહેવા અને પોતાનું કાપડ પોતાની મેળે વણવા બોધ આપ્યો હતો. તેમ જ આશ્રમની સુંદર વ્યવસ્થા જાળવવા માટે છગનભાઈને ધન્યવાદ આપ્યો હતો.**

વિદ્યાર્થીસભાનું કામ પૂરું થતાં મહાત્માજી ગામના લોકોની જાહેરસભામાં ગયા હતા. પોતાના જાહેર પ્રવચનમાં તેમણે જણાવ્યું હતું કે –[1] (૧. અહીં સુધીનો ભાગ અંગ્રેજી પુસ્તકમાં આપવામાં આવ્યો નથી.)

### કડીની જાહેરસભામાં

**આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થાની પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે, એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઇચ્છવાજોગ છે. અહીં તમારાં છોકરાં મોકલવાને તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તમને અહીં મળશે.**

### અસ્પૃશ્યતાનો કોયડો

**આ સંસ્થાના નિવેદનની સરળતા ને શુદ્ધતાને સારુ હું મંત્રીને, સંચાલકોને ધન્યવાદ આપવા ઇચ્છું તેની સાથે મારું દુઃખ પણ જાહેર કરવું જોઈએ, કે તેઓ હજી અસ્પૃશ્યતાનો કોયડો ઉકેલી શક્યા નથી તે બરોબર નથી. અસ્પૃશ્યતાનિવારણ વિના હિંદુ ધર્મ કલ્પી શકાતો નથી.** જો તેનો નાશ થાય તો આ જ્ઞાનયુગના અવસરે અહીં જ્યારે એકબીજાના ધર્મનું ઘર્ષણ ને મુકાબલા થાય છે તેવે સમયે કોઈ પણ ધર્મ કે જેમાં મહાદૂષણ હોય કે મૂળ ખરાબ હોય તે ટકી શકતો નથી. હિંદુ ધર્મનું મૂળ ખરાબ હોય તો તેનો મેં ત્યાગ કર્યો હોત. હિંદુ કુળમાં જન્મેલો છું તેથી સંતોષ નથી. બાપના કૂવામાં તરી શકવામાં પુરુષાર્થ હોય પણ ડૂબી જવામાં નથી. હિંદુ ધર્મ સારો છે, પણ તેની સાથે અસ્પૃશ્યતા કલંકરૂપ છે. હિંદુ ધર્મમાં જો અસ્પૃશ્યતાની જડતા હોતો તો તેનો જરૂર નાશ થયો હોત. હિંદુ ધર્મમાં જડતા હોય તો તેનું નિવારણ કરવા બલિદાન આપવું જોઈએ. **આ સંસ્થાની સાથે છગનભાઈનો સંબંધ હોય છતાં તેમાં સમાજના દાબને લીધે અસ્પૃશ્યતાને સહન કરવું પડતું હોય. કડવા પાટીદાર કોમનું શ્રેય છે તેની મારફતે હિંદુ ધર્મ અને બધાનુંયે શ્રેય છે. એક કોમના ભલામાં બધાનું ભલું છે એમ સમજી તે અભિમાનનું અંગ છે એમ માનવું જોઈએ. કોઈ પણ મનુષ્ય અસ્પૃશ્ય છે એમ માની કડવા પાટીદાર કોમની સેવા નથી કરી શકવાના.** બાળલગ્ન અને અસ્પૃશ્યતાનો મુકાબલો કરું તો બાળલગ્નની વાત છોડી દઉં. બાળલગ્ન તો મોટા કહેવાઈ ગયેલા પાટીદારોમાં ચાલે. આખા હિંદુસ્તાનમાં બાળલગ્ન નથી. જો તેમ હોત

તો સમાજનો નાશ થઈ ગયો હતો. તેના માટે ધીરજ રાખી શકાય, પણ અસ્પૃશ્યતા તો એક ક્ષણને સારુ પણ સહન ન જ કરી શકાય. લોકોએ પોતાનો નિર્ણય જાહેર કરવો જોઈએ કે લાયક અંત્યજ લીધા વિના ચાલે તેમ નથી. સાથે સાથે કાંતવાની પણ સલાહ આપવી જોઈએ. કાંતવામાં પ્રોત્સાહન આપવું એટલું જ નહીં પણ ચાંપ મૂકવી જોઈએ. અમારા છોકરાઓ પાસેથી ઘરેણાં શણગાર કઢાવી લ્યો અને કાંતવાનું શીખવો. બાળકોને સંસ્કાર પાડવામાં જોર કરો.

## મહાસભાનો હળવો ને સુંદર કાર્યક્રમ

રાષ્ટ્રીય ભાવના પોષવા ઇચ્છો તો તમારે હિંદીને સ્થાન આપવું જોઈએ. તે ભાષા શીખી શકાય એવી છે. તે ભાષા કામ નભાવી શકે છે ને ચલાવી શકે પણ છે. મહાસભાનો કાર્યક્રમ હળવો અને સુંદર પણ વ્યાપક છે. દેશમાં રહેનારને આવકારદાયક વધાવી લેવા જેવો તે હિસ્સો આપી શકે તેવો છે. તેનો કાર્યક્રમ તે ખાદીપ્રચાર અને વિદેશીનો બહિષ્કાર. પરદેશીનો ધાગો પણ કાઢી નાખી ખાદી રાખવી જોઈએ. અહીં ખાદી વેચાય છે, પણ તે પૂરી પાડી શકાય નહીં. ખાદીનું શાસ્ત્ર નથી કે એક જ ઠેકાણે પેદા થઈ બધાને મળી શકે. તમે તૈયાર કરો, કાંતો અને પહેરો. સહેજે સહેજે તમારાં કાર્યોમાં પણ કાંતો તો હિંદુસ્તાનનું દ્રવ્ય ઉત્પન્ન કર્યું કહેવાય. ઝીણાં કપડાં પહેરવાં હોય તો ઝીણું કાંતો, પણ તમારે વિદેશીના બહિષ્કારમાં પૂરેપૂરો ભોગ આપવો જોઈએ.

## વડોદરા રાજ્યમાં મદ્યપાન

આ સ્ટેટમાં શરાબ-મદ્યપાનની ઊપજ મોટી છે. એ ઊપજમાંથી સુખી નથી થવું. ગમે તે કારણ હોય પણ પીઠાવાળા, પીનાર ને સરકાર પાસે પહોંચી તેનું આંદોલન કરવું જોઈએ. પ્રેમપૂર્વક તમે પણ છોડી દેવાને કહી શકો છો. પીઠું ચલાવનારને સમજાવી શકો છો. પીનારા જીવનને બરબાદ કરે છે. તે સ્ત્રી અને બહેન વચ્ચેનો ભેદ ભૂલી જાય છે. તે ભેદ બાળક પણ સમજી શકે છે.

## સાચું ગોપાલન

આજકાલ આપણે ગાયનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરી રહ્યા છીએ. હિંદુસ્તાનમાંથી આપણા હિંદુને પ્રતાપે ઘણી ગાયો ઑસ્ટ્રેલિયા જાય છે તેનું કારણ એ છે કે ત્યાં કરોડો રૂપિયાનું ગોમાંસ પેદા થાય છે. તેમાંથી તેનું સત્ત્વ કાઢે છે. જો તે વર્ણન હું કરું તો તમને રડાવી શકું એમ છું. ત્યાં તો ગાયોનો સંહાર થયા કરે છે. તેટલો સંહાર મુસલમાન ભાઈઓ બકરીઈદને દહાડે પણ નથી કરતા. ગુજરાતમાંથી ને કાઠિયાવાડમાંથી ગાયોનો મોટો ભાગ જાય છે. તે પાપ સીધી રીતે કરીએ છીએ. પૂજવાને ઘર આગળ ગાય બાંધી તેનું નામ ગોપાલન નહીં. ભેંસમાતાને જિવાડવી હોય તો ગાયનો વધ કરવો પડશે. જો ગાય જિવાડવી હોય તો ભેંસનો ત્યાગ કરવો જોઈએ. તેનો ઉપયોગ કોઈ કરતું નથી. જેણે ભેંસને દૂધ માટે શોધી કાઢી તેણે ગાયોનો વધ કરાવ્યો છે. કોઈ કહે છે કે ઊંટડીનું દૂધ કામનું છે ને તે ઘણી ઉપયોગી છે તો બંનેનો વધ કરીએ. ભેંસથી હળ નથી ચલાવવાના. પાડાનો ઉપયોગ કોંકણમાં થઈ શકે છે. ગાયનો ને તેનાં વાછરડાંનો ઉપયોગ થઈ શકે છે. ગાયનાં બધાં તત્ત્વોનો ઉપયોગ થાય છે તેટલો ભેંસનો થતો નથી, એ વૈદકશાસ્ત્ર પણ બતાવી શકે છે. હું એટલું જ કહેવા ઇચ્છું છું કે ગોરક્ષા કરવી એ પરમધર્મ છે. આપણે પોતે ગોરક્ષા કરીએ તો રક્ષા તેની મેળે થઈ જશે. હિંદુ આખા જગતમાં ગાયનો ઉદ્ધાર કરી શકે. આપણે સ્વાર્થમાં ડૂબેલા છીએ તેથી આંખ આડા કાન કરીએ તો તેને બચાવીએ. ચામડાને અસ્પૃશ્ય ગણીને અંત્યજોને ગોમાંસ ખાતા કરીએ છીએ. હાડકાંનું ખાતર ખોઈ બેઠા. મફત આપે તો બધાય ખેડૂતો વાપરે. હિંદમાં ક્યાંયે એક પણ ચર્માલય ચાલતું નથી કે જ્યાં કેવળ મૃત ગાયનું જ ચામડું વપરાતું હોય. તે તો હું જ ચલાવી રહ્યો છું. આ ધંધાને હાથ કરવામાં હું આશ્રમમાં ખાસ એક માણસ રોકી તે ધંધો હાથ કરી રહ્યો છું. ગાયને બચાવવી હોય તો ખસી કરી તેનો વંશ વધારવો જોઈએ. ગાયની પાસેથી આપણે જો ઓલાદ સારી હોય તો ઓછામાં ઓછું ૨૦ શેર દૂધ મેળવી શકીએ. બેંગલોરમાં ૮૦ રતલ દૂધ આપે એવી ગાય મેં જોઈ છે. પણ તેને ખાણ પૂરતું મળે છે. ૮૦ રતલ દૂધ તો કોઈ ભેંસ નહીં આપતી હોય. અહીંયાં ગાય પાસેથી ૨૦ રતલ દૂધ લેવાને પહેલાં પાંચ-છ વર્ષ તો ચાલ્યાં જાય. આખલા આણી તેનો પ્રચાર કરવો જોઈએ. તે તો સ્ટેટનું પણ કાર્ય છે. [મૂળ ગુજરાતી]

*પ્રજાબંધુ*, ૨૮-૭-૧૯૨૯

**(સૌજન્ય : ગાંધીજીનો અક્ષરદેહ : મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ, ભાગ ૪૧ : જૂનથી ઑક્ટોબર, ૧૯૨૯, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૭૭, પૃ. ૨૧૨-૨૧૫માંથી સાભાર)**

# ટૉલ્સ્ટૉયનો એક હિન્દુસ્તાનીને પત્ર

મોહનલાલ પટેલ

રશિયામાં ઝાર શાસન દરમિયાન સરકાર તરફથી થતા અત્યાચાર અને સામૂહિક દેહાંતદંડની રીતથી હલી ઊઠેલા ટૉલ્સ્ટૉયે ૩૪ દિવસનો શ્રમ લઈને એક લેખ લખ્યો - 'હું ચૂપ નહીં રહી શકું !' આ લેખથી જગતના બધા દેશોએ એક જબરદસ્ત આંચકો અનુભવ્યો. આ લેખના કેટલાક અંશો રશિયામાં અનેક વર્તમાનપત્રોમાં પ્રગટ થયા. જે વર્તમાનપત્રોએ એ અંશો પ્રગટ કર્યા એ સૌ સરકારી દંડનો ભોગ બન્યાં. સેવસ્ટોપોલ નામના દૈનિકે તો એ લેખ છાપીને વર્તમાનપત્રની પ્રતો શહેરની દીવાલો પર ઠેર-ઠેર ચોંટાડી. તુલામાં એ આખો લેખ એક ભૂગર્ભ પ્રેસમાં છપાયો અને એની ઘણી પ્રતોમાં એ લેખનો જર્મન ભાષામાં અનુવાદ છપાયો. આ લેખને જગતના ઘણા દેશોમાં ભારે પ્રસિદ્ધિ મળી એટલું જ નહીં, પણ એ અનેક દેશોમાં સરકાર તરફથી થઈ રહેલા અન્યાયો અને અત્યાચારો ઉપર આવા ધારદાર લેખો લખવા માટે ટૉલ્સ્ટૉયને વિનંતીઓ થવા લાગી.

ટૉલ્સ્ટૉય એ લેખના ત્વરિત પ્રત્યાઘાતરૂપે અમેરિકામાં વસતા તારકનાથ દાસ નામના એક ભારતીય ક્રાન્તિકારીએ ૨૪મી મે ૧૯૦૮ના રોજ ટૉલ્સ્ટૉય પર એક પત્ર લખ્યો હતો. જેમાંના કેટલાક અંશ આ પ્રમાણે હતા :

"અલબત્ત, રશિયાની પ્રજા ઉપર ખૂબ દમન અને અત્યાચાર ગુજારવામાં આવ્યા છે. પણ ભારતની પ્રજા પર બ્રિટિશ શાસન દ્વારા ગુજારવામાં આવતા સિતમ સાથે એની તુલના કરવામાં આવે તો રશિયાની પ્રજા સૌથી વધારે દલિત અને પીડિત છે એમ નહીં કહી શકાય. જગતના ઇતિહાસનું તમને બહોળું જ્ઞાન છે એટલે અમારી પ્રજા પર કેવું દમન ગુજારવામાં આવે છે એ તમારાથી અજાણ્યું ન હોય એ દેખીતું છે."

"સર વિલિયમ ડિગ્લેના, "Prosperous British India" નામના પુસ્તકના લેખકે આંકડા દ્વારા સ્પષ્ટપણે પુરવાર કર્યું છે કે ઈ. સ. ૧૮૯૧થી ૧૯૦૦ સુધીના દસ વર્ષના ગાળામાં ભારતમાં માત્ર દુષ્કાળથી એક કરોડ નેવું લાખ માણસોએ જાન ગુમાવ્યા છે. જ્યારે આખા જગતમાં ઈ. સ. ૧૭૯૩થી ૧૯૦૦ સુધી એટલે કે ૧૦૭ વર્ષ દરમિયાન થયેલાં યુદ્ધોમાં માનવખુવારી માત્ર પચાસ લાખની થઈ છે. તમે યુદ્ધને ધિક્કારો છો. પણ હિન્દુસ્તાનમાં તો યુદ્ધ કરતાં દુષ્કાળ બદતર સિદ્ધ થયા છે."

"ભારતમાં દુષ્કાળની વાત જુદી છે. ભારતમાં દુષ્કાળ અનાજ ઉત્પાદનની કમીને કારણે અનુભવાતા નથી. અહીંના માણસ છતે અનાજે અનાજ વગર ભૂખે મરી જાય છે. એની પાછળ બ્રિટિશ સરકાર જવાબદાર છે. સરકારી નીતિના કારણે અહીં પાકેલું અનાજ બીજે ઘસડાય છે અને ગરીબીના કારણે મોટા ભાગના લોકો અનાજ ખરીદી શકતા નથી અને ભૂખે મરે છે. હિન્દુસ્તાનનો માનવી ભૂખે મરતો હોય ત્યારે બ્રિટિશ વેપારીઓ દ્વારા હજારો ટન ચોખા અને અનાજની નિકાસ કરવામાં આવે એ હકીકત આઘાતજનક નથી ?"

"હિન્દુસ્તાનના બ્રિટિશશાસનમાં માનવતાનો નાશ ચરમસીમાએ પહોંચ્યો છે. ભારતમાં બ્રિટિશ નીતિ ખ્રિસ્તી સભ્યતા માટે ખતરનાક સિદ્ધ થઈ છે."

"તમે રશિયા બાબતે પુસ્તકો લખીને મહાન કાર્ય કર્યું છે. અમારી તમને વિનંતી છે કે જો તમે થોડો સમય ફાળવી શકો તો હિન્દુસ્તાન વિશે લેખ લખીને હિન્દુસ્તાન વિશેનાં તમારાં મંતવ્યો વ્યક્ત કરો."

ટૉલ્સ્ટૉયના પેલા લેખના પ્રતિભાવરૂપે કેનેડામાં સ્થાયી થયેલા એક ભારતીય અધ્યાપક જી. ડી. કુમારનો પત્ર પણ ટૉલ્સ્ટૉયને મળ્યો હતો. એ પત્રમાં કુમારે પણ હિન્દુસ્તાનની પરિસ્થિતિ પર વિતરણ કરતો લેખ લખવા અનુરોધ કર્યો હતો.

ટૉલ્સ્ટૉયે તારકનાથ દાસના પત્રનો એક લેખરૂપે

જવાબ આપવામાં ઘણો વિલંબ કર્યો પણ એમણે ભારતના રાજકારણને અનુલક્ષીને લેખ લખવાની તૈયારીઓ તો શરૂ કરી દીધી જ હતી. એમણે એ લેખ માટે કરેલી નોંધો અને હાથે લખેલા તેમ જ ટાઇપ કરેલા ડ્રાફ્ટ (મુસદ્દા) વગેરેની સામગ્રીના ૪૧૩ પાનાં થયાં હતાં. (આ સામગ્રી યાસ્નાયા પોલ્યાનાની લાઇબ્રેરીમાં સાચવી રાખવામાં આવી છે.) ઠીક ઠીક શ્રમ અને સમય પછી ટૉલ્સ્ટૉયે આ લેખ તૈયાર કર્યો અને એને શીર્ષક આપ્યું. 'એક હિન્દુસ્તાનીને પત્ર' (Letter to an Indian). આ પત્ર પ્રગટ થતાં જ ભારતમાં બ્રિટિશ શાસકોએ એના પર પ્રતિબંધ મૂકી દીધો.

ટૉલ્સ્ટૉય વિચક્ષણ દૃષ્ટિવાળા પુરુષ હતા. જે કોઈ દેશના રાજકીય પ્રવાહો અંગે પોતાનું મંતવ્ય જે-તે દેશકાળના સંજોગો, પ્રજા અને સરકારને બરાબર જાણી-સમજીને જણાવતા. પોલેન્ડની એક સ્ત્રીએ એના દેશવાસીઓ પર જર્મન શાસકોના દમનની વાત લખી ત્યારે એમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે પોલેન્ડની ધરતી પર દમન વેઠતા પોલેન્ડના લોકો જેટલા સહાનુભૂતિને પાત્ર છે એટલા જ સહાનુભૂતિને પાત્ર દમન કરનારા જર્મન લોકો પણ છે, કારણ કે પોલ લોકો જર્મનોને નિર્દય બનીને ધિક્કારી રહ્યા છે.

ભારતની બાબતમાં એમણે વળી સાવ જુદી જ રીતે વાત કરી હતી. એમણે ભારતવાસીઓનો દોષ જરૂર જોયો હતો. પણ એ દોષ સાવ જુદા પ્રકારનો હતો. એમની નજરે એ દોષ હોવા છતાં ક્ષમ્ય અને સહાનુભૂતિપ્રેરક હતો. એમણે લખ્યું, હિન્દુસ્તાનના લોકોની જનસંખ્યા ૨૦ કરોડ છે અને શાસકવર્ગ મુઠ્ઠીભર માણસનો છે. વળી, હિન્દુસ્તાનીઓની નૈતિક તાકાત બ્રિટિશરો કરતાં ઘણી ઊંચી છે. અન્ય ઘણી બાબતોમાં બ્રિટનના લોકો કરતાં હિન્દુસ્તાનના લોકો ચઢિયાતા છે. છતાં હિન્દુસ્તાન ગુલામ હોય તો એમાં દોષ હિન્દુસ્તાનનો જ છે. હિન્દુસ્તાનની પ્રજાએ હુકમો ઉઠાવી ઉઠાવીને તાબેદારી પકડી રાખી છે. ગુલામીમાંથી મુક્ત થવાના માર્ગો સૂચવતાં ટૉલ્સ્ટૉયે સૌ પ્રથમ અહિંસા પર ભાર મૂકતાં કહ્યું હતું, હિંસાના માર્ગે કોઈ પ્રજા સ્વતંત્ર થઈ શકે નહીં. એ પછી એમણે હિન્દુસ્તાનવાસીઓને સલાહ આપી હતી – કરવેરા ન ભરો, લશ્કરમાં ન જોડાઓ. જો હિન્દુસ્તાનના લોકો આ માર્ગ અખત્યાર કરે તો જગતની કોઈ સત્તા એમને ગુલામીમાં જકડી નહીં રાખી શકે. એમણે કહ્યું, અનિષ્ટનો મુકાબલો ભલે ન કરો પણ એમાં ભાગીદાર તો ન જ બનો.

ટૉલ્સ્ટૉયે નાગરિક કાનૂનભંગની એક રૂપરેખા તૈયાર કરી આપીને ભારતને મદદરૂપ થવા પ્રયાસ કર્યો હતો. જે આપણે લડતના એક ભાગરૂપે સવિનય કાનૂનભંગમાં જોઈ શકીએ છીએ. ટૉલ્સ્ટૉયે શ્રદ્ધા પ્રગટ કરી હતી કે ભારતની એકતા સાબૂત છે જે ગુલામીની ધૂંસરી ફગાવી દેવામાં મહત્ત્વનો ભાગ ભજવી શકે એમ છે...

ટૉલ્સ્ટૉયનો આ પત્ર પ્રગટ થયા પછી દક્ષિણ આફ્રિકાથી પ્રતિભાવ આપતાં ગાંધીજીએ ટૉલ્સ્ટૉયને લખ્યું હતું : ''લગભગ છેલ્લાં ત્રણ વર્ષથી દક્ષિણ આફ્રિકાના ટ્રાન્સવાલમાં શું ચાલી રહ્યું છે એના તરફ આપનું ધ્યાન ખેંચવાની રજા લઉં છું. આ બ્રિટિશ સંસ્થાનમાં લગભગ ૧૩૦૦૦ બ્રિટિશ ભારતીઓ વસે છે. આ પ્રજા ઘણાં વર્ષોથી કેટલાંક કાનૂની બંધનો હેઠળ, કેટલાક હકોથી વંચિત રહીને અહીં મથામણભર્યું જીવન ગાળે છે. આ રાજ્યમાં રંગભેદના તીવ્ર પૂર્વગ્રહો પ્રવર્તે છે. વળી, એશિયાવાસીઓ તરફની નફરત અહીં ઘણી છે. એશિયાની પ્રજા ગોરી પ્રજાની ભારે ઈર્ષ્યાનો ભોગ બનતી રહી છે.''

આ પછી તો ગાંધીજીએ ટૉલ્સ્ટૉયને ઘણા પત્રો લખ્યા હતા. એમણે પોતે લખેલી 'ઇન્ડિયન હોમરૂલ' પુસ્તિકા પણ ટૉલ્સ્ટૉયને મોકલી હતી. (જે યાસ્નાયા પોલ્યાનાની લાઇબ્રેરીમાં સાચવી રાખવામાં આવી છે.) ગાંધીજીએ પુરોવચન સાથે પેલો ભારતીય ઉપરનો પત્ર પણ પ્રગટ કર્યો હતો. ગાંધીજી ટૉલ્સ્ટૉયની વિચારસરણીથી ઘણા પ્રભાવિત હતા અને એમણે એમાંથી ઘણી પ્રેરણા લઈને પોતાની કાર્યપદ્ધતિ પ્રયોજી હતી એ સુવિદિત છે.

'એક હિન્દુસ્તાનીને પત્ર' એ આપણી સ્વતંત્રતા માટેની લડત માટે ઘણો પ્રેરક અને ઉપયોગી સિદ્ધ થયો હતો એ કહેવાની ભાગ્યે જરૂર હોય.

**મોહનલાલ પટેલ**
૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૫ મો. ૯૯૦૪૪૮૦૫૨૨

# નહીં લખાયેલી આત્મકથાનું પાનું

**ઉમાશંકર જોશી**

થોડા દિવસ પહેલાં દિલ્હીથી અમદાવાદ આવતું સવારનું વિમાન ઉદેપુર અટકી ગયું. મારે અહીં યુનિવર્સિટીની મિટિંગ હતી. ઉતારુઓને મોટરથી અમદાવાદ પહોંચાડવાની વ્યવસ્થા થઈ. ચાલુ મિટિંગે હું પહોંચ્યો પણ ખરો. માર મોટરે અમે અમદાવાદ આવી રહ્યા હતા ત્યારે મારા મનની સ્થિતિ જુદી જ હતી. મારા જન્મસ્થાનનો એ પ્રદેશ. અરવલ્લીના આડાઅવળા પથરાયેલા ગિરિઓ વચ્ચેથી આવવાનું હતું. વર્ષા ઋતુમાં કેટલાક પહાડો મખમલમઢ્યા ચળકતા હતા, તો કેટલાક ગીચ ઝાડીથી નીલરંગી શોભતા હતા. સાગનાં સીધાં ઊંચાં વૃક્ષો પુષ્પોની કલગીઓ ડોલાવતાં ઊભાં હતાં. ત્યાં આવ્યું શામળાજી. એ તો બાળપણનું અમારું કાશ્મીર. કાશ્મીર હજી મેં જોયું નથી, પણ બાળપણમાં સૌંદર્યધામ શામળાજી પાસેથી ઘણુંઘણું મળ્યું છે. એ વખતનું કમળભરેલું કરમા તળાવ અત્યારે તો ખેતર બન્યું છે. પણ બીજા એક નવા વિશાળ સરોવરનું નિર્માણ થયું છે.

એ પ્રદેશ અને ઋતુ. મારું ચાલે તો એ ડુંગરાળ રસ્તાઓ પર ચાલતાં ચાલતાં આગળ વધું. અસંખ્ય વાર ચાલ્યો છું. પરોઢિયે ગામથી નીકળીએ, સાંજની ગાડી પકડી રાતે નવે અમદાવાદ ભેગા થઈએ. એ જમાનામાં અમદાવાદની અપેક્ષાએ અમારો પ્રદેશ અંદામાન જેવો દૂર અને પછાત લાગતો. ડુંગરો અને જંગલોથી વીંટળાયેલા ગામડામાંથી આવતા મારા જેવાને અમદાવાદ શહેર પણ મોટા જંગલ જેવું ભાસતું. મારા અનુભવ ઉપરથી વિચાર કરું છું કે તે પછીના દસકાઓમાં ગામડામાંથી આવતા મારા જેવા અનેક નવતરુણોની ચેતનાએ અમદાવાદનો કેવી રીતે સ્વીકાર કર્યો હશે ? અમદાવાદ જેવા મહાનગર સાથે એમની ઊઘડતી વ્યક્તિચેતના કેવી રીતે કામ પાડતી હશે ?

હું મારી વાત કરું ?

પ્રથમ વાર પિતાજી લઈ આવેલા. અમે એટલા બધા અતિથિઓ હતા કે ખાનપુર દરવાજેથી સાબરમતીમાં બપોરે નાહવા ગયેલા એવું સ્મરણ છે. બીજી વાર આવ્યો શાળાન્ત પરીક્ષા આપવા. એ પરીક્ષા આપેલી હોય તો જે ગામડામાં પોસ્ટ ઑફિસ હોય ત્યાં શિક્ષકની નોકરી મળે એ ખ્યાલે. પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં પરીક્ષા આપવાની હતી. બપોરના વિરામ વખતે વિક્ટોરિયા ગાર્ડન તરફ જતો.

અમદાવાદની પ્રથમ છાપ હજી ચિત્તપટ ઉપરથી ખસી નથી. રસ્તાઓ પર લોકોની ભારે અવરજવર, રાહદારીઓને ટ્રનટ્રન અવાજથી ચેતવતી એ વખતની ઘોડાગાડીઓ, બરફની મોટીમોટી શિલાઓ. કાપેલાં લાલલાલ તડબૂચ પર બણબણતી માખો, ગટરોની હાડકાંના મજ્જારસ સુધી પ્રવેશી જતી દુર્ગંધ, ફ્રૉક પહેરેલી છોકરીઓ, સુંદર સુઘડ વેશભૂષામાં સજ્જ સ્ત્રીઓ, વહેલે પરોઢિયે એકમેકની હરીફાઈએ ચઢ્યા હોય તેમ વાગ્યે જતા મિલના પાવાઓ, – આ બધું ખૂબ નવું નવું લાગતું.

ત્રીજી વાર આવ્યો તે મૅટ્રિકવર્ગમાં દાખલ થવા, મોટા ભાઈ સાથે.

જ્ઞાતિના એક છાત્રાલયમાં અમે બંને ભાઈ રહેતા. એક પોળમાં ત્રીજે માળે ત્રણ ઓરડીઓ હતી. દાદર અમારી ઓરડીમાં એટલે અવરજવર, ગપાટા, બધું આખો વખત ચાલે. નેતાઓ વધારે હતા, એટલે દાદર કોઈ વાળે નહીં. કોઈ કોઈ વાર અમે બે-ત્રણ જણા વાળતા. જાજરૂ એક ફર્લાંગ દૂર રસોડું હતું ત્યાં એટલે બધા જાહેર મુતરડીનો ઉપયોગ કરતા. પીવાના પાણીની વ્યવસ્થા છાત્રો કરી શકત, પણ કરે તો ને ? ૧૯૨૭ની સાલમાં અતિવૃષ્ટિ થઈ. રાતે સૂતા હોઈએ અને આસપાસ મકાનોના પડવાનો અવાજ સંભળાય. અમારું મકાન પણ એ... પડ્યું એ... પડ્યું એવી ધાસ્તી સાથે અમે વીસેક જીવો જાગતા–ઊંઘતા, ઊંઘતા–જાગતા પડી

રહેતા.

ખાવાનું મહિને પાંચ રૂપિયામાં મળી શકે એવું હતું. દૂધ પીરસવાના પાત્રમાં એટલા બધા ગોબા હતા કે એને ઊંધું કરીને ભરવાથી કદાચ એમાં વધુ પ્રવાહી સમાય.

સહછાત્રોની સલાહથી દરિયાપુર એ. જી. ચેરિટીઝમાં અરજી કરવાથી મને શાળાની અડધી ફીની ત્રણેક રૂપિયાની મદદ મળી હતી. દર મહિને તે લેવા હું જતો ત્યારે એમ લાગતું કે જાણે રસ્તે બંને બાજુ લોકો ઊભા છે અને મને જતો જોઈ રહ્યા છે. વરસો પછી એ ચેરિટીઝના છાત્રાલયમાં એક તેજસ્વી વિદ્યાર્થી મને વાર્તાલાપ માટે તેડી ગયો ત્યારે એમની આગળ આ વાત મેં કરી હતી અને દાનની મદદથી ભણતા એ સૌ વિદ્યાર્થીભાઈઓને વિનંતી કરી હતી કે તમે જરીકે તેજોભંગ અનુભવશો નહીં. બીજા વિદ્યાર્થીઓને એમનાં માવતર પોષે છે. તે પણ પોતે તો નિરાધાર છે. તમને સમાજ પોષે છે એમાં શો વાંધો છે ? માત્ર જે મદદ અત્યારે તમે પામો છો તે સમાજ ખાતે, ભારતમાતા ખાતે જમા કરજો અને આગળ જતાં ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ભરપાઈ કરજો. પછી તમારો તેજોવધ થવાનું જરીકે કારણ રહેશે નહીં.

મેં શાળા મોટા ભાઈ જતા તે કરતાં જુદી પસંદ કરેલી – પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ. એના હેડમાસ્તર દીવાનસાહેબ અને પ્રિન્સિપાલ બલુભાઈ. અજબ શિક્ષકબેલડી. પંદર દિવસની અંદર બલુભાઈએ મને ઑફિસમાં મળવા બોલાવ્યો. શી રીતે બોલાવ્યો હશે, મને ખબર પડી નથી. મને કહે, તારે કાંઈ પણ મુશ્કેલી હોય, મદદની જરૂર હોય, તો મને કહેજે. પછી પૂછીપૂછીને બધી વીગતો જાણી લીધી. બાકીની અડધી ફી એમને ઘેર જઈને મારે લઈ આવવી એમ એમણે જણાવ્યું. જોરથી ચાલતા પંખા નીચે ઉઘાડે ડિલે એ બેઠા હોય. સ્ફૂર્તિથી ઊઠે, ચીપીચીપીને ગણીને રૂપિયા હાથમાં મૂકે. એમની આ રીત બહુ વિચારપૂર્વકની હતી, પેલા વિદ્યાર્થી સાથે એમનો સીધો સંપર્ક આ રીતે રહેતો અને વર્ગમાં બીજા સૌ વિદ્યાર્થીઓની જેમ જ એ ફી આપી શકતો.

પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ દરિયા જેવી લાગતી. હું ચોથા–ડી–વર્ગમાં હતો. મનમાં હું બરોબર સમજતો કે ઈડરના નવ વિદ્યાર્થીના નાનકડા વર્ગનો હું પહેલો નંબર. પણ અહીં તો એવા કેટલીયે શાળાઓના પહેલા નંબરો હશે. છમાસિક પરીક્ષાએ મને ઉઘાડો પાડ્યો. ગણિતમાં દોઢસોમાંથી ૯૫ ગુણ સૌથી વધુ હતા. કોના છે, શોધાશોધ થઈ. ડી–વર્ગમાં કોઈના છે એમ વાત આવી. મારા નીકળ્યા. વિદ્યાર્થીઓ કે શિક્ષકો કોઈ માની ન શક્યા. ભૂગોળના શિક્ષકે નામ કહ્યું, મને જોઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું. પણ વાંક એ અમારા શિક્ષકોનો હતો. ગણિતના શિક્ષક આળસુના પીર, પાટિયા પાસે જઈ અક્ષર માંડતાં એમને કષ્ટ પડે, પણ ધીમે ધીમે એક પછી એક પગથિયાં બોલતા જાય. ગણિત જેવા કઠિન ગણાતા વિષયનું એટલું સ્પષ્ટ સુરેખ નિરૂપણ મેં જોયું નથી. એ આખા વરસમાં ગણિતની ચોપડીઓને મેં હાથ અડાડ્યો નથી, એમની સિદ્ધાંતો સમજાવવાની રીત જ મારે માટે બસ હતી. ભૂગોળના વિદ્વાન પાટિયા પર લીટીઓથી ચોરસ પાડી એશિયાનો વિશાળ નકશો કેમ દોરવો તે સુંદર રીતે સમજાવે. વિષયમાં લીન થઈને શીખવે. મારું પરિણામ એ શિક્ષકોની શીખવવાની રીતને આભારી હતું.

વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી થઈ ત્યારે દીવાનસાહેબે ડી–વર્ગનો વારો આવતાં કહ્યું. ડી-માંથી અમુક વિદ્યાર્થી. દરેક વિષયમાં નહીં, પણ વિષયના બંને વિભાગમાં પણ એ પહેલો છે. બધાએ ઊભા થવા પોકારો કર્યા. જમીન માગ આપે તો સારું એમ મને થયાં કરે.

મૅટ્રિકની પરીક્ષાને આગલે દિવસે દીવાનસાહેબે આશીર્વાદ આપ્યા; તું જો માંદો નહીં પડે તો આખી મુંબઈ યુનિવર્સિટીમાં નહીં તો કેન્દ્રમાં તો પહેલો અવશ્ય હોઈશ.

કેન્દ્રમાં હું પહેલો આવ્યો પણ ખરો, એકબે વિષયમાં મારી શાળાના વિદ્યાર્થીઓના જ મારાથી વધુ ગુણ હતા. એ વરસે મુંબઈ યુનિવર્સિટીમાં અમદાવાદના પાંચેક વિદ્યાર્થીઓ પહેલા દસની અંદર હતા. મેં મિત્રને કહેલું કે ઊંચો નંબર આવશે. આત્મવિશ્વાસમાં ઊણપ ન હતી. પણ સાથે મૂંઝવણની–સંકોચની લાગણી પણ ઘણી. નોધારા થવાની, એકસ્પોઝ થવાની મને ભારે અમૂંઝણ. હું આર્થિક ચિંતા વગર આગળ ભણી શકું એટલા ખાતર આટલા બધા સારા વિદ્યાર્થીઓ વચ્ચે ઊંચો નંબર મળ્યો એમ હું અર્થ ઘટાવતો.

આ વરસમાં કવિતાની લગની ઉપર તો લગામ

જ લગાવી દીધી હતી. અમદાવાદની ન્યૂ હાઈસ્કૂલના બે વિદ્યાર્થીઓએ કરેલા અંગ્રેજી પાઠ્યપુસ્તકમાંનાં કાવ્યોના ગુજરાતી પદ્ય-અનુવાદની પુસ્તિકા મેં જોઈ ત્યારે મારા કવિ થવાના કોડની શીય દશા થઈ ! હું તો હજી એ અંગ્રેજી કાવ્યોના કેફમાંથી જાગ્યો ન હતો.

કૉલેજનાં બે વરસ અંગે એટલું જ કહેવું છે કે કૉલેજમાં પ્રવેશતાં જ મારો રસનો વિષય બદલાઈ ગયો. ભણવું એ મારો રસનો વિષય કદાચ ન હતો. સાહિત્યકળા અને મુક્ત જીવન એનું ચુંબકત્વ મુખ્ય હતું. એ બંને વસ્તુની તાલીમ તે સમયના વાતાવરણમાંથી મબલક મળે એમ હતી.

મને એવું જણાયું છે કે મૅટ્રિક સુધી સારી રીતે આગળ રહેનારામાંથી કેટલાક કૉલેજમાં એ જ રીતે ટકી રહેતા નથી અને કેટલાક પાછળ હોય છે તેવાઓ આગળ આવી શકે છે. મારી બીજી શક્તિઓ પાંગરતી હતી, પણ મારો એવો અંદાજ છે કે કૉલેજનાં વરસોમાં અભ્યાસમાં હું આગળ રહી શકું એવું હતું નહીં. એને માટેની શિસ્તબદ્ધતા કેળવવાને બદલે હું શબ્દકળા અને બૃહત જીવનના ગગનમાં પાંખો ફફડાવવા કરતો હતો. અભ્યાસવૃત્તિ મેં ભણી ઊતર્યા પછી ધીમે ધીમે કંઈક ખેડી છે.

સાયમન કમિશન ઊતર્યું તે દિવસે અમે કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષામાં ન બેઠા અને ફરી પરીક્ષા લેવાઈ તેનો પણ બહિષ્કાર કર્યો અને દેશજાણીતી મોટી હડતાલ પડી. ૧૯૨૯–૩૦નું આખું વરસ તો રાષ્ટ્રીય આંદોલનોની અનેક ઉત્તેજનાઓમાં પસાર થયું. લડત આવે છે એ તૈયારીમાં રોજ નદીમાં જઈ સવારસાંજ એકેક કલાક તરતો. દાંડીકૂચનો દિવસ આવ્યો, આગલી રાતે અમે કેટલાક મિત્રો આશ્રમદ્વાર આગળ જાગરણ કરતા રહ્યા. એક મિત્રે કહ્યું : હજી તું પરીક્ષા આપીશ ? દાંડીના દરિયાકિનારે પહોંચીને ગાંધીજી સત્યાગ્રહ કરે તે પહેલાં મારી પરીક્ષા હતી. મેં કહ્યું : કૂચમાં દાખલ કરતા હોય તો હમણાં છોડી દઉં. પરીક્ષા આપતાં આપતાં રણશિંગું સંભળાશે તો વચ્ચેથી ઊઠી જઈ સેનામાં દાખલ થઈશ. સત્યાગ્રહી સૈનિક તરીકે નામ નોંધાવ્યું.

એક મુશ્કેલી મોટી હતી. ઘરનાં લોકોની અનુમતિની. ગામડેથી એક વડીલ ભાઈ આવ્યા. પરસ્પરને અમે સમજાવી ન શક્યા. પિતાજી આવ્યા. એમની આજ્ઞા ઉલ્લંઘવાનું મન ન થાય એવા પ્રેમ અને આદરનું એ ભાજન હતા. સાંજે એમને આશ્રમ–વિદ્યાપીઠ જોવા લઈ ગયો. રસ્તામાં આચાર્ય કૃપાલાનીજીનાં દર્શન થયાં. તેઓ બે દિવસ રહ્યા. એક શબ્દ પણ ન બોલ્યા. બીજે દિવસે સાંજે કહે : કાલે સવારે હું જઈશ. તારે સત્યાગ્રહમાં જોડાવું જ છે ? મારી ઇચ્છા છે એ જાણ્યા પછી કહે : તો કાલે મારી સાથે ચાલ, તારી બાને મળવા. મેં જરી સંકોચથી કહ્યું : તો સહેજ મુશ્કેલી નહીં થાય પાછા આવવામાં ? મહાનુભાવ પિતાજીએ કહ્યું : તું પાછો આવી શકે એ મારે જોવાનું.

રસ્તે બસ ખોટકાઈ એટલે છેક સાંજ પડ્યે અમે ઘેર પહોંચ્યા. બીજે દિવસે વહેલી સવારે તો, પોતે ટિકિટ કઢાવીને, બસમાં મને બેસાડી દીધો.

ઘર, કુટુંબ, જાતનો વિકાસ એ બધાથી ઉપર ઊંચકતી કશીક અભીપ્સા ગામડાના એક ગભરુ તરુણને ખેંચતી હતી. મહાનગર અમદાવાદ પાસેથી, પાછળથી પણ ઘણુંઘણું મળ્યું છે, પણ સમાજચેતના સાથે મારી યુવા-ચેતનાને જોડી દીધી એ એનો સૌથી મોટો ઉપકાર છે. એ આંદોલન કેવળ રાષ્ટ્રીય ન હતું; આધ્યાત્મિક પણ હતું. તેથી લાગતું કે વિશ્વના કેન્દ્રમાં જે શક્તિ–પુરવઠો છે તેની જોડે ભાવનાથી જાણે કે સંધાન થયું ન હોય. પછીની આયુષ્ય-કથા એ તો એ સંધાનનો લાભ વાસ્તવમાં પૂરો લેવાયો કે નહીં તેની કથની જ બની રહે છે.

**૧૦–૯–૧૯૭૦** **(થોડુંક અંગત)**

(શ્રેષ્ઠ ઉમાશંકર/સંપા. નિરંજન ભગત, ચિમનલાલ ત્રિવેદી, ભોળાભાઈ પટેલ, અમદાવાદ, ગૂર્જર, પુનર્મુદ્રણ ૨૦૦૦, પૃ. ૪૦૧-૪૦૫માંથી સાભાર)

ભારતની ભોમમાં ઝાઝેરી ગૂજરાત ગૂજરાત મોરી મોરી રે.
મળતાં મળી ગઈ મોંઘેરી ગૂજરાત ગૂજરાત મોરી મોરી રે.
**ઉમાશંકર જોશી**

# ક્યાં એ ઘર ખેતર ?

ભોળાભાઈ પટેલ

ગામ અને નગર વચ્ચે વહેંચાયેલા મારા જેવા અનેક જીવો છે, જેમનો જન્મ, બચપણ, ઉછેર નાના ગામડામાં થયો હોય અને તે પછી ઉચ્ચ શિક્ષણ અને નોકરી અર્થે તેઓ શહેરમાં સ્થિર થઈ ત્યાં વસી ગયા હોય. ગામમાં હતા ત્યારે શહેરમાં જવાનું સતત આકર્ષણ હતું. હવે શહેરમાં છીએ ત્યારે, ગામ જાણે રહી રહીને બોલાવે છે.

પણ એ કયું ગામ ? ગામ છોડીને આવનારના મનમાં તો પોતે જ્યારે ગામ છોડીને નીકળી ગયા, તે વખતના ગામનું એક સ્થિર ચિત્ર છે અને તેના પર વચ્ચેનાં નગરનિવાસનાં વર્ષો દરમિયાન ઝંખનાના રંગો ચઢતા ગયા છે. પરિણામે ચેતનામાં એક એવું ગામ રચાયું છે, જે વાસ્તવમાં ક્યાંય નથી. અને છતાં છે...

ગામનાં ઘર, આંગણ, શેરી, ભાગોળ, તળાવો, સીમ – ભૂગોળ તો બધી એની એ છે. ક્યાંક જૂનાં ઘરને સ્થાને નવાં ઘર થયાં હોય, ક્યાંક ગામપાદરના ખેતરમાં એકદમ નવાં ઘરોની વસાહત થઈ ગઈ હોય. કાચા રસ્તાને સ્થાને પાકી સડક બંધાઈ ગઈ હોય. પ્રકટેલી નવી ધાર્મિકતાને કારણે કોઈ વિસ્મૃત પાળિયો ગામના રખેવાળ દેવતાની પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરતો હોય અને એની આજુબાજુ ઈંટોની દેરીમાંથી પાકું મંદિર બંધાઈ ગયું હોય.

આ વખતે આસો મહિનાના અજવાળિયા દિવસોમાં એકાદ અઠવાડિયું સળંગ રહેવાનો વિચાર કરી મારા ગામમાં ગયો. ત્યારે પહેલી અપરિચિતતા લાગી તે તો સ્વયં મારા નવા ઘરની. ભલે શહેરમાં રહેતા હોઈએ, પણ બાપદાદાના ગામમાં પણ ઘર તો જોઈએ, એવી માનસિકતા ધરાવનારાઓની સંખ્યા ઘણી છે. એટલે બાના અવસાન પછી જૂનું ઘર કાઢી નાખ્યું હતું. પણ પછી ગામની ભાગોળે નવું બંધાવ્યું. અમારા એ નવા ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં દૂર ગામની વચ્ચે કાળકાની શેરીમાંનું, હવે કોઈ અનન્યનું બની ગયેલું અમારું ઘર, એકદમ આંખો સામે ઊભું.

પહેલાં તો જ્યારે એ જૂના ઘરના રસ્તે વળતાં તો કેટલી બધી સ્મૃતિઓ, કેટલી બધી ઘટનાઓ, કેટલી બધી વ્યક્તિઓ ફરી એક વાર જીવંત થઈ ઊઠતી ! બાલ્ય, શૈશવ, કૈશોર્ય અવસ્થાનાં અવળસવળ સોપાનો કૂદતો ઘરમાં પ્રવેશ કરતો અને જનકજનનીવિહોણા ઘરમાં પણ એમની મૂંગી આશિષનો અરવ રવ અનુભવાતો. એ ઘર આખું હેતની હેલી વરસાવતું. આ નવા ઘરમાં તો એવો કોઈ સ્મૃતિનો તંતુ નહોતો. ગામ બહાર, જરા ટીંબે આવેલાં ઘરોમાંનું અમારું એ ઘર નવી શેરીના પ્રવેશપથ પર છે. સીધા ઘરમાં પ્રવેશીએ છીએ. ગામ-ઘર સાથેનો ગાઢ અનુરાગ તો દૂર, આ પ્રવેશ જ એક પ્રકારના 'એલિયેનેશન' – પરાયાપણાનો બોધ ક્ષણેક તો કરાવી ગયો.

કહ્યું તેમ, ગામની ભૂગોળ તો બહુ બદલાઈ નથી, પણ ગામની આથમણે પાદરના જે કૂવે ક્યારેક નાહવા જતા, ગામપાદરના જે તળાવવિસ્તારમાં રમતો રમતા કે ઢોર ચરાવતા - ગામપાદરની જે સ્મશાનભૂમિથી ભય પામતા – લગભગ એની નજીકના ટીંબેનાં ખેતરોમાં આ નવાં ઘર, મોટાં ખુલ્લાં આંગણાં અને આંગણાંમાં ઊગેલા લીમડાની છાયાવાળાં બની ગયાં છે. અહીંથી સીધી સીમ જ શરૂ થાય છે અને તળાવ તો જાણે ઘરની ઓસરીમાંથી દેખાય.

આસો મહિનાનાં ખેતરોની સાંજનું એક એવું ચિત્ર નગરની ભીડ વચ્ચે ઝંખ્યા કર્યું છે : જેમાં બાજરી વઢાઈ ગઈ હોય, બાજરિયાં સાથેના લણ્યા વિનાના પૂળાની ઓઘલીઓ ખેતરે ખેતરે ઊભી હોય. ખેતરમાં હવે મગ, અડદ, તુવેર કે ગુવારના છૂટાછવાયા છોડ ઊભા હોય અને વેરાયેલા કણ ચૂગવા આવેલાં પંખીઓની ઊડાઊડ થતી હોય. ક્યાંક ખેતર સાફ કરી, ખેડ કરી ઓળવવાનું ચાલતું હોય તે ઢાળિયે જતા પાણીનો કલકલ અને પછી

નીકથી ક્યારામાં ધીમે ધીમે પ્રવેશતા જળની સાથે ભીની થતી માટી અને એની સુગંધ લેતાં હોય એમ ઊભેલાં બગલાની હાર, હજીય જાણે જોવી હતી.

એટલે નીકળી પડ્યો સીમને માર્ગે એ જ સાંજે, પણ પેલું નેળિયું ક્યાં ? હમણાં થોડા મહિનાઓ પહેલાં જ મારા ગામ સોજાથી બાજુના ગામ પલિયડને જોડતી પાકી સડક થઈ ગઈ છે, વર્લ્ડબેંકની સહાય યોજનાથી. પણ આ વખતે સીધેસીધી સડક બનાવવા ખેતરોની જમીનને કાપી નથી. જે જૂનું નેળિયું હતું, તેના વળાંકો સાથે સડકમાં તેનો આકાર જળવાયો છે. માત્ર માર્ગની પહોળાઈ વધારવા બંને બાજુનાં ખેતરોની થોડી થોડી જમીન લેવામાં આવી છે.

આસો મહિનામાં નેળિયાને રસ્તે ખેતરે જતાં બન્ને બાજુ ઊંચા થોર, તે પર ચઢેલા વેલાવેલીઓ, અનેક મોસમી વગડાઉ ફૂલોની અને થોરના મૂળિયે ભીની ચીકણી માટીની મિશ્રિત ગરમ ગંધ વચ્ચેથી પસાર થવાનું હવે ક્યાં ? આ તો બન્ને બાજુનાં ખેતરોથી જરા ઊંચી સડક. ખેતરો જાણે બન્ને બાજુ પાધરાં થઈ સંકોચ અનુભવતાં લાગ્યાં.

પહેલાં તો સામે મળ્યું આંબા તળાવ. આસોમાં તો છલોછલ હોય, પણ જાણે ખરાબાની સીમનું એ નાનકડું તળાવ લાગ્યું. સડકે એની એક બાજુની ઝાડીવાળી ટેકરીને ઘણી છોલી નાખી છે. એ તો આંખોને આ સ્થિતિમાં પણ સારું લાગ્યું કે, ઘેટાંબકરાંનું એક ટોળું તળાવમાં પાણી પીવા એ વખતે ઊતરી આવ્યું હતું.

સાંજની વેળા એટલે માથે ચારનો ભારો અને આગળ ત્રણચાર ભેંસોને હંકારતી પટલાણીઓ, ગરાસણીઓ સામે મળતી હતી, આ દૃશ્ય જૂનું છે, બદલાયું નથી. હજી માથે ચારના ભારા ઉપાડીને ચાલવાનું રહ્યું છે, અને હવે શેરીએ શેરીએ ડેરી હોવાથી કદાચ વધ્યું છે. પશુપાલને અમારી બાજુના ગામડાની આર્થિક કાયાપલટ કરી છે. સામે શિંગડાં હલાવતી આવતી ભેંસનો ડર નાનપણથી આજ સુધી ગયો નથી. હું એ મહિષીઓને માર્ગ આપવા સડકની એક કોર થઈ જાઉં છું.

'ચ્યાં જવછાં ભૈ, પલિયેડ ?' કોઈ પરિચિત ચહેરો મને ઓળખીને પૂછે.

'આ તો જરા ફરવા જાઉં છું.' – એ મારી પોતાની ભાષા બોલતાં સંકોચ પામી શિષ્ટ ગુજરાતીમાં જવાબ આપું છું. મારી વાત ન સમજાતી હોય તેમ ક્ષણેક વિચારી પછી એ પૂછે :

'પગ છૂટો કરવા !'

'હા.' - મને શબ્દો મળી ગયા હતા : પગ છૂટો કરવા. ગામડામાં અમસ્તું ચાલવાનું તો નવરાને જ પરવડે. એટલે આ પગ છૂટો કરવાનો મુહાવરો જે મારી સ્મૃતિમંજૂષામાં ખૂણે પડી ખોવાયો હતો તે બહાર પ્રકટ થયો.

ગામડાની કન્યાઓ કેટલી બધી બદલાઈ ગઈ છે ! ખાસ તો એમનો પહેરવેશ. આધેડવયની સ્ત્રીઓ તો એ રીતે જ કપડાં પહેરે છે, પણ હવે છાયલને બદલે પટલાણીઓ કે ગરાસણીઓ છપાયેલી સાડીઓ પહેરે છે. કન્યાઓનો પોશાક તો શહેરની કન્યાઓ જેવો જ, પછી ભલે હાથમાં ભેંસની સાંકળ ને માથે ચારનો ભારો હોય.

બાજરીનાં ખેતરો જોવાં હતાં મારે. પણ ક્યાંય કહેતાં ક્યાંય બાજરી નહીં. ખબર પડી : હવે ચોમાસામાં કોઈ બાજરી વાવતું નથી. ખાવા જેટલી ઉનાળામાં ખેડૂતો પકવી લે છે, ચોમાસામાં ખેતરમાં ડોળ પડવાથી બાજરી પાકતી નથી. પણ એથી કંઈ ખેતરો ખાલી નહોતાં. ક્યાંય એક ચાસ જેટલી જમીન પણ ખાલી નહોતી. ખેતરોમાં કપાસ અને એરંડાનાં મુખ્યત્વે વાવેતર. એનાથી લીલાંછમ ખેતરો. વચ્ચે જૂના પાણી વિનાના કૂવાનાં થાળાં, કુંડીઓ અને ઢાળિયા કોઈ જૂની કૃષિસંસ્કૃતિના અવશેષ જેવાં લાગતાં હતાં. કોસથી પાણી ખેંચવાનાં મંડાણો તો ક્યાંથી હોય ? હળ પણ દેખાયાં નહીં. બળદોની સંખ્યા જ ઓછી થઈ ગઈ છે. બેત્રણ ટ્રેલર સાથેનાં ટ્રેક્ટર સામે મળ્યાં. રસ્તે ટ્યૂબવેલ આંતરે આંતરે આવ્યા. ધમધોકાર પાણી હોજમાં પડી, પાઇપો દ્વારા ખેતરે પહોંચતું હતું એનો કલકલ અવાજ કાનને ગમતો હતો. અમારી બાજુના ખેડૂતો હવે ઠીકઠીક સુખી થયા છે.

રમ્ય વળાંકો ધરાવતી આછી અવરજવરવાળી સડકેથી બન્ને બાજુનાં એ ખેતરો, ખેતરને શેઢે ઊભેલાં ઝાડ, ઊડતાં પંખીઓ – એ બધું પ્રસન્ન કરતું હતું. ત્યાં એક ખળામાં છાપરા નીચે કેટલાંક છોકરાં રમતાં હતાં

– લગભગ નાગાં-પૂગાં. છાપરા નીચે એમની માવડીઓ કંઈક રાંધી રહી હતી. એ હતાં પૂર્વ ગુજરાતનાં કે મધ્યપ્રદેશ તરફનાં આદિવાસીઓ. હવે તેમનાં કુટુંબનાં કુટુંબ ખેતમજૂરી માટે અહીં આવે છે અને આમ સાતઆઠ મહિના ખેતરમાં વસી મજૂરી કરે છે. અમારા ખેડૂતો એમની મજૂરીથી વધારે સુખી થતા જાય છે. આ પેલી બાઈને કે એના જુવાન પતિને એમના મહુડાની છાયા યાદ નહીં આવતી હોય ? એવા કંઈક વિચાર કરતો હું જતો હતો. કોઈક પરિચિત ચહેરા સામે મળતા. જેમનું જુવાનરૂપ જોયું હોય તેમનું વૃદ્ધ રૂપ ઝટ ઓળખાતું નહોતું. વળી આજે કમોસમી માવઠા જેવું હતું. સાંજ વહેલી પડી હતી અને ઠંડી પણ વધવા લાગી. બેત્રણ દિવસથી વાતાવરણ એવું જ હતું. ગામમાં પર્વના દિવસો હતા અને આમેય સાંજનું અંધારું ઊતરવા લાગ્યું હતું. અવરજવર તદ્દન ઓછી થઈ ગઈ હતી. ત્યાં એક વળાંક ઉપર દાઢીમૂછ (કે ઘાસ?) વધી ગયેલા, જૂનો ફાટેલો કોટ પહેરીને ચુંગી પીતા ખખડી ગયેલ એક ડોસાને નીચા થોરની વાડ પાસે બેઠેલો જોયો. કસ ખેંચતો ત્યારે ચુંગીનો દેવતા ચમકતો. આખા વગડામાં તે જાણે એકલો બેઠો હતો અને એને જાણે ઘર જેવું કંઈ નહોતું, – જ્યાં આ પર્વ ટાણે એને જવાનું હોય. અંધારું ઊતરશે ત્યારેય આ વગડા વચ્ચે રસ્તાને વળાંકે એ આમ જ ચુંગી પીતો બેઠો હશે, મને એમ લાગ્યું.

એ મને જોતો જ રહ્યો. હું દેખાયો ત્યારથી એ જોતો હતો અને મારાં પગલાં સાથે એની નજર વળતી હતી. જેવો એની પાસેથી પસાર થયો કે એ જરા બોલ્યો : 'ભોળો ભૈ કે ?' અવાજમાં કશોય આરોહઅવરોહ નહોતો. કદાચ જવાબની અપેક્ષાય નહોતી.

'ઓવ' એમ કહેવા જતાં જતાં હું બોલ્યો; 'હા.' આ 'હા' શબ્દે મને એનાથી ઘણો દૂર કરી દીધો હતો. પણ હું ઊભો રહ્યો. જરા ધ્યાનથી જોયું. દાઢીમૂછ અને ફાટેલા ફાળિયામાંથી બહાર નીકળેલાં જીંથરાં અને ઊંડી આંખોવાળા એ ચહેરાને હું ઓળખી ગયો.

'ફદિયા..., ફદાજી તમે ?'

ચુંગી પીતો ફદો મને જોતો રહ્યો. હકારમાં માથું હલાવ્યું પણ પછી કંઈ બોલ્યો નહીં. એ ફદો પરમાર (ગરાસિયા) હતો ને મારી સાથે ભણતો હતો. એનું ઘર પણ અમારા જૂના ઘરથી બહુ દૂર નહોતું. એમનું ઘર પણ ખેતી કરતું. એના દૂરના કોઈ સગા લશ્કરમાં સિપાઈ, તે એને ત્યાં બીજા વિશ્વયુદ્ધ વખતની લડાઈનાં ઘણાં ચિત્રો આવતાં. તે અમે એને ઘેર જોવા જતા. તરવરિયો કિશોર. ઘરની સ્થિતિ તો સામાન્ય, પણ અમારા ભેરુઓમાં તે હોય.

હું વધારે વાત કરવા ન રોકાયો. અંધારું ઊતરતું હતું. મારે હજી બે કિલોમીટર જેટલું પાછા જવાનું હતું. એટલે થોડું આગળ જઈને હું પાછો વળ્યો. ફદાજી ત્યાં જ બેઠેલો હતો. ચુંગી પીવાનું ચાલુ હતું. હું વિસ્તરેલી સૂની સીમમાં એકલા બેઠેલા એવા એની તરફ જોઈ માથું હલાવી ઝડપથી ઘર ભણી ચાલતો રહ્યો.

અંધારું ઝડપથી ઊતરતું હતું. ધીમે ધીમે ગામના દીવા દેખાયા. પણ ફદાજી હજીય ચુંગી પીતો હશે – ત્યાં એકલ સીમને વળાંકે. અમારા ગામના ખેડૂતો હવે સુખી થયા છે, પણ કદાચ ફદાજીને તો પોતાનું ઘર પણ નથી ને ખેતર પણ નથી ! કદાચ હું ખોટો પણ હોઉં.

૧૭-૧૧-'૯૬ લેખકકૃત 'તેષાં દિક્ષુ'માંથી

સાભાર (પૃ. ૧૮૫-૧૮૮)

મેઘાણી સ્વમાની પૂરા હતા. કદાચ લેખકની – બ્રાહ્મણની તો એ જ એક મોટી મૂડી હોય છે. અને વિનય અને ખુશામત વચ્ચે ફેર છે એવો સ્વમાન અને અભિમાન વચ્ચે છે તે પણ એ જાણતા. સસ્તા થતા નહિ. એમને તો કંઠની બક્ષિસ હતી. જ્યાં ને ત્યાં નિમંત્રણો મળ્યાં કરે. ઘણે ઠેકાણે જતા. પણ દિલ દેખે તો જ જતા, તમાશા થવા દેતા નહિ. માણસોનો, મેદનીનો એમને કેફ ચઢતો, લોકલાગણીનો કટોરો અમૃતમય ગણી ગટગટાવી જતા, પણ એની પાછળ પાછળ ભમતા કદી દેખાયા નથી. એમનો એક તરફ અઢળક જનતાપ્રેમ અને બીજી બાજુ જનતાની તેમના કંઠ માટેની માગ – એ બંનેનો વિચાર કરીએ છીએ ત્યારે એમણે જાળવેલી સમતુલા માટે માન જ થાય છે.

**ઉમાશંકર જોશી**

# ઘરતીનો છેડો ઘર

## શરીફા વીજળીવાળા

મને લાગે છે કે દુનિયાની દરેક ભાષા, દરેક બોલીનો સૌથી મીઠો શબ્દ 'ઘર' જ હશે. એટલે જ કદાચ દુનિયાનો છેડો ઘર એવું કહેવાતું હશે ને? પણ મારે આ 'ઘર' શબ્દ સાથે ઘણાં વર્ષોથી ઝાઝી લેણાદેણી નથી રહી. હજી ગયા મહિના સુધી 'ઘર' મને હથેળીમાંના ચાંદ જેવું લાગતું હતું. અડધી જિંદગી વઈ ગઈ 'ઘર ઘર...' કરતાં... ત્યારે છેક હમણાં પગ મૂક્યો મારા પોતાના ઓરડામાં. આ જ ઘરની શોધમાં તો મેં આટલાં માથાં અફાળ્યાં, સમાજની કાળમીંઢ ભીંત્યુંમાં... ઓઢીને સૂઈ શકાય એવી આ છત મેળવવાં કેટલાં તપ કર્યાં? જેની ચાર દીવાલો પોતાપણાનો અહેસાસ કરાવે, જે બારણું દુનિયાભરના વાવંટોળને ઉંબરે જ અટકાવે એ ભીંતો ને બારણાં માટે આંખ્યું ઓડ્યે ગઈ એટલી રાહ જોઈ મેં... જેના ખૂણેખૂણેથી પોતાપણાની હૂંફ ઘેરી વળે એવું આ ઘર હજી ગઈ કાલ સુધી મારા માટે માત્ર કલ્પનાનો વિષય જ હતું.

મારી સાંભરણમાં તો ઘર એટલે મારા ગામનું ઘર... મારી મા તથા દાદીએ હાથે ચણેલા ગારાના એ ઘરને અમારા ગામના લોકો 'કાસમભાઈની ઝૂંપડી' કહેતા. એ ઘરમાં જ મારો જન્મ અને એમાં રહીને જ હું ૧૨મા ધોરણ સુધી ભણી. માથે પતરાં છાયેલ એક ઓયડામાં અમારી જંગી જમાત સાંકડમૂકડ સમાતી. સાડા પાંચ હાથ ઊંચા મારા બાપુનું માથું આંબી જાય એટલાં જ ઊંચાં પતરાં હતાં ને માથે મણ-મણના પંદર-વીસ પાણા, પતરાં ઊડી ન જાય એટલા માટે. અમારી વધતી જતી વસતીને સમાવવા મા-દાદીએ એક ઓસરી ને રસોડું પણ ચણીને ચોંટાડી દીધેલું. વીઘાએકનું ફળિયું ને ફરતી આરપાર કંઈ ન દેખાય એવી અડાબીડ થોરની વાડ્ય... માંય કંઈક જીવજંતુ પડ્યાં રે' અને કેટલાંય પંખી માળા બાંધે. અફાટ વગડા વચાળે અમે સાવ એકલાં રે'તાં. નાખી નજરે આવળ-બાવળ-બોરડી ને ઇંગોરિયાનાં જાળાં તથા ગાંડા બાવળની કાંટ્ય સિવાય કોઈ માણહનું જણ્યું નજરે નો પડે. રોજ સવારે મન થાય ઈ દશે ડબલું ઉલાળતા હાલ્યા જવાનું.... વળતાં એયને તલબાવળના તાજા તેલ જેવા દાતણ ચાવતાં ચાવતાં હાલ્યા આવતા હાથ ઉલાળતા... ભીંત પાંહે એક ખાટલો મેલી માથે નાખવાની ચાદર ને વચાળ મેલો એક છીપરું એટલે એયને મજાનો બાથરૂમ તૈયાર... અટાણે શૅમ્પૂ પછી કંડિશનરની જરૂર પડે છે ને તોય મોવાળા કોથમીરની ઝૂડી જેટલાય નથી રયા. ત્યારે કપડાં ધોવા જે સોડા આવતો એનાથી જ મા મોવાળા ધોઈ દેતી ને તોય વાંભએક લાંબા ને બે હાથમાં નો આવે એવા બોથડ મોવાળા હતા... રાત્યે ફળિયામાં જેને જ્યાં ફાવે ત્યાં ખાટલો ઢાળે ને પોતીકા ફાનસના બાદશાહી અજવાળે વાંચે... ઉનાળે-ચોમાસે, ગરમી ને બફારો બઉ હંફાવે. શિયાળે-ઉનાળે તો અમે બા'રા પડ્યાં રે'તાં... પણ ચોમાહામાં ઠીકાઠીકની કઠણાઈ બેહતી. નાવા-ધોવા, વાંચવા-સૂવાથી માંડીને હંધીયે વાતનું દખ પણ અમને નાનેથી જ સંજોગોએ એવા તો કાઠાં કરી દીધેલાં કે આ બધી નાનીનાની કઠણાયું અમને અડતી જ નંઈ.

ઈ પીળી માટીની ગાર્યું કરતી મા ધોળી માટીમાં ગળી નાખી ભીંત્યું રંગતી જાય, બાર્યની ભીંત્યુંને ચાર આંગળ જાડો થાપ દેતી જાય, અમારી મદદથી બાર્યની ભીંત્યુંને સાંઠિયુંનાં ત્રાટાં ભીડતી જાય. છાણાં-બળતણ ઢાંકતી જાય... ને કંઈક વાર્તાયું ને ઓઠાં ને ગીત-ભજનની રમઝટ ચાલતી હોય... કામ પણ થતાં જાય ને કાન દ્વારા મનમાં આ બધું ઠલવાતું પણ જાય.. શિયાળે-ઉનાળે ઘરની બા'રા વધારે રહેવાનું થાય એટલે અમે વાંચીએ બઉ પણ ચોમાહે ધરાર માલીપા બફાવું પડે. પછી વાર્તાયું ને ઠિઠિયારા હાલે... કમાવા માટેના કંઈક નુસખાઓ...

કાગળની કોથળિયું પણ કેટલી બનાવેલી!! કમાણીના નુસખાની સમાંતરે સપનાંઓની લંગાર લાંબી ને લાંબી થતી જાય... કેવા અદ્ભુત હતા એ દિવસો!! જરાક સારા વરસાદમાં ઘરની કાચી દીવાલો શ્વાસ ઊંચો કરી દેતી પણ અમારાં બધાંના સૌથી હૂંફાળા દિવસો આ ઘરમાં વીત્યા. પરસ્પર પ્રત્યેનો ઉમળકાભર્યો સ્નેહ, એકમેક માટે બધું જતું કરવાની ભાવના... કંઈ નો'તું ત્યારે આ બધું હતું... અમે ભાઈબે'ન ભેળાં થઈ એવું ખડખડાટ હસતાં કે દીવાલો ખખડતી. પણ આવા દાંત કાઢ્યે કોણ જાણે કેટલાં વર્ષો થયાં?

આ ઘરમાં હું ૧૯૮૧ સુધી રહી. બે છેડા ભેળા કરવાની મથામણમાં પડેલાં મા-બાપને અમે શું વાંચીએ છીએ એ જોવાની ફુરસદ નો'તી. પણ રખડતાં નથી ને વાંચે છે એવી આસાએશ હતી. એટલે મેં તો બેફામ વાંચ્યું. સારું ઓછું ને કચરો ઝાઝો... બાપુજીને છાપાંનો ધંધો એટલે ઢગલા મોઢે પૉકેટ્સબુક્સ વાંચી... છાણ-બળતણ ભેળાં કર્યાં, પંદર-વીસ બેડાં પાણી પણ ભર્યું... નિશાળે પણ ગયાં ને આડેધડ વાંચ્યું પણ ખરું... મારી સારી-માઠી બધી યાદ આ જ ઘર સાથે સંકળાયેલી છે. કારણ ૧૯૮૧માં બારમું પાસ કરી હું વડોદરા ભણવા ગઈ પછી એ ઘર સાથેનો નાતો કપાતો ચાલ્યો. કોણ જાણે કેવા ચોઘડિયે મેં ઘર મેલ્યું તે પછી કાયમ હૉસ્ટેલમાં જ રહેવાનું થયું (એપ્રિલ, ૨૦૦૯ સુધી) એક-બે વર્ષ વૅકેશનમાં 'મારું ઓશીકું ક્યાં? આ મારું ગોદડું નથી'... એવા બરાડા નાખ્યા... ધીરેધીરે મારો ખૂણો ખોવાતો જાય છે તે મેં સ્વીકારી લીધું...! પછી તો ભાઈ ભણ્યો, એના ડૉક્ટર થયા પછી આ પતરાંના ઘરની જગ્યાએ એયને રૂપાળું પાકું મકાન બંધાવ્યું છે. દિવાળીએ ગામ જાઉં ત્યારે એ ઘરમાં રઉં તો છું પણ મને ઈ ભીંત્યું ને છત કાયમ અજાણ્યાં લાગે છે. હવે તો ઘર ફરતેનો પેલો અફાટ વગડોય ગાયબ થઈ ગયો છે. ઇંદિરા આવાસ યોજનાના નામે મારા ઘર ફરતે હકડેઠઠ મકાનો ફૂટી નીકળ્યાં છે. અમારી અડાબીડ વાડ્ય હવે વંડી બની ગઈ છે. મને બઉ અડવું-અડવું લાગે... જરાક આંખ મીંચું એટલે એ પતરાંવાળા ઘરનો ખૂણેખૂણો દેખાય ને માનો ટહુકોય સંભળાય : 'બેન, તમે બધાં કાંય જન્મ્યાં ત્યારે આટલાં બધાં કાળાં નો'તાં પણ આ પતરાંમાં રઈ-રઈને તમારા હંધાયનો વાન બળી ગ્યો...' ને મારા હોઠ મલકી જાય છે.

૧૯૯૧ સુધી વડોદરાના હંસા મહેતા હૉલમાં બાદશાહી ભોગવીને ૧૯૯૨માં નોકરી મને સુરત લઈ આવી. એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજની હૉસ્ટેલમાં રહીને ઘરની શોધમાં આથડતી રહી. નાનપણ સૌરાષ્ટ્રના ખોબા જેવડા ગામમાં વીતવાને કારણે મેં ધર્મને કાયમ ઘરના ઉંબરાની માલીપા રહેતો જ જોયેલો. નવરાત્રિ, હોળી, દિવાળી કે ખીહર મને કદી પારકાં નો'તાં લાગ્યાં. ગણેશચોથને દા'ડે આખું ઘર ખાય એટલા લાડવા પડોશમાંથી આવતા અને ઈદના દા'ડે એ બધાના હિસાબે જ મા ખીરનું તપેલું ચૂલે ચડાવતી. ભણવા માટે હું વડોદરા ગઈ ત્યાં સુધી ગામ આખાની બાયુંને બોળચોથ્ય ને નાગપાંચમ ને શીતળાસાતમ ને સોળ સોમવારની વાર્તાયું કહેવાનો મારો એકહથ્થુ ઇજારો હતો. કોઈને પણ ત્યાં કથા હોય કે ભજન, રાંદલનો ઘોડો ખૂંદવાનો હોય કે દેદો કૂટવાનો હોય... અમારી બેઉ બેનો વગર કોઈનોય પાટલો ના ખસતો. દયાનંદ સરસ્વતીના ગુરુકુળમાં ભણવાને કારણે ગાયત્રીમંત્ર, હનુમાનચાલીસા, મધુરાષ્ટકમ્ ઉપરાંત અસંખ્ય ભજનો જીભના ટેરવે... શુદ્ધ શાકાહારી... મને કદી પણ હું બધાથી જુદી છું એવું લાગેલું જ નહીં. પણ સુરતના દરેક ખૂણેથી લગભગ બધા બિલ્ડરોના (લગભગ ૬૪થી ૬૫) જાકારાએ મને ખળભળાવી મૂકી. માણસ હોવાની મારી ધારણાના પાયા હચમચી ગયા. કેવા હતા એ જવાબો? 'તમને દઈએ તો અમારા બાકીના ફ્લૅટ્સ ન વેચાય', 'તમે તમારા વિસ્તારમાં કેમ નથી લેતાં?', 'ના રે ભાઈ, તમારા મિયાંઓનો શો ભરોસો!' અને જરાક સજ્જન હોય તો સલાહ આપે 'કોઈ બીજાના નામે લો અથવા ટૂંકું નામ વાપરો...' આ જવાબોએ મારા વજૂદને તળેઉપર કરી દીધેલ. હું ગાંડાની જેમ દલીલો કરતી રહી. પણ હું ભીંત સાથે માથાં અફાળતી હતી. હકીકત કદાચ આ જ હતી. મારી સાથે કામ કરનાર એસ.સી., એસ.ટી. બેનોને ઘર મળ્યું પણ મને ધરાર ના જ મળ્યું. હું તમારાં બાળકોને ભણાવી શકું. જિંદગીનો રસ્તો દેખાડી શકું., રામાયણ-મહાભારત પર બોલી શકું પણ તમારા પાડોશમાં રહી ના શકું. કેમ? કેમ હું માત્ર માણસ હોઉં, ભારતીય હોઉં

તો મારો કોઈ ખાસ વિસ્તાર શા માટે હોય? બધાની જેમ હું પણ કેમ મને ગમે ત્યાં ના રહી શકું? કેમ મારે જ ઘર લેતી વખતે સત્તર સવાલોના જવાબ આપવા પડે? પ્રશ્નો જ પ્રશ્નો હતા... ને પાયાનો પ્રશ્ન તો એ હતો કે મને મારા નામની આટલી મોટી સજા શા માટે આપવામાં આવે? કોણે, ક્યાં જન્મ લેવો એ કંઈ આપણા હાથની વાત નથી... મને મારા નામ બદલ કદી અફસોસ નથી થયો. તો પછી ઇતિહાસનો ભાર મારા નિર્દોષ ખભા પર શા માટે ખડકવામાં આવે? મારી જાત મને ઉપાલંભ આપી રહી હતી, મારી ઠેકડી ઉડાડી રહી હતી કે અત્યાર સુધી ઇતિહાસને ખભેથી ખંખેરવાની વ્યર્થ કોશિશ કરવા સિવાય તેં બીજું કર્યું છેય

શું? ને તોય પરિણામ શું આવ્યું? ધર્મના થઈ બેઠેલા આ રખેવાળો બમણા ભાર સાથે ઇતિહાસને મારા ખભે ખડકી રહ્યા છે.

મારી જાત એક બીજો પ્રશ્ન પણ કરી રહી હતી. મેં માત્ર માણસ બનવાની કોશિશ કરી એ મારી ભૂલ તો નો'તીને? કારણ કે તમે આ કે તે ધર્મના થઈ જાઓ તો કોઈ એક દિશાના દરવાજા તો ખૂલી જ જવાના. પણ જો નર્યા માણસ બનવા ગયા તો બેઉ બાજુ કાળમીંઢ પાણા હાર્યે માથું અફાળવાનું થાય છે. મેં નર્યા માણસ તરીકે જીવવાનું નક્કી કર્યું પણ પરિણામ તો મારે સમૂહ તરીકે ભોગવવાનું આવ્યું. મારા દરેક ભ્રમના પરપોટા ફૂટી ગયા. સમાજને ક્યાં નર્યા માણસનો ખપ છે? ને તોય હજી આજેય મેં માણસ તરીકે જ જીવવાની જીદ નથી છોડી એ મારું ગાંડપણ નહીં તો બીજું શું?

હું માણસ છું ને શુદ્ધ અર્થમાં ભારતીય છું એટલે ઘર તો મારી શરતે જ મેળવીશ એવી જીદને કારણે પછી મેં હૉસ્ટેલને જ ઘરમાં ફેરવી કાઢી. '૯૨થી '૯૭ હું હૉસ્ટેલની એક રૂમમાં રહેતી, ૧૦૦ વિદ્યાર્થિનીઓ સાથે કૉમન ટૉઇલેટ-બાથરૂમ શૅર કરતી. વારો આવે તો ઠીક... નહીંતર સાંજે નાવાધોવાનું... રૂમની બે બાજુએ ખુલ્લી ગટર... પાયાની કોઈ સગવડ હૉસ્ટેલમાં ના મળે... જાણે 'જા તને જીવતેજીવ નરક મળે' એવો કોઈનો શાપ સાચો પડી રહ્યો હતો...! ને તોય હું ટકી ગઈ! છૂટકો ક્યાં હતો? ૧૯૯૭માં આ જ હૉસ્ટેલની રેક્ટરશિપ મારા માથે આવી અને મેં સંસ્થા સામે બાથ ભીડી... ૨૦-૨૫ પત્રો લખ્યા... ત્યારના સત્તાધીશો માણસ તરીકે ઉમદા... અમે હૉસ્ટેલની કાયાપલટ કરી નાખી. તમામ પ્રાથમિક સગવડો ઊભી કરવા સાથે આગળ-પાછળ ને વચ્ચેના ગંદકીના ઢગને છોકરીઓની મદદથી સુંદર બગીચામાં ફેરવી દીધો. જાતજાતના રંગબેરંગી ફૂલ-ઝાડ અને વિવિધરંગી પંખીઓ સાથે હતી મારી પૂરી ૧૦૦ છોકરીઓ... આ સો છોકરીઓએ મને જિંદગીના કેટલા ચહેરા બતાવ્યા? દરેકના ઘરની કેવીકેવી કથાઓ? એમના જાતભાતના પ્રશ્નો... એમના આ બધા પ્રશ્નો કઈ ક્ષણે મારા બની ગયા એની મને સરત સુધ્ધાં ન રહી, મારે મારી અંગત કે વ્યવહારજગત સાથેની કોઈ જિંદગી જાણે રહી જ નહીં. કૉલેજથી આવીને બગીચામાં સમૂહકાર્ય, પછી પ્રાર્થના, જૂથચર્ચાઓ, મનોરંજન કાર્યક્રમો, ક્યારેક ઑફબીટ ફિલ્મો... કવિસંમેલન, વ્યાખ્યાનો... ને રાત્રે ૯થી ૧૦ વિદ્યાર્થિનીઓના પ્રશ્નોના ઉકેલ... પછી છેક લખવા-વાંચવા બેસી શકતી...

છેલ્લાં બે વર્ષોમાં બદલાયેલા સત્તાધીશને કારણે મેં ફરીથી જીવ પર આવી જઈને ઘરની શોધ આદરી. ને મારી માણસમાં ટકેલી શ્રદ્ધા સાચી પડી. હજીયે નર્યા-નકરા માણસને સ્વીકારનારા પડ્યા છે આ દુનિયામાં. એક પણ પ્રશ્ન પૂછ્યા વગર આ બિલ્ડરે મને ઘર આપ્યું. વળી મારા નામે આપ્યું! આટલાં વર્ષોના જાકારાએ મારી અંદર ભેળી થયેલી કડવાશ આ માણસે ધોઈ નાખી. દશેરાના દિવસે ખાલી દીવાલો વચ્ચે કુંભ મૂક્યો ને ૨૭ એપ્રિલ અખાત્રીજના દિવસે ઘરમાં રહેવા માટે પગ મૂક્યો ત્યારે આભી જ બની ગઈ. મારા પરમ મિત્ર જવાહર પટેલે ઘરસજાવટની એની આવડતનું છેલ્લું ટીપું જાણે કે અહીં વાપરી નાખ્યું હતું. એમનાં પત્ની ગીતાબેને ચાદરો-વાસણ, ક્રૉકરી ઉપરાંત નાની-મોટી ચીજવસ્તુ ઉમળકાભેર પસંદ કરી હતી. આઠ મહિના મારા બદલે દોડનાર આ દંપતીએ પેલ્લી નજરે પ્રેમમાં પડી જવાય એવું ઘર મારી ઝોળીમાં નાખ્યું. વાંકા નહીં વળી શકવાની મારી લાચારી ઘરમાં કશેય ના નડે એની પૂરી કાળજી આ મિત્રે લીધી છે. ઘર તો ગમ્યું જ પણ આ કાળજી વધુ ગમી.

મારું ઘર બરાબર ગોઠવીને દીકરીઓ તો ગઈ આંખ્યું પલાળતી પોતપોતાના ઘર્યે... હવે હું છું ને મારું

આ રૂપકડું ઘર છે. હૉસ્ટેલની મારી રૂમમાં ન હવા હતી ન ઉજાસ... ન આકાશના બદલાતા રંગ... બાથરૂમમાં રોજ ૩૦-૪૦ મહાકાય વાંદાઓ મને ઠેકડા મરાવતા... ને ચોમાસામાં તો પાર વગરનાં જીવજંતુ ઊભરાતાં... અહીં ચોથે માળે ઊડી જવાય એવો પવન છે. આખુંય આકાશ બધી દિશામાંથી મારા ઘરમાં ઠલવાય છે. રોજ સાંજે આવીને બારણું બંધ કરું એની સાથે જ દુનિયા ઉંબર બહાર રહી જાય છે. અંદરનું જગત સુવાંગ મારું પોતાનું છે એનો અહેસાસ પેલ્લીવાર આ ઘરે કરાવ્યો. રોજ સવારે ચાનો કપ લઈ બાલ્કનીમાં બેસું છું ત્યારે બુલબુલ, પતરંગા ને કલકલિયા જાતને એમની સાથે લઈ જાય છે. માના ખોળાની જેમ વીંટળાઈ વળતા આ ઘરે વર્ષોથી મને જેની શોધ હતી એવી આસાએશ, પોતાપણાની હૂંફ આપી છે. ચિત્રગુપ્તના ચોપડે હિસાબ પૂરો ન થાય ત્યાં સુધી હવે અહીંથી કોઈ મને ફેંકી દેવાની ધમકી નહીં આપે એ વાતથી કેટલી નિરાંત લાગે એ તો જેણે છાશવારે 'ખાલી કરો'ની નોટિસો વાંચી હોય તેને જ સમજાય. 'મૅડમ જુઓને આ...' કહેતી ટાબરો વારેવારે ટપકતી નથી એના કારણે કામ પણ એકાગ્રતાથી થાય છે. ધીમેધીમે ઘરનો ખૂણેખૂણો મનમાં રસાતો જાય છે... ને તોય... હા, તોય હજી મને હૉસ્ટેલ, બગીચો ને છોકરીઓની બઉ યાદ આવે છે... રંગબેરંગી ફૂલો અને પતંગિયાં જેવી છોકરીઓ વગર હીજરાઉં છું ત્યારે મારી અકળાયેલી જાત ઠપકો આપે છે કે : રે જીવ, તને કેમ સંતોષ નથી? આટલાં વર્ષોનું તારું સપનું કલ્પનામાં ન આવે એવા સરસ ઘર રૂપે સાકાર થયું છે છતાં આમ કેમ? આટલાં વર્ષોથી ઘર... ઘર... કરતી હતી તો કેમ છલકાઈ નથી જતી આ ઘરથી? પણ નથી સમજાવી શકતી હું મારી આ મિશ્ર લાગણીને... મળ્યાનો આનંદ અને છોડ્યાનું દુઃખ અત્યારે તો એકમેકનો છેદ ઉડાડી રહ્યું છે.

૧૮ વર્ષ પછી ઉખાડેલી જાતને અહીં મૂળિયાં નાખતાં, રોપાતાં કદાચ થોડીક વાર લાગશે... આમેય અવળચંડી જાતને અભરખા ક્યાં ઓછા હતા? મારા આંતરમનમાં વસેલ ઘરનો નકશોય ઓછો થોડો કનડે છે? મારો જમીન સાથે ગર્ભનાળનો નાતો... ને અત્યારે રહું છું ચોથા માળે! મારે તો સાવ નાનકડું, મઢૂલી જેવું ઘર ને ફરતે વિશાળ બગીચો જોઈએ... વચાળ એક હીંચકો જેના પર મધુમાલતી અને જૂઈ એકમેકમાં ગૂંથાઈને ચડી હોય... જાતજાતનાં ફૂલોનો મઘમઘાટ... ને દૈયડ, બુલબુલ, ફૂલસૂંઘણી પગમાં અટવાતાં હોય... મોગરાના ઢગ થતા હોય ને પારિજાત માથું નમાવી ફૂલો પાથરતું હોય... કાંચનાર ને ગરમાળા વરસ આખું રંગીન કરી દેતા હોય... ને લીલીછમ લૉનમાં હું પાણી છાંટતી હોઉં...

...જોયું ને? આવાં ઘર તો મનની ગલીમાં જ સામાં મળે બાકી આવતો જન્મ ક્યાં નથી? અત્યારે તો જે છે એ માગ્યું હતું એના કરતાં ક્યાંય અદકેરું છે બાપલા...

(૨૦૦૯)

(લેખિકાકૃત 'સંબંધોનું આકાશ' અમદાવાદ. ગૂર્જર, ૨૦૧૨. પૃ. ૮૪-૮૯માંથી સાભાર.
બી/૪૦૨, વૈકુંઠપાર્ક એપાર્ટમેન્ટ, તારવાડી, સુરત-૩૯૫૦૦૯ મો. ૯૮૨૪૫૧૯૯૭૭)

---

પ્રભુને પામવા માટે મારી પોતાની ભાષા પૂરતી છે. પણ પ્રભુએ સરજેલી સૃષ્ટિને પામવા માટે આજે એકાદ પાશ્ચાત્ય ભાષા વગર છૂટકો નથી. આજના જગતમાં કોઈ પણ એક અર્વાચીન પાશ્ચાત્ય ભાષા સિવાય એક પ્રજા તરીકે આપણે ટકી શકવાના નથી. આપણે માટે મોટે ભાગે એ ભાષા અંગ્રેજી રહેવાની. આપણે એક સ્વતંત્ર દેશ બન્યા છીએ અને આપણો સ્વતંત્ર બનવાનો સમય એ દુનિયા સાંકડી બનવાનો પણ સમય છે. અનેક દેશો સાથે આપણાં લટિયાં ગૂંથવાનો સમય આવ્યો છે ત્યારે અનેક ભાષાઓ શીખવા તરફ મન ધસવું જોઈએ. જે એક બહારની ભાષા પોતાની કરી હોય તે નાખી દેવાનો તો સવાલ જ ન હોય. અંગ્રેજી ઉપરાંત જર્મન, ફ્રેન્ચ, રશિયન જેવી ભાષાઓનો પરિચય પણ ઘણો વધવો જોઈએ. જેને અંગ્રેજી સામે જૂના રાજ્યકર્તાઓ સાથેના એના સંબંધને કારણે સૂગ હોય તે તો અવશ્ય બીજી કોઈ અર્વાચીન યુરોપીય ભાષા કરે.

**ઉમાશંકર જોશી**

# તનાવમાં જીવવું મુશ્કેલ છે

**સી. એસ. ઓઝા, મહેસાનવી**

માનવ સ્વભાવમાં એક અવગુણ પણ છે, જેને બધા 'ડિપ્રેસન' તરીકે ઓળખે છે. તેને ગુજરાતીમાં 'ગમગીની' કે 'ઉદાસીનતા' તરીકે સૌ જાણે છે. માણસને આનંદમય સ્થિતિમાં રહેવું ગમે, પણ કોઈ વાર ગમે તે કારણે એ પોતે ગમગીન થઈ જાય છે. તેનો ઉત્સાહ ઓસરી જાય છે કે એ પોતે ઉત્સાહભંગની હાલતમાં મુકાઈ જાય છે.

પોતાની ધારણા પ્રમાણે કશુંક ન થાય ત્યારે માણસ ગમગીન થઈ જાય છે. આ અંગેનું કારણ એ બીજાને કહી શકતો નથી અને મનોમન શોકમાં ડૂબી જાય છે, તેને કોઈ બાબતમાં રસ રહેતો નથી. તે કોઈ બાબતથી મજા માણી શકતો નથી. નિરાશ થઈને કે ગમગીન થઈને જિંદગીના દિવસો ગુજારે છે અથવા જિંદગીથી ભાવનાના પ્રયત્ન સુધી પહોંચી જાય છે.

પોતાના મિત્રો વિશે, પોતાના સંબંધીઓ વિશે કે પોતાના અધિકારીઓ વિશે તે ચુપચાપ રહીને દિવસો વીતાવે છે. તેને ઈશ્વર વિશે પણ શંકા થાય છે. પોતાના દુ:ખને કોઈ દૂર કરી શકશે નહિ, તેવું માનવા લાગે છે, મનોમન દુ:ખી થાય છે અને કોઈ વાર કંટાળીને જિંદગીનો ત્યાગ કરે છે.

એક સમાચાર મુજબ અમદાવાદના એક ઓર્થોપેડિક ડૉક્ટર તરીકે ફરજ બજાવતા માત્ર ૩૧ વરસના ઈસમે ભેદી સંજોગોમાં ઝેરી ઇન્જેકશન લઈ આપઘાત કરી લીધો છે. તેણે શા કારણસર આવું પગલું લીધું તે રહસ્યની બાબત છે. તબીબ દંપતીના પુત્ર હોવા છતાં તેણે આવો માર્ગ લીધો. તેથી એમ પણ હકીકત બહાર આવવાની શક્યતા છે કે તે કોઈ તનાવ નીચે હતો. તે જ રીતે સુરતની નવી અસ્પતાલ બની રહેલી એક બીજી ઇમારત ઉપરથી પણ તા. ૪ જુલાઈ, ૨૦૧૭ના રોજ રેસિડન્ટ તબીબે પણ આત્મહત્યા કરી હતી. અખબારમાં એવી નોંધ છે કે મરનારે પોતાના સિનિયર તબીબોની હેરાનગતિના કારણે આવું પગલું લીધું હતું. આમ માનસિક તનાવના કારણે માણસે જિંદગીનો ત્યાગ કર્યો હતો.

માનસિક તનાવ થવાનાં અનેક કારણો છે. માણસમાં સહનશક્તિનો અભાવ છે તેથી નાની-નાની ઠપકા જેવી બાબતથી પણ યુવાનીમાં લોકો આત્મહત્યા કરે છે. માત્ર મોબાઈલ જેવી વસ્તુ નહિ આપવા કે નહિ વાપરવાનો ઠપકો હવે સહન કરવા કોઈ તૈયાર નથી.

અભ્યાસના દિવસો દરમિયાન ઠપકાની બીકથી જેમ ચોરી કરવા કોઈ પ્રેરાય છે. તેમ નાપાસ થવાની બીકથી, પરીક્ષાના પરિણામ પહેલાં આત્મહત્યા કરનાર વિદ્યાર્થીનું નામ અમદાવાદ પોલીસમાં લખાયેલું છે.

માતા-પિતાને લગ્ન પછી છોડવાની જવાબદારી કન્યાની હોવા છતાં, અને પોતાના પતિના જીવનમાં ગમે તેવી ગોઠવણ કરીને રહેવાની જવાબદારી કન્યાની હોવા છતાં, તે સંબંધમાં પણ તીરાડ પડે છે અને ગમે તે રીતે તનાવ તરફ ખેંચાઈને ઘણા યુગલોનાં સભ્યો છૂટાછેડાની માગણી કરવા ફેમિલી કૉર્ટ સુધી દોડી જાય છે. કશુંક જતું કરવાની ભાવના ન હોય તો કુટુંબના બીજા સભ્યોને તનાવમાં મૂકી દે છે.

ગમે તે ધંધો કરવાની ત્રેવડ નહિ હોવા છતાં બીજાઓ સામે જોઈને ગમે તે ધંધો કરવા તૈયાર થાય છે. બીજાઓના પૈસા કાતિલ વ્યાજથી લાવીને ધંધામાં નાંખે છે અને પછી મોટી ખોટમાં આવીને તનાવમાં આત્મહત્યા કરે છે, યુવાનીમાં યુવક–યુવતીઓ પ્રેમના પાઠ ભણવા ગમે તેની પાસે જાય છે. લગ્નેતર સંબંધોમાં ડૂબીને પછી પસ્તાય છે. આખરે હતાશામાં પોતાના જ બાળકથી છૂટવા ગેરકાયદેસર પગલાંને કારણે હેરાન થાય છે અને નવોદિત બાળકની જિંદગી પણ બગાડે છે.

જિંદગીમાં ઉતાવળ, ભૂલ, નિરાશા, ભય અને ક્રોધથી કરેલ કામ માટે હતાશ થવાનું કે તનાવમાં ડૂબવાનું ન આવે તે માટે કુટુંબના સંસ્કાર અને શિક્ષણની યોગ્ય શિક્ષા મળી રહે તે માટે સમાજે અને સરકારે જલદ પગલાં લેવાં પડશે. બીજાઓની સલાહ માનવી પડશે અને જાતે યોગ્ય નિર્ણય સૌએ લેવો પડશે ! કાયદાથી બધું જ શક્ય નથી.

**સી. એસ. ઓઝા (ચંદુ મહેસાનવી', 'મુન્સિફ')**
**મો. ૯૪૨૭૩૦૦૮૭૫**

# સંસ્કાર અને શિક્ષણ

તુલસીભાઈ પટેલ

આપણે જે પરિવારમાં જન્મીએ છીએ, જે વાતાવરણ વચ્ચે ઊછરીને મોટા થઈએ છીએ, આપણે જે કાંઈ વાંચીએ છીએ, વિચારીએ છીએ, સાંભળીએ છીએ, જેની સોબતમાં રહીએ છીએ – એ બધાંને પરિણામે આપણી અંદર કેટલાક વિચારો, ભાવનાઓ, માન્યતાઓ, ગમા-અણગમા તૈયાર થતાં રહે છે. કાળક્રમે આપણા મનમાં કેટલાક સ્થાયી ભાવ આકાર ગ્રહણ કરે છે. આ સ્થાયી મનોભાવ એટલે જ 'સંસ્કાર' એમ આપણે કહી શકીએ. દરેક વ્યક્તિ અલગ અલગ વાતાવરણ વચ્ચે ઊછરે છે. આથી જ, આપણે સૌ એક જગતમાં રહેતા હોવા છતાં પ્રત્યેક વ્યક્તિનું મનોજગત યા ભાવનાવિશ્વ અલગ અલગ હોય છે.

શિશુ અવસ્થામાં મન પર જે વિચાર-છાપો પડે છે, તેનું સવિશેષ મહત્ત્વ છે. તાજા પ્લાસ્ટર પર પગ મૂકવાથી જેમ પગની કાયમી છાપ અંકિત થઈ જાય છે, તેમ બાલ્યવયમાં પડેલા સંસ્કાર દૃઢ રૂપ ધારણ કરે છે. પાંચ-છ વર્ષની ઉંમરે બાળક શાળામાં દાખલ થાય છે, પણ આ ઉંમર સુધીમાં તો બાળકે તેને પ્રાપ્ત થયેલા વાતાવરણમાંથી ઘણી સંસ્કારછાપો ગ્રહણ કરી લીધી હોય છે.

ઘણી વાર આપણને શિક્ષિત માણસોના વર્તનમાં વિરોધાભાસ જોવા મળે છે. શાળામાં શિક્ષક દ્વારા તેમ જ પાઠ્યપુસ્તકો દ્વારા મળતા વાસ્તવિક જીવન અને આચરણ વચ્ચે ક્યારેક આઘાતજનક વિરોધ જોવા મળે છે ત્યારે શું સમજવું ? શિક્ષણ કરતાં સંસ્કાર કેટલા બળવાન હોય છે ! Beliefs are stronger than logic.

આ દૃષ્ટિએ, પૂ. સ્વામી સચ્ચિદાનંદજીએ એમના 'સંસાર-રામાયણ' ગ્રંથમાં નારીવિષયક દૃષ્ટિકોણમાં બુદ્ધિગમ્ય અભિગમ દાખવ્યો છે. સમગ્ર ગ્રંથમાં અનેક સ્થળે એમણે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો પરિચય આપ્યો છે. સીતાની અગ્નિપરીક્ષાનો પ્રસંગ નવી જ રીતે રજૂ કર્યો છે. પૂ. સ્વામીજી માને છે કે બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી બમણા સહાનુભૂતિને પાત્ર છે. આ અંગેની વિસ્તૃત ચર્ચામાંથી નમૂનારૂપ એક અંશ જોઈએ :

શ્રી રામે સીતાને કહ્યું, ''સીતા, મારે તારી અગ્નિપરીક્ષા નથી લેવી. અગ્નિપરીક્ષા માત્ર સ્ત્રીઓ માટે જ કેમ ? કૌમાર્યની અખંડિતતાની સાબિતી માત્ર સ્ત્રીઓ પાસે જ મગાય છે, પુરુષોની અગ્નિપરીક્ષા કેમ નહિ ? પુરુષની અખંડિતતાની સાબિતી કોઈ સ્ત્રી કેમ નથી માગી શકતી ? કારણ કે નિયમો પુરુષોના બનાવેલા છે. મુખ્યતઃ તે સ્ત્રીઓ માટે બનાવાયા છે. સીતા, જો તારી અગ્નિપરીક્ષા હોય તો મારી કેમ ના હોય ? સીતા, મને મારી શુદ્ધિ વિશે જેટલી દૃઢતા છે તેટલી જ તારી શુદ્ધિ વિશે પણ છે.''

**['સંસાર-રામાયણ', પૃ. ૪૮૧]**

નીતિ, સંસ્કાર અને ચારિત્ર્ય અંગેના આપણા ખ્યાલો મહદંશે સેક્સકેન્દ્રી છે, આપણે ત્યાં જૂઠો, દગાબાજ, આર્થિક દૃષ્ટિએ ભ્રષ્ટ માણસ પણ 'ચારિત્ર્યવાન' હોઈ શકે છે ! પરંપરાપ્રાપ્ત ખોટા સંસ્કારોને કારણે 'ચારિત્ર્ય' અંગે આપણે પોકળ ખ્યાલોમાં અટવાયા કરીએ છીએ. સેક્સ અને ચારિત્ર્ય અંગેની ભ્રામક માન્યતાઓનું નિરસન શ્રી ગુણવંત શાહે 'મનના મેઘધનુષ' પુસ્તકમાં પોતાની આગવી ને લાક્ષણિક શૈલીમાં કર્યું છે. એમની 'રજકણ સૂરજ થવાને શમણે' નવલકથામાં એક પાત્ર મર્મસ્પર્શી વિધાન કરે છે : 'આપણે નફરત ખુલેઆમ કરીએ છીએ અને પ્રેમ ચોરીછૂપીથી કરવો પડે છે !'

સમાજમાં સૌથી વધુ શિક્ષિત, મધ્યમ વર્ગ છે. તેમ છતાં નીતિ અને ચારિત્ર્ય અંગેના તેના ખ્યાલો મધ્યકાલીન યુગથી ખાસ આગળ વધ્યા નથી ! ઉચ્ચ વર્ગ અને નિમ્ન વર્ગ પ્રમાણમાં અલ્પશિક્ષિત છે, છતાં પ્રાચીન

સંસ્કાર અને પરંપરાઓને તે છાતીએ વળગાડીને જીવતો નથી, ઉચ્ચ અને નિમ્ન વર્ગ પ્રમાણમાં સ્થિતિસ્થાપક છે, જ્યારે મધ્યમ વર્ગ, બુદ્ધિજીવી વર્ગ ગણાતો હોવા છતાં, એ પોતાના ગમા-અણગમા, પૂર્વગ્રહો, ભ્રામક માન્યતાઓ અને પરંપરાગત સંસ્કારોનો ગુલામ છે.

એક વાર એક વિદ્વાન મિત્રને સાથે લઈને હું એક સંબંધીને ત્યાં મળવા ગયો. રસ્તામાં જ્ઞાન-ચર્ચા થઈ. વિદ્વાન મિત્ર મને સમજાવતા હતા કે શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે બ્રાહ્મણ, ચાંડાળ અને કૂતરામાં એકસરખો આત્મા છે, વગેરે. અમે સંબંધીને ઘેર પહોંચ્યા. સંબંધીએ અમારું ઉમળકાભેર સ્વાગત કર્યું. એમના ઘરમાં સ્વચ્છતા અને સંસ્કારિતાની સૌરભ હતી. એમણે અમને પ્રેમપૂર્વક ચા પાઈ. ત્યાર બાદ અમે વિદાય લીધી. પાછા વળતાં પેલા વિદ્વાન મિત્ર મને કહે, 'મારા ગળામાં માંડ ચા ઊતરી.' મેં કહ્યું, 'એમ કેમ ? ચા તો બહુ સારી હતી.' મિત્ર કહે, 'યાર, કેમ ભૂલી ગયા, તમારા સંબંધી તો હરિજન હતા.' હું ખડખડાટ હસી પડ્યો, ને કહ્યું, 'ઓત્તારીની ! એ તો મને ખબર જ નહીં !'

આમ, આપણે સૌ સંસ્કારોના ગુલામ છીએ. ઉચ્ચ શિક્ષણ મેળવેલ ડૉક્ટરો, ઇજનેરો, વકીલો, અધ્યાપકો વગેરે પણ અશુભ સંસ્કારોની અસરમાંથી પૂર્ણતયા મુક્ત નથી. અનામત આંદોલનના સંદર્ભમાં મારે ઘણા બુદ્ધિજીવીઓ સાથે ચર્ચા થઈ. મેં વિજ્ઞાનની રીતે દલીલો કરી કે, માણસમાત્રની શરીરરચના એકસરખી છે. શાસ્ત્રો કહે છે તે પ્રમાણે દરેકનો આત્મા એકસમાન છે. તો પછી ભેદભાવ કેવા ? કેટલાકે તો મને કહ્યું, 'તમારી બીજી વાતો સારી છે, અમને ગમે છે, પણ આ હરિજનવાળી વાત અમને જરાય ગમતી નથી.'' આપણા ગમા-અણગમા આગળ શિક્ષણ કેવું લાચાર ! આ લોકોને કોણ સમજાવે કે ગાંધીજીએ અડધી સદી પહેલાં કહેલું કે જે ધર્મ અસ્પૃશ્યતામાં માને છે, તે ધર્મ નાશને યોગ્ય છે.

આપણા ગમા-અણગમા આપણને તટસ્થ રહેવા દેતા નથી. આ સ્થિતિ સત્ય–દર્શન માટે વિઘ્નરૂપ છે. દરેકને પોતાની જીવનરીતિ પ્રત્યે આસક્તિ હોય છે. આ આસક્તિને લીધે ''મારું એ સારું'' એ પ્રકારનું મનોવલણ દૃઢ થાય છે. વાસ્તવમાં ''સારું એ મારું'' એ જાતનું મનોવલણ ઇષ્ટ ગણાય. પરંતુ સંસ્કાર આગળ બુદ્ધિગમ્ય વલણ લાચાર બને છે. એટલે તો ''નર્મદનો જમાનો'' પાઠમાં યથાર્થ દર્શન હોવા છતાં, વૈષ્ણવ પંડિતોએ એનો વિરોધ કર્યો ! ભારત સરકારે અંગ્રેજી આંકડાઓને માન્ય કર્યો હોવા છતાં આપણે એને અપનાવતા નથી. સરકારે રાષ્ટ્રીય કેલેન્ડર તૈયાર કર્યું હોવા છતાં, આપણે જૂનાને વળગી રહ્યા છીએ. 'લખનૌ લિપિ' (સુધારેલી દેવનાગરી લિપિ) વૈજ્ઞાનિક હોવા છતાં આપણે એનો બહિષ્કાર કર્યો. ઉર્દૂમોહ અને સંસ્કૃતમોહ વચ્ચે રાષ્ટ્રભાષા ઝોલાં ખાય છે. એક જૂના ગણિતશિક્ષક બળાપો કાઢતા હતા કે રૂપિયા, આના, પાઈવાળો જૂનો હિસાબ કેટલો સહેલો હતો. એને બદલે રૂપિયા, નવા પૈસાવાળી અઘરી દશાંશ પદ્ધતિ શા સારુ દાખલ કરી ?

સાહિત્યમાં ક્યારેક બુદ્ધિગમ્ય નિરૂપણો જોવા મળે છે. પોતાની આંતરકથા આલેખતાં ધીરુબહેન પટેલ લખે છે :

''મારા કાન વીંધેલા નથી. મારા પિતા તરફની પહેલી અને સૌથી અણમોલ ભેટ મારા અનાવિદ્ધ કાન છે. હું બે-ત્રણ મહિનાની હોઈશ ને કાન વીંધવાનો પ્રશ્ન ઊભો થયો હશે ત્યારે એમણે બહુ દૃઢતાથી કહેલું 'એ મોટી થાય અને એનો પોતાનો નિર્ણય કરે ત્યાં લગી આપણે રાહ જોવી જ જોઈએ. એના કાન એને પૂછ્યા સિવાય આપણે કેમ વીંધાવી શકીએ ?''

**[સર્જકની આંતરકથા', પૃ. ૧૧૦]**

આફ્રિકામાં સ્ત્રીઓ હોઠ વીંધાવીને ઘરેણાં પહેરે છે. આપણી શિક્ષિત મહિલાઓને આ રિવાજ જંગલી લાગે છે. હોઠ વીંધાવવામાં અને નાક-કાન વીંધાવવામાં કોઈ તાત્ત્વિક તફાવત ખરો ?

વિજ્ઞાનમાં ઉચ્ચ ડિગ્રી મેળવેલ એક મિત્રે પ્રશ્ન કર્યો કે **પુ** નામના નરકમાંથી પુત્ર તારે છે. એટલે પુત્ર વગર ચાલે ખરું ? બ્રહ્માંડની વિરાટતાનો સંદર્ભ આપીને કુંદનિકા કાપડિયા લખે છે, એમાંથી આ પ્રશ્નનો ઉત્તર મળી રહે છે :

''અનંત પરિભ્રમણ કરી રહેલી, વિશ્વની કોટિકોટિ નિહારિકાઓની વચ્ચે એક નગણ્ય આકાશગંગાના ખૂણામાં પડેલા સૂર્યના એક ગ્રહ પર, અબજો લોકોની વિશાળ વસ્તીમાં, જ્યાં કાળના મહાપ્રવાહમાં લાખો-

કરોડો વંશ જન્મીને નાશ પામી ગયા છે, ત્યાં એક માણસ પોતાના વંશ દ્વારા પોતાની અમરતા ઇચ્છે–એ કેવું તો મિથ્યાભિમાન ! આ વિશાળ પૃથ્વી પર જીવનનું સાતત્ય તો કોઈ ને કોઈ રૂપે ચાલુ જ રહે છે, એમાં પોતાના અલગ સાતત્યની ઇચ્છા કરવી – એક મીની અમરતા ઇચ્છવી – તેનો કશો અર્થ છે ?''

**['સાત પગલાં આકાશમાં', પૃ. ૨૧૭]**

આ લખનાર તો એમ માને છે કે, અલ્પબુદ્ધિ, રોગિષ્ઠ, જીવજંતુ જેવાં સૃષ્ટિ પર ભારરૂપ સ્ત્રી-પુરુષોનું વંધ્યીકરણ કરી નાખવું જોઈએ. આમ કરવાથી પેલાં સ્ત્રી-પુરુષો, ભાવિ પેઢી અને સૃષ્ટિનું કલ્યાણ જ થાય પણ આપણા જૂના સંસ્કારો આ વિચાર સહન કરી શકશે ખરો ? શિક્ષિતો પણ કદાચ આ વિચારથી ચોંકી ઊઠશે ! સંસ્કાર સાથે અસહિષ્ણુતા જોડાયેલી હોય છે. પણ વિશ્વવિખ્યાત ચિંતક બર્ટ્રાન્ડ રસેલનું એક પુસ્તક વાંચતાં એમાંથી ઉપરોક્ત વિચારને સમર્થન મળે છે.

અહીં ભાવનાનો છેદ ઉડાડવાનો આશય નથી. ભાવના વડે જ જગત સુંદર અને જીવવાલાયક લાગે છે, એમાં સંશય નથી. પરંતુ આપણે જ્યાં લાગણી, ભાવના અને સહાનુભૂતિ દર્શાવવાની જરૂર હોય ત્યાં નિષ્ઠુરતા દર્શાવીએ છીએ અને જ્યાં બુદ્ધિયુક્ત વલણ અખત્યાર કરવાનું હોય ત્યાં લાગણીવેડામાં સરી પડીએ છીએ. આપણી ભાવના પણ બુદ્ધિપૂત હોવી ઘટે. ભાવના અને બુદ્ધિ વચ્ચે પૂર્ણ વિરોધ નથી. બંને વચ્ચે સહઅસ્તિત્વ શક્ય છે.

કાળક્રમે શુભ સંસ્કારો પણ વિકૃત થતા રહે છે. સતત જાગૃતિના અભાવે આપણને એનો ખ્યાલ રહેતો નથી. આથી વિકૃત સંસ્કારને જ આપણે શુભ સંસ્કાર માનીને ચાલીએ છીએ. પરિણામે આપણે ઘણા અન્યાયો આચરી બેસીએ છીએ. આપણે શિક્ષિત હોવા છતાં બુદ્ધિસંગત વર્તન કરતા નથી. સ્કૂટરના પ્લગમાં કાર્બન ભરાય અને અવારનવાર તેને સાફ કરતા રહીએ છીએ, તે રીતે અશુભ સંસ્કારોનું સંસ્કરણ કરવું પણ જરૂરી થઈ પડે છે. જો આમ થતું રહે તો જ્ઞાન અને આચરણ વચ્ચેનો વિરોધાભાસ જરૂર ઓછો થાય. સંસ્કાર પર શિક્ષણનો વિજય થાય.

છેલ્લા ચાર-પાંચ દશકમાં શિક્ષણનો ખૂબ પ્રસાર થયો છે. શિક્ષણના પ્રસારથી આપણી રૂઢ માન્યતાઓ, પૂર્વગ્રહો, પ્રતિબદ્ધ ધારણાઓમાં પરિવર્તન આવી રહ્યું છે. તેમ છતાં, આજના આપણા શિક્ષણે આપણને પરંપરિત સંસ્કારોમાંથી પૂરેપૂરા મુક્ત કર્યા છે, એવું કહેવાની સ્થિતિ આપણે પ્રાપ્ત કરી નથી.

**તુલસીભાઈ પટેલ**
**૧, ઉદયનગર સોસાયટી, ધરમ સિનેમા રોડ,**
**મહેસાણા-૨ મો. ૯૯૯૮૦૮૯૬૩૩**

રવિએ નિરાંતે તૈયાર થયો. પ્રભાત ખુશનુમા અને ખૂબસૂરત હતું. ચારે તરફથી ગિરિમાળા અને લીલીછમ વનરાજિઓને વધાવતું ગ્રાસમિયર સરોવર સુંદર શોભતું હતું. કવિઘર પાસે જઈ ત્યાંથી રસ્તો લઈ ડુંગર માર્ગે રાઇડલ જવાનું વિચાર્યું. ઊંચેથી સરોવરનો અને આખી ગ્રાસમિયર ખીણનો ખ્યાલ મળતો હતો. આજકાલ પ્રવાસીઓની ઋતુ છે. રસ્તાની કોરે પડાવો. ખભે સામાન બાંધીને ચાલી નીકળેલ યુવકો-કિશોરો મળે. બે-ત્રણ વિદ્યાર્થિનીઓ પણ એ રીતે નીકળી પડેલી હોય. રોધે નદીમાં અને રાઇડલ સરોવર શરૂ થાય છે ત્યાં બાળકો તરવાના પાઠ લઈ રહ્યાં હતાં. ગામ આવ્યું. દેવળ પડખે ડાબી તરફ ચઢતાં કવિનું રાઇડલ માઉન્ટ – રાઇડલ ટીંબો – નામનું ઘર આવે છે.

આ ઘર તે 'ઘર'. સહેજ મોકળું હતું. નીચલો ખંડ વિશાળ અને બેસવાની સગવડવાળો હતો. અહીં કવિની છબીઓ વગેરે હતું. ઉપરના ઓરડામાં હસ્તપ્રતો અને પહેલી આવૃત્તિઓ વગેરે મૂકેલું હતું. રાણી વિક્ટોરિયાએ રાજકવિને આપેલી પોતાની છબી અહીં હતી. રાજકવિપદનો સ્વીકાર, થોડીક ચર્ચાને અંતે પોતાનો વાંધો નીકળી જતાં, પોતે કર્યાના સમાચાર ભાઈને આપતો કાગળ કાં તો અહીં જોયો અથવા તો ગ્રાસમિયર મ્યુઝિયમમાં. તેમના સમયમાં પ્રચલિત અને કવિએ વાપરેલાં પુસ્તકો – ખાસ તો મિલ્ટનનો કાવ્યસંગ્રહ – કવિની સહી સહિત જોયાં.

**ઉમાશંકર જોશીના જય વડ્ર્ઝવર્થ**

# અખૂટ મૂડી : સંસ્કાર

રણછોડ શાહ

સૌકોઈ પોતાનાં સંતાનોને દિલથી વહાલ કરે છે. પ્રત્યેક બાળક તેનાં માતા-પિતા માટે અત્યંત કીમતી હોય છે. સંતાનોને વારસો આપતા કેટલાક લોકો અન્યોથી જુદા પડે છે. થોડાક વાલીઓ સંતાનોને અઢળક ધન આપવાની ઇચ્છા ધરાવતા હોય છે. સમગ્ર જિંદગી દરમિયાન સખત અને તનતોડ મહેનત કરી પ્રાપ્ત કરેલી સંપત્તિ વારસદારોને આપવાની ઘણા લોકોની વૃત્તિ હોય છે. સંતાનોને કોઈ સંઘર્ષ જ ન કરવો પડે તેટલું ધન આપતાં મમ્મી-પપ્પા આનંદની અનુભૂતિનો અનેરો અનુભવ કરે છે. યેન-કેન પ્રકારણે પ્રાપ્ત કરેલું ધન બાળકોને વડીલોના મૃત્યુ બાદ ગૌરવ અપાવે છે કે શરમ ? તે નક્કી કરવાનું કઠિન છે. પરંતુ કેટલાક લોકો સંતાનોને સંસ્કાર, પ્રામાણિકતા, મૂલ્યોની જાળવણી, નિષ્ઠા, વફાદારી જેવા ગુણોની મૂડી આપવાનું યોગ્ય માને છે. આ મૂડી અમૂલ્ય અને અવિનાશી હોય છે.

ટોમ સ્મિથ નામની એક વ્યક્તિએ તેના મૃત્યુ સમયે સંતાનોને બોલાવી શિખામણ આપતાં જણાવ્યું કે જો તેઓ જીવનમાં માનસિક શાંતિ ઇચ્છતાં હોય તો પોતે જે પગલે ચાલ્યા છે તે રસ્તે આગળ વધો. તેની પુત્રી સારાએ કહ્યું, ''પિતાજી, તમારા બૅન્કના ખાતામાં અત્યારે એક પણ પેની નથી. બીજા પપ્પાઓ કે જેમને તમે લાંચિયા અને પ્રજાના પૈસાની ચોરી કરતા જણાવતા હતા તેઓ તેમનાં સંતાનો માટે ખૂબ મોટી મિલકત મૂકીને જાય છે. અરે ! આપણે જે ઘરમાં રહીએ છીએ તે પણ ભાડાનું છે. માફ કરજો પણ હું તમારા રસ્તે ચાલીશ નહીં. અમે અમારો રસ્તો અમારી રીતે શોધી લઈશું.'' થોડાક સમય બાદ ટોમ સ્મિથ પોતાની પ્રામાણિકતાપૂર્ણ જિંદગી અને માન્યતાઓ સાથે આ વિશ્વ છોડીને જતા રહ્યા. અંતિમ ક્રિયા પૂર્ણ કરીને સૌ છૂટા પડ્યા.

ત્રણ વર્ષ બાદ સારા એક બહુરાષ્ટ્રીય કંપનીમાં ઇન્ટરવ્યૂ આપવા ગઈ. ત્યાં કમિટીના અધ્યક્ષે પૂછ્યું, ''તમે સ્મિથ એટલે કોણ...?''

સારાએ જવાબ આપ્યો, ''હું સારા સ્મિથ છું. મારા પિતા ટોમ સ્મિથ હવે સ્વર્ગસ્થ છે.'' અધ્યક્ષે વચ્ચેથી અટકાવીને કહ્યું, ''અરે ! તું ટોમ સ્મિથની પુત્રી છે ?'' ચેરમૅને કમિટીના બીજા સભ્યોને સંબોધીને કહ્યું, ''આ શ્રીમાન સ્મિથે તો મારા ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડમિનિસ્ટ્રેશનના સભ્યપદ માટેના અરજી ફૉર્મમાં સહી કરી આપી હતી. તેમની ભલામણને કારણે જ તો આજે હું આ જગ્યા ઉપર છું. તેઓ મને ઓળખતા પણ નહોતા છતાં તેઓએ મને ખૂબ મોટી મદદ કરી હતી.''

તેઓએ સારા તરફ જોયું અને બોલ્યા, ''હવે મારે તમને કાંઈ પૂછવાનું નથી. તમારી આ જગ્યા માટે પસંદગી કરવામાં આવે છે. આવતીકાલે આવી તમે તમારો નિમણૂક પત્ર લઈ જજો.''

સારાને કંપનીના કોર્પોરેટ એફેર્સના મૅનેજર પદે નીમવામાં આવ્યાં. આ જવાબદારી નિભાવવા માટે બે કાર સાથે ડ્રાઇવર પણ આપવામાં આવ્યા. રહેવા માટે ઑફિસની બાજુમાં જ વિશાળ અદ્યતન બંગલો આપવામાં આવ્યો. એક લાખ ડૉલરનો પગાર તથા અન્ય તમામ સવલતો તેમને પૂરી પાડવામાં આવી.

બે વર્ષ બાદ કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર અમેરિકાથી આવ્યા અને પોતે રાજીનામું આપી કોઈને એ જગ્યા ઉપર નીમવા માંગે છે તેમ જણાવ્યું. આ જગ્યા માટે ઉચ્ચકક્ષાની નીતિમત્તાવાળી વ્યક્તિની શોધ શરૂ થઈ. કંપનીના પરામર્શકે ફરીથી સારા સ્મિથનું નામ સૂચવ્યું. રૂબરૂ મુલાકાત દરમિયાન સારાને તેની સફળતાનું રહસ્ય પૂછતાં તેને આશ્રુસભર વાણીમાં જણાવ્યું, ''મારા પિતા મારે માટે સફળતાનો રસ્તો કંડારી ગયા છે. તેઓના મૃત્યુ બાદ મને સમજાયું કે તેઓ

આર્થિક રીતે ગરીબ હતા પરંતુ વફાદારી, પ્રામાણિકતા, શિસ્ત, નિષ્ઠા, નિસબત અને અન્યોને મદદ કરવાની વૃત્તિ બાબતે અત્યંત સમૃદ્ધ હતા.'' આટલું બોલતાં બોલતાં તો તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. સૌને આશ્ચર્ય થયું. તેને કારણ પૂછતાં ઉત્તર આપ્યો, ''તેમના મૃત્યુ સમયે મેં તેમની પ્રામાણિકતા અને અન્ય સદ્‌ગુણોની તુલના પૈસા સાથે કરી હતી. તેઓના મૃત્યુ સમયે મેં તેમનું અપમાન કર્યું હતું. મને આશા છે તેઓ કબરમાંથી મને જરૂરથી માફ કરી દેશે. મેં જે કાંઈ કર્યું તે મારી જાતે કર્યું નથી, પરંતુ તેઓના રસ્તે ચાલવાનો પ્રયત્ન કર્યો છે.'' સારાને પુનઃ પૂછવામાં આવ્યું કે તેઓ ભવિષ્યમાં પણ પિતાના પગલે જ ચાલશેને ? તેનો પ્રત્યુત્તર હતો, ''હું તેમને અત્યંત ચાહું છું. મારા બેઠકખંડમાં તેમનું સંપૂર્ણ કદનું ચિત્ર છે. મારા ઘરના પ્રવેશ દ્વારા પાસે તેઓની પ્રતિમા છે. તેઓ મારે માટે ઈશ્વર છે.''

નામ પ્રાપ્ત કરવામાં સમય લાગે છે. નીતિ, પ્રામાણિકતા, જાત ઉપરનો કાબૂ અને ભગવાનનો ડર માણસને સંપત્તિવાન તો બનાવે. ક્યારેક કદાચ તેના બૅન્ક એકાઉન્ટમાં બહુ મોટી રકમ ન પણ હોય, પરંતુ સંતાનો માટે ઉત્તમ સંસ્કારનો વારસો મૂકી જવો તે સૌથી મોટી મૂડી છે. સંપત્તિથી સંસ્કાર ખરીદી શકાતા નથી પણ હા, સંસ્કારથી ધન પ્રાપ્ત થઈ શકે છે. પેઢીઓથી અપાતો સંસ્કારનો વારસો જ ચિરંજીવી હોય છે. જ્યારે ધન-દોલત ક્ષણભંગુર હોય છે.

પૂનામાં એક પારસી પૂનાવાલા કુટુંબ રહે છે. ડૉ. સાયરસ પૂનાવાલા, પૂનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ અને બીજા અનેક ઉદ્યોગોના ચેરમૅન અને મૅનેજિંગ ડિરેક્ટર છે. તેઓ પાસે એક ગંગાદત્ત નામનો ડ્રાઇવર હતો. તેઓની લીમોશીન (Limousine) ગાડી છેલ્લા ૩૦ વર્ષથી ચલાવતો હતો.

શ્રી પૂનાવાલા એક અગત્યના કામે મુંબઈ ગયા હતા. ત્યાં અચાનક તેઓએ ગંગાદત્તના અવસાનના સમાચાર જાણ્યા. જેવા આ સમાચાર મળ્યા કે તુર્તજ પોતાની તમામ મુલાકાતો રદ કરી નાંખી. ગંગાદત્તના કુટુંબીજનોને વિનંતી કરી કે તેઓ પરત આવે ત્યાં સુધી તેમની દફનવિધિ કરવી નહીં. હેલિકોપ્ટર દ્વારા તુરત જ પૂના આવ્યા.

પૂના પહોંચ્યા બાદ તેઓએ કારને ખૂબ ભવ્ય રીતે શણગારવાની સૂચના આપી. તેઓએ જણાવ્યું કે આ કાર ખરીદી ત્યારથી ગંગાદત્ત જ ચલાવતા હતા. તેમના શબને આ કારમાં જ સ્માશનભૂમિમાં લઈ જવામાં આવશે. ગંગાદત્તના કુટુંબીજનોએ આ વાત સ્વીકારી. ત્યાર બાદ તેઓ જાતે ગાડી ચલાવીને ઘરેથી સ્મશાનઘાટ સુધી અંતિમ સંસ્કાર માટે લઈ ગયા.

પૂનાવાલાને જ્યારે આ બાબતે પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ જવાબ આપ્યો, ''ગંગાદત્તે દિવસરાત જોયા વિના મારી સેવા કરી છે. જ્યારે તે અનંતની યાત્રાએ જઈ રહ્યા છે ત્યારે તેમને માટે આટલું કરવાની તો મારી ફરજ છે.'' વધુમાં જણાવ્યું, ''ગંગાદત્ત ગરીબાઈમાંથી ઊંચે આવ્યા છે. તેમણે બંને સંતાનોને ઉચ્ચશિક્ષણ આપ્યું છે. તેમની દીકરી તો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને તે સાચે જ પ્રશંસનીય છે.''

તેમનો અંતિમ અભિપ્રાય તો કોઈ પણ સજ્જન વ્યક્તિને શોભા આપે તેવો છે, ''સૌ ધન કમાય છે. તેમાં કાંઈ પણ વિશિષ્ટ નથી. પરંતુ આપણને સફળતા પ્રાપ્ત કરવામાં મદદ કરનાર સૌના ઋણી રહેવું તે આપણી પ્રાથમિક અને અત્યંત જરૂરી ફરજ જ નહીં, જવાબદારી છે. અમને અમારા ઉછેર દરમિયાન વડીલો મારફત આ સંસ્કાર કાળજીપૂર્વક આપવામાં આવ્યા હતા માટે જ હું આજે આ કરી શક્યો.''

આ અત્યંત પ્રેરણાદાયી ઉદાહરણ છે. સંસ્કારનો વારસો આપવો હોય તો બાળકોના બાલ્યકાળથી જ તે બાબતની કાળજી રાખવી પડે. બાળકો વડીલોના વર્તનની બારીકાઈથી નોંધ લેતા હોય છે. મોટાઓ કરશે તેવું જ તેઓ કરશે. મોટા થયા બાદ સંસ્કાર, સારા વિચાર તથા સારી વર્તણૂકનું આરોપણ કરવાનું કાર્ય ખૂબ કઠિન હોય છે. જે ઘરમાં સંસ્કારનો વારસો હોય ત્યાં સંપત્તિનો નિવાસ હોય જ પરંતુ તેનાથી ઊંધું ન પણ હોય. બાળકોને ધન નહીં આપીએ તો ચાલશે, પરંતુ, સદ્‌ગુણો આપવાનું ક્યારેય ચૂકવા જેવું નથી.

**રણછોડ શાહ**

**૪૭, સુવર્ણપુરી સોસાયટી, ચીકુ વાડી,**

**જેતલપુર રોડ, વડોદરા-૪૦૦૦૦૭.**

**સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧**

# મહત્ત્વની ચર્ચા (The Great Debate)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

ખગોળશાસ્ત્રમાં ઐતિહાસિક મહત્ત્વની ચર્ચા થયેલી, જેણે વિશ્વનું કદ અનેકગણું કર્યું. તે મહત્ત્વની ચર્ચા આ લેખમાં જોઈએ. આના માટે દૂરબીનનો ઇતિહાસ જરૂરી હોઈને દૂરબીનનો ઇતિહાસ પણ જોઈએ.

**ગેલિલીયો ગેલિલી (Galileo Galilei)**

ગેલિલીયો પિસા (Pisa) ઇટાલીમાં 15 ફેબ્રુઆરી, 1564માં જન્મેલા. મોટા ભાગના લોકો એવું માને છે કે દૂરબીન (Telescope) ગેલિલીયોએ શોધેલું. હકીકતમાં દૂરબીનની પેટન્ટ ઑક્ટોબર, 1608માં ચશ્માં બનાવનાર હાન્સ લિપ્પરશિયે (Hans Lippershey) કરાવેલી છે. આ વાર્તા જાણીને ગેલિલીયો દૂરબીન બનાવવા બેસી ગયા. ગેલિલીયોની મોટામાં મોટી સિદ્ધિ લિપ્પરશિયના પ્રારંભિક સ્વરૂપના દૂરબીનને સાચા અર્થમાં ધ્યાન ખેંચે તેવા સાધનમાં ફેરવી શકેલા. જ્યારે તે સમયે મોટા ભાગનાં દૂરબીનો વસ્તુને દસ ગણું કરતાં ત્યારે ગેલિલીયોના નેત્રજ્ઞાનના (Optics) કારણે તેમનાં બનાવેલાં દૂરબીનો વસ્તુને 60 ગણી કરતાં.

ગેલિલીયોએ ચંદ્રનો દૂરબીનથી અભ્યાસ કર્યો જે ટોલેમીના વિચારો કરતાં તદ્દન જુદો દેખાયો. ચંદ્રની સપાટી ઉપર ઊંચા પહાડો, ઊંડી ખાઈઓ અને મોટા વળાંકો જોયા. જાન્યુઆરી, 1610માં તેમણે જ્યુપીટરની આસપાસ ફરતા ચાર ચંદ્રો જોયા. આ પહેલાં પૃથ્વીની આસપાસ ફરતો એક જ ચંદ્ર ઘણાબધાએ જોયેલો. સૂર્ય ઉપર 'સન સ્પૉટ (Sun Spot)'ની નોંધ પણ લીધેલી.

**વિલિયમ હર્સ્કીલ (William Herschel)**

ગેલિલીયો પછીની પેઢીમાં દૂરબીનની ડિઝાઇન કરનાર અને ઉપયોગ કરનાર તરીકે વિલિયમ હર્સ્કીલ આવે. હર્સ્કીલનો જન્મ 15 નવેમ્બર, 1738માં હનોવર, (Hanover) જર્મનીમાં થયેલો. તેમણે જિંદગીની શરૂઆત સંગીતશાસ્ત્રી તરીકે કરેલી. હનોવરિઅન લશ્કરમાં વાજાંવાળી મંડળીમાં હતા. હેસ્ટનબેકની (Hasten back) 1757ની સાત વર્ષની લડાઈમાં મોતની નજીક આવેલા તે સમયે લશ્કર અને દેશ છોડીને પરદેશમાં સંગીતકાર તરીકે જિંદગી જીવવાનો વિચાર કર્યો. હેનોવરિઅન જ્યૉર્જ લુઈસ બ્રિટનના રાજા જ્યૉર્જ I તરીકે આવેલા હોઈને તેમણે બ્રિટનમાં રહેવા જવાનો વિચાર કર્યો.

બ્રિટનમાં આવ્યા પછી ઘણી જગ્યાઓ બદલતાં બદલતાં નવા-નવા માણસોના સંપર્કમાં આવતા ગયા. તેઓ રેવરન્ડ જોહ્ન મિચેલના (Rer. John Michelle) સંપર્કમાં આવ્યા. મિચેલ કેમ્બ્રીજમાં ગણિતના પ્રોફેસર હતા અને જાણીતા ખગોળશાસ્ત્રી પણ હતા. મિચેલે હર્સ્કીલમાં ગણિત અને બહિર્ગોલ પારદર્શક કાચનો (lesser) રસ ઊભો કર્યો. મિચેલના 1793ના નિધન પછી તેમની એસ્ટેટ પાસેથી 30 ઇંચનું દસ ફૂટ લાંબું રીફ્લેક્ટિંગ દૂરબીન ખરીદ્યું જે રસ્તામાં તૂટી ગયું, જે તેમણે રિપેર કર્યું. અંગ્રેજ ખગોળશાસ્ત્રી રૉયલ નીવિલ માસ્કીલીનના (Royal Nevil Maskelyne) સંપર્કમાં આવવાથી ખગોળશાસ્ત્રનો રસ વધ્યો. તેમનું પોતાનું દૂરબીન બનાવવામાં દરરોજ 16 કલાક કાચ ઘસવામાં અને પૉલિશ કરવામાં કાઢતા. જેમ-જેમ વખત જતો ગયો તેમ-તેમ તેમને આકાશદર્શનમાં રસ પડવા માંડ્યો. આખરે બ્રિટનમાં ઘર પણ લીધું. શનિના વલયોનાં અવલોકનો અને એરાવર શિકારી નિહારિકાના (The Great Orion Nebulae) લેખોથી શરૂ કરીને

ખગોળશાસ્ત્રના સામયિકની શરૂઆત 1 March 1774માં કરી.

હર્સ્કીલની ખૂબ જ જાણીતી શોધ 1781માં તેમના બગીચામાંથી તેમની જાતે શૂન્યમાંથી બનાવેલું દૂરબીન વાપરીને કરી. તેમણે આકાશમાં અજાણી વસ્તુ ઘણી રાત ધીરેધીરે ફરતી જોઈ. તેમણે માની લીધું કે તે પૂછડિયો તારો છે પણ તેમણે બરાબર જોયું તો તેને પૂછડી નથી. હકીકતમાં તે નવો ગ્રહ યુરેનસ (Uranus) હતો. આ નવો ગ્રહ શોધવા બદલ 1781નો ખગોળશાસ્ત્રમાં અપાતો કોપલી મેડલ (Coplay Medal) તેમને આપવામાં આવ્યો અને રૉયલ સોસાયટીના ફેલો (Fellow) તરીકે ચૂંટવામાં આવ્યા. 1782માં 'ધી કિન્ગ્સ એસ્ટ્રોનોમર (The King's Astromomer)' તરીકેની તેમની નિમણૂક કરવામાં આવેલી.

તેમણે દૂરબીનો બનાવવાનું કામ ચાલુ જ રાખ્યું અને તેમણે 60 રીફલેકશન (Reflection) દૂરબીનો બ્રિટન અને બીજાં રાજ્યોમાં વેચ્યાં છે. તેમણે તેમની જિંદગી દરમિયાન 400 દૂરબીનો બનાવ્યાં છે. હર્સ્કીલ દૂરબીન બનાવવામાં ખૂબ જ ગર્વ લેતા. દૂરબીન બનાવવાનું જાતે જ શીખેલા છતાંય તે દુનિયાનાં સારામાં સારાં દૂરબીનો બનાવતા. તેમનાં બનાવેલાં દૂરબીનો સામાન્ય રીતે વસ્તુને 2010 ઘણી મોટી કરતાં જ્યારે એસ્ટ્રોનોમર રૉયલનાં (Astronomer Royal) દૂરબીનો વસ્તુને 270 ઘણી મોટી કરતાં.


હર્સ્કીલનો આશય તેમનાં સારામાં સારાં દૂરબીનનો ઉપયોગ કરીને પૃથ્વીથી બધા તારાઓનાં અંતરો માપવાનો હતો. પણ તેમાં ખાસ સફળતા ન મળી. 1782થી 1802 સુધી તેમનાં બનાવેલાં બે દૂરબીનનો ઉપયોગ કરીને નિહારિકાઓનો (Nebular) અભ્યાસ શરૂ કર્યો. નિહારિકાઓનો અભ્યાસ પુરાણા સમયથી ચાલે છે. પુરાણા સમયમાં ફક્ત આંખોથી થોડીક જ નિહારિકાઓ જોઈ શકાતી, જ્યારે દૂરબીનની શોધ પછી ઘણી નિહારિકાઓ છે તેનો ખ્યાલ આવ્યો. નિહારિકાઓની સૌથી પહેલી સૂચિ બનાવનાર ફ્રેન્ચ ખગોળશાસ્ત્રી ચાર્લ્સ મીસ્સિઅર (Charles Messier) હતા. તેમણે આ સૂચિ (catalogue) ઉપર 1764થી કામ શરૂ કરેલું. તેમનું કામ આકાશમાં પૂછડિયા તારાઓ શોધવાનું હતું. પૂછડિયા તારાઓ શોધવામાં મદદરૂપ થાય તે માટે તેમણે 1781માં 103 નિહારિકાઓની સૂચિ પ્રસિદ્ધ કરી. હજુ આજે પણ ઘણા આ નિહારિકાઓને તે સૂચિના નંબર પ્રમાણે ઓળખે છે જેમ કે એન્ડ્રોમેડા (દેવયાની) નિહારિકાને M31 તરીકે ઓળખે છે.

હર્સ્કીલને જેવી મીસ્સિઅરની સૂચિ મળી કે તુરત જ તેઓ તેમનાં મોટામાં મોટાં દૂરબીનોથી નિહારિકાઓ શોધવા મંડી પડ્યા. તેમણે 2500 નિહારિકાઓની સૂચિ બહાર પાડી. આ અભ્યાસ દરમિયાન તેમણે નિહારિકાઓની પ્રકૃતિનું અનુમાન કરવા માંડ્યું. નિહારિકાઓ વાદળો જેવી લાગતી હોઈને તેમણે માન્યું કે નિહારિકાઓ વાયુ અને મોટાં વાદળો છે. ખાસ તો હર્સ્કીલ સ્પષ્ટપણે આ વાદળોમાં તારાઓ જોઈ શકતા, જે એમ દર્શાવતું કે આ નિહારિકાઓ જુવાન તારાઓની બનેલી છે. અને આ જુવાન તારાઓની આસપાસ ભંગાર પડ્યો છે જેમાંથી ગ્રહો બનાવશે. હર્સ્કીલને એવું લાગ્યું કે આ નિહારિકાઓ જિંદગીની શરૂઆત કરનારા તારાઓની બનેલી છે અને બીજા બધા તારાઓની જેમ આ બધી નિહારિકાઓ આકાશગંગામાં આવેલી છે.


જ્યારે હર્સ્કીલ એમ માનતા કે વિશ્વમાં આકાશગંગામાં જ બધા તારાઓ અને નિહારિકાઓ આવ્યા છે ત્યારે અઢારમી સદીના જર્મનીના તત્ત્વજ્ઞાનના જાણીતા અધ્યાપક કેન્ટ (Kant) આનાથી વિરુદ્ધ અભિપ્રાય ધરાવતા અને દલીલ કરતા કે થોડીક નિહારિકાઓ આકાશગંગાની જેમ તારાઓનું જૂથ છે. આ જૂથ આકાશગંગાના જેટલા જ કદવાળું છે અને આકાશગંગાથી ઘણું દૂર છે. કેન્ટના જણાવ્યા પ્રમાણે નિહારિકાઓ વાદળો જેવી દેખાય છે. કારણ કે તેનામાં લાખ્ખો તારાઓ છે. આ તારાઓ ધુમ્મસ જેવા પ્રકાશ જોડે મળી જાય છે અને એટલા બધા દૂર છે કે તે વાદળો જેવા દેખાય છે. આ બંને પક્ષોના અભિપ્રાયોમાં કોણ સાચું છે તે તો ફક્ત નિરીક્ષણથી જ પુરવાર થઈ શકે. આ પુરાવાનો પહેલો ભાગ લૉર્ડ રૉસ્સે (Lord Rosse) આપ્યો.

## લૉર્ડ રૉસ્સ (Lord Rosse)

લૉર્ડ રૉસ્સ પૈસાદાર વારસદારને પરણેલા અને તેમને વારસામાં આયર્લૅન્ડમાં બરનો કિલ્લો (Birr Castle) જે વિશાળ એસ્ટેટમાં છે તે મળેલો. લૉર્ડ રૉસ્સે સારામાં સારું અને મોટામાં મોટું દૂરબીન બનાવવા માટે નક્કી કરેલું. તેઓ જાતે મહેનતુ હતા અને તેમના હાથથી કામ કરવામાં ડરતા ન હતા. ત્રણ વર્ષની મહેનત પછી 1845માં પોતાના દસ લાખ પાઉન્ડ ખર્ચીને 16.5 મીટર લાંબું દૂરબીન ગોઠવીને લૉર્ડ રૉસ્સે આકાશદર્શન શરૂ કર્યું. એક જ તકલીફ : ઋતુની. આ દૂરબીન એવી જગ્યાએ હતું કે જ્યાં વાદળો વગરનું ચોખ્ખું આકાશ ભાગ્યે જ હોય. ત્યાંનું ઋતુમાન : વરસાદ પહેલાંનું એટલે કે વાદળોવાળું અથવા વરસાદવાળું વાતાવરણ. આવા વાતાવરણમાં પણ લૉર્ડ રૉસ્સ નિહારિકાનો સ્પષ્ટ ઊંડાણપૂર્વક અભ્યાસ કરી શકેલા જે આકૃતિ 1(a)માં આપેલો છે. આ સ્કેચ લૉર્ડ રૉસ્સે જાતે દોરેલો છે અને આ સ્કેચની બાજુમાં આકૃતિ (1b)માં પાલ્યા વેધશાળાએ લીધેલું ચિત્ર પણ આપેલું છે. આ ચિત્ર લૉર્ડ રૉસ્સના દૂરબીનની શક્તિ અને લૉર્ડ રૉસ્સની નિરક્ષણ શક્તિ દર્શાવે છે.



આકૃતિ (1a)



આકૃતિ (1b)

આ ચિત્રો ઉપરથી એમ કહી શકાય કે કોઈ કોઈ નિહારિકાઓ તારાઓનાં સંગ્રહસ્થાન છે, પણ કેન્ટની થિયરી આગળ જઈને એમ કહે છે કે કોઈ-કોઈ નિહારિકાઓ આકાશગંગાથી સ્વતંત્ર છે. આ માટે નિહારિકાનું અંતર ખૂબ જ અગત્યનું બને છે. જો આપણને નિહારિકાનું અંતર મળે તો તેનાથી આપણે કહી શકીએ કે તે નિહારિકા આકાશગંગામાં છે કે આકાશગંગાથી દૂર છે.

## જ્યૉર્જ ઈલિરી હેલ (George Ellery Hale)

ખગોળશાસ્ત્ર માટે જેમજેમ નવી શોધો થાય તેમતેમ વિજ્ઞાનનાં નવાં સાધનો મળતાં થાય. આ નવાં સાધનો સાથેની વેધશાળા અને દૂરબીનો ખગોળશાસ્ત્ર માટે ખૂબ જ જરૂરી છે. આ સર્વે માટે આર્થિક સહાયની ખૂબ જ જરૂર. આવી મદદ કરનાર જ્યૉર્જ ઈલિરી હેલ હતા. તેમનો જન્મ 1868માં શિકાગોમાં થયેલો. તેમના પિતાજી શરૂઆતમાં લિફ્ટના સેલ્સમૅન હતા પછી શિકાગોમાંના બહુમાળી મકાનોની લિફ્ટ બનાવીને વેચેલી. અરે એફિલ ટાવરની લિફ્ટ પણ તેમણે જ બનાવેલી. આના કારણે કુટુંબ પૈસાદાર બનેલું અને જ્યૉર્જના દૂરબીન અને સૂક્ષ્મદર્શક યંત્રના રસને પોષી શકતા. જ્યૉર્જ હેલનો ખ્યાલ દુનિયાનું સારામાં સારું દૂરબીન બનાવનાર થવાનો હતો. પશ્ચિમના કાંઠા ઉપરના ખગોળશાસ્ત્રીઓએ દૂરબીન બનાવવાની યોજના પડતી મૂકેલી. તેમના ત્યજી દીધેલા લેન્સ ભેગા કર્યા. હેલનો ખ્યાલ 1 મીટર વ્યાસનું વક્રીભવનના નિયમનું દૂરબીન આ લેન્સનો ઉપયોગ કરીને બનાવવાનો હતો અને સાથે-સાથે આ દૂરબીનની આસપાસ વેધશાળા બનાવવાનો પણ હતો.

હેલે દૂરબીન અને વેધશાળા માટે ચાર્લ્સ ટાયસન યેર્ક (Charles Tyson Yerkes) પાસે ફંડફાળાની માગણી કરી. યેર્ક શિકાગોની રેલવે સિસ્ટમ બાંધીને પૈસા કમાયેલા. પણ તેમણે કરેલી છેતરપિંડીના કારણે ગુનેગાર જાહેર થયેલા. હેલ યેર્કને સમજાવતા કે આ વેધશાળાને મદદ કરવા તેમની પ્રતિષ્ઠામાં વધારો થશે. યેર્કના મિત્ર જેમ્સ લિક (James Lick) જમીનોમાં ખૂબ કમાયેલા અને તેમણે કેલિફૉર્નિયામાં વેધશાળા માટે ઘણું મોટું દાન આપેલું જેના કારણે તે વેધશાળા લિક વેધશાળા તરીકે ઓળખાય છે. હેલ જે વેધશાળા બનાવવાના છે તેની આગળ લિક વેધશાળા વામન લાગશે તેમ તેમણે યેર્કને સમજાવ્યા કર્યું. હેલની વારંવાર માગણીના કારણે યેર્કે તે જમાનાના પાંચ લાખ ડૉલર યેર્ક વેધશાળા માટે આપ્યા. યુનિવર્સિટી ઑફ શિકાગોના ભાગરૂપ આ

વેધશાળા બની. આપણા જાણીતા પ્રો. ચંદ્રશેખરે ઘણાં વર્ષ યેર્ક વેધશાળામાં કામ કરેલું. આ વેધશાળા શિકાગોની ઉત્તર દિશા શિકાગોથી 120 કિ.મી. દૂર વિલિયમ્સ બેની (Williams Bany) નજીક આવેલી છે.

સામાન્ય રીતે દરેક દેશવાસીઓના મગજમાં તેમના દેશમાં સારામાં સારી અને મોટામાં મોટી વસ્તુ હોવી જોઈએ તેવું હોય છે. હેલ અપવાદ ન હતા. હેલને પણ ર્યર્ક વેધશાળાનો સંતોષ ન હતો, તેમના મગજમાં પણ 60 ઈંચ વ્યાસનું દૂરબીન બનાવવાનું સ્વપ્નનું સવાર થયું. હેલ અમેરિકાની જાણીતી યેલ (Yela) યુનિવર્સિટીના સ્નાતક હતા. આવું દૂરબીન બનાવવાની રીત અને બનાવવા માટે પૈસા ક્યાંથી મેળવવા તે હેલને માટે અગત્યનું કામ બની ગયું. આખરે કેલિફોર્નિયામાં પાસાડેના નજીક માઉન્ટ વિલ્સન ઉપર કાર્નેગી ઇન્સ્ટિટ્યૂટની મદદથી 60 ઇંચના વ્યાસવાળા દૂરબીન સાથેની વેધશાળા હેલે બાંધી.

હેલનો ત્રીજો પ્રોજેક્ટ 100 ઇંચ વ્યાસવાળું દૂરબીન માઉન્ટ વિલ્સન ઉપર ગોઠવવાનો હતો. દૂરબીનના કાચ માટે ફ્રાન્સથી પાંચ ટન કાચ મંગાવ્યો, પણ હેલની ટીમને આ કાચની શક્તિમાં શંકા લાગી. 1917માં લૉસ એન્જેલસના હાર્ડવેરના ટાયકુન જોન હુકરની (John Hooker) મદદથી પૂરો થયો. આ દૂરબીન ખૂબ જ શક્તિશાળી હતું. 15000 કિ.મી. દૂર રાખેલ મીણબત્તીને પણ દૂરબીન બતાવી શકતું. આ હૂકર દૂરબીન અગાઉના દૂરબીનો નિહારિકાઓને બરાબર જોઈ ન શકે, તે આ કરી શકતું. હેલે જે 40 ઇંચ, 60 ઇંચ અને 100 ઇંચના વ્યાસવાળાં દૂરબીનો બનાવવામાં ભાગ ભજવેલો તેની કોઈ કિંમત થઈ શકે તેમ નથી. અગાઉની જેમ હેલને આ બધા કામથી સંતોષ ન હતો. તેમને તો 200 ઇંચના વ્યાસવાળું દૂરબીન બનાવીને વાપરવું હતું. બનાવ્યું પણ ખરું, પણ હેલ વાપરવા ન રહ્યા. આવાં સરસ દૂરબીનો પણ આપણી નિહારિકાઓના પ્રશ્નનો જવાબ મેળવી ન શક્યાં. આ બધી નિહારિકાઓ આપણી આકાશગંગાનો ભાગ છે કે આકાશગંગાની જેમ સ્વતંત્ર તારાવિશ્વ (Galaxy) છે.

એપ્રિલ, 1920માં વૉશિંગ્ટનની નૅશનલ એકેડેમી ઑફ સાયન્સીઝે (National Academy of Scinces) જે (Great Debate) ગ્રેટ ડીબેટ તરીકે ઓળખાય છે તે યોજવાનું નક્કી કર્યું. એકેડેમીએ નક્કી કર્યું કે મોટા જાણીતા બે (નિહારિકાઓના) મોટા જાણીતા વિરોધી વૈજ્ઞાનિકોની વચ્ચે નિહારિકાના લગતી ચર્ચા યોજવી. આકાશગંગામાં સર્વત્ર વિશ્વ સમાયેલું છે, આમાં બધી નિહારિકો પણ આવી જાય. જ્યારે બીજો મત નિહારિકાઓ પોતે પણ તારાવિશ્વ છે અને આકાશગંગાથી પણ દૂર છે. માઉન્ટ વિલ્સનના ખગોળશાસ્ત્રીઓ પહેલા મતવાળા હતા અને તેમના પ્રતિનિધિ તરીકે યુવાન અને મહત્ત્વાકાંક્ષી હેર્લો શેપલી (Harlow Shpley) હતા. જ્યારે વિરોધી વિચાર કોઈક નિહારિકાઓ તારાવિશ્વો છે અને આકાશગંગાથી પણ ઘણી વધારે દૂર છે. આ વિચાર લિક વેધશાળાના ઘણા ખગોળશાસ્ત્રીઓનો હતો અને તેમના પ્રતિનિધિ તરીકે ખગોળશાસ્ત્રમાં નામ કાઢ્યું હોય તેવા હેબર કર્ટિસ (Heber Curtis) હતા.

હેર્લો શેપલી ઘાસના ખેડૂતના પુત્ર તરીકે મિસૂરી રાજ્યમાં મોટા થયેલા. કૉલેજમાં જર્નાલિસ્મ (Journalism) ભણવું હતું, પણ તે વિષય ભણાવવાનું કૉલેજે રદ કર્યું. કયા વિષયો ભણાવાય છે તે પુસ્તિકામાં જોયું. પહેલા પાન ઉપર વિષય ARCHAEOLOGY હતો, જેનો ઉચ્ચાર શેપલી કરી ન શક્યા આથી બીજું પાનું ઉથલાવ્યું. તેના ઉપર વિષય ASTRONOMY લખેલું છે જેનો ઉચ્ચાર શેપલી કરી શક્યા અને ASTRONOMY ભણ્યા : ખગોળશાસ્ત્રી બન્યા.

સંજોગોવશાત્ બંને જણ કેલિફૉર્નિયાથી વૉશિંગ્ટન જવા એક જ ટ્રેનમાં સાથે હતા. બંને જણ માટે જરાક વિચિત્ર પરિસ્થિતિ ગણાય. કોઈએ આવનારી ચર્ચાની વાત જ ન કરી.

ચર્ચા પહેલાં ઇનામ વહેંચવાની વિધિએ પ્રમાણમાં ઘણો સમય લીધો. આખરે મહત્ત્વની ચર્ચાનો સમય આવી પહોંચ્યો. બંને જણને 35 મિનિટ આપવામાં આવેલી. શેપલીએ શરૂઆત એ રીતે કરી કે બધી નિહારિકાઓ આકાશગંગામાં આવેલી છે. આ સાબિત કરવા બધે નિહારિકાની વહેંચણીની વાત કરી. આકાશગંગાનો આકાર રોટલા જેવો ગણતાં નિહારિકાઓ રોટલાની સપાટીની ઉપર કે નીચે આવેલી


છે. રોટલાની સપાટીના મધ્ય ભાગમાં ભાગ્યે જ નિહારિકાઓ જોવા મળે. શેપલી એ રીતે સમજાવતા કે નિહારિકાઓ ગૅસનાં વાદળો છે જ્યાં નવા જન્મેલા તારાઓ અને ગ્રહો રહે છે. શેપલી એવું માનતા કે આકાશગંગાની ઉપરના અને નીચેના ભાગમાં ગૅસનાં વાદળો રહે છે. આ ગૅસનાં વાદળો કોઈ કોઈ વખત ઘસડાઈને આકાશગંગાના સમતલના મધ્યે આવે છે. આ રીતે આકાશગંગા પોતે જ તારાવિશ્વ છે. જો નિહારિકાઓ તારાવિશ્વ હોય તો તે સર્વત્ર ફેલાયેલા હોવાં જોઈએ.

1885માં દેવયાની (એન્ડ્રોમેડા, Andromeda) નિહારિકામાં નોવા દેખાયો. 1885ના નોવાનો પ્રકાશ દેવયાની નિહારિકાના તારાઓના પ્રકાશના દસમા ભાગનો હતો. જો દેવયાની આકાશગંગાની અંદર હોય તો તેનામાં તારાવિશ્વ જેટલા તારાઓ નથી. આથી નોવાનો પ્રકાશ જો દેવયાની તારાવિશ્વ હોય તો ઘણો વધારે હોય. હકીકતમાં નોવા પ્રકાશમય ન હોઈને, દેવયાની આકાશગંગાની અંદર આવેલી નિહારિકા છે. શેપલીએ મીટિંગમાં જુદાજુદા ક્ષેત્રના વૈજ્ઞાનિકો જોઈને સાદી અને સરળ ભાષામાં આ બધી રજૂઆત કરી. કર્ટિસે નાનામાં નાની વસ્તુને પણ ધ્યાનમાં લઈને દલીલ કરી.

કર્ટિસે જણાવ્યું કે નિહારિકાઓ જે તારાવિશ્વો છે તે આકાશગંગાની આસપાસ અને એથીયે દૂર સીમેટ્રીકલી (Symmetriclly) પથરાયેલી છે પણ આકાશગંગાના તારાઓની વચ્ચેની ધૂળના કારણે ખગોળશાસ્ત્રીઓ ઘણી બધી નિહારિકાઓ જોઈ શકતા નથી. શેપલીના 1885ના નોવા માટે કર્ટિસે જણાવ્યું કે નિહારિકાના સર્પિલ હાથાઓમાં ઘણા નોવા જોવા મળેલા છે કે જે 1885ના નોવા કરતાં ઘણા ઝાંખા હોય. હકીકતમાં નિહારિકાઓમાં જોવામાં આવેલા ઘણા નોવા ઝાંખા હોવાનું કારણ આ નોવાઓ આકાશગંગાથી પણ ઘણા દૂર છે. કર્ટિસે તેમની વિચારશ્રેણીને ટેકો આપતી અને શેપલીની વિચારશ્રેણીને તોડી પાડતી ઘણી દલીલોની રજૂઆત કરી. કર્ટિસનો તેમની દલીલો ઉપર એટલો બધો વિશ્વાસ હતો કે તેમણે તેમના કુટુંબીજનોને જણાવ્યું કે આ મહત્ત્વની ચર્ચામાં તે ઘણા આગળ છે. હકીકતમાં આ મહત્ત્વની ચર્ચા મૂળ પ્રશ્નનો જવાબ આપી ન શકી, પણ મૂળ પ્રશ્ન ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકી. આનો જવાબ ફક્ત અને ફક્ત નિહારિકાઓનું પૃથ્વીથી અંતર માપી શકાય તો જ મળે.

## સીફીઆઈડ પરિવર્તનશીલ તારાઓ (Cepheid Variable Stars)

ઘણા તારાઓનું કદ ઘણું બદલાતું હોય છે, ફૂલતું હોય છે અને સંકોચાતું હોય છે. વારાફરતી ફુલાવા અને સંકોચાવાના કારણે તેમની તેજસ્વિતા પણ નાટકીય રીતે બદલાતી હોય છે આવો પરિવર્તનશીલ તારો ઈ. સ. 1595માં ડચ પાદરી અને ખગોળશાસ્ત્રના રસિક ડેવિડ ફેબ્રિસિઅસે (David Fabricius) જોયેલો. તેમણે જોયું કે, ઓમિક્રોન સેટિ (Omicron ceti) કોઈ કોઈ વખત ઘણો પ્રકાશિત હોય કે જે નરી આંખે જોઈ શકાય, જ્યારે કોઈ કોઈ વખત એટલો ઝાંખો હોય કે નરી આંખે જોઈ પણ ન શકાય, એ આકૃતિ-2માં બતાવ્યું છે. સત્તરમી સદીના ખગોળશાસ્ત્રીઓ આ પરિવર્તનશીલ તારાથી એટલા બધા ગાંડાઘેલા થઈ ગયેલા કે તેનું નામ બદલીને મિરા (Mira : અદ્ભુત) રાખ્યું. મિરાનો આવર્ત 332 દિવસનો હતો. નરી આંખે દેખાતો ધ્રુવની નજીકનો તારો ડેલ્ટા સીફિનો (Delta Cephi) આવર્ત ખૂબ જ નિયમિત





આકૃતિ - ૨

$5^1/_2$ દિવસનો છે. આ કારણે પરિવર્તનશીલ તારાઓ જેના આવર્તો 5થી 15 દિવસો હોય તેવા તારાઓ સીફીઆઈડ પરિવર્તનશીલ તરીકે ઓળખાય છે.

પેરૂના પર્વતોમાં આવેલી હાર્વર્ડની (Harvard) વેધશાળાએ સીફીઆઈડ તારાઓની ભેગી કરેલી માહિતીનો અભ્યાસ કરતાં હેન્રીએટ્ટા લીવિટ્ટે

(Henrietta Leavitt) જોયું કે ઝાંખા તારાઓનો આવર્ત ટૂંકો હોય છે, જ્યારે વધારે પ્રકાશિત તારાઓનો આવર્ત લાંબો હોય છે. આ બધા સીફીઆઈડ તારાઓ સ્મોલ મેગ્જેલ્લેનિક ક્લાઉડના (Small Magellanic Cloud) હોઈને પૃથ્વીથી સરખા અંતરે છે. લીવિટ્ટને તુરત જ ખ્યાલ આવી ગયો કે સીફીઆઈડ પરિવર્તનશીલ તારાઓની ખરેખરી તેજસ્વિતા (True Luminosity) અને આવર્ત વચ્ચે સંબંધ છે. સ્મૉલ મેગ્જેલ્લિનિક ક્લાઉડના જૂના અને જાણીતા સીફીઆઈડ પરિવર્તનશીલ તારાઓના આવર્ત અને ખરેખરી તેજસ્વિતાનો આલેખ આકૃતિ-૩માં આપ્યો છે. આ આકૃતિમાં ટપકું એ સીફીઆઈડ પરિવર્તનશીલ તારો છે,




આકૃતિ - ૩

જેનો આવર્ત અને ખરેખરી તેજસ્વિતા આપણે જાણીએ છીએ. આકૃતિ-૩માં બતાવેલી સુરેખાએ શ્રેષ્ઠ અન્વાયોજન (Best Fit) સુરેખા છે. આ આકૃતિમાં જોઈએ તો ઘણા તારાઓ સૂર્યથી 10,000 ગણા પ્રકાશિત છે.

ધારો કે આપણે સીફીઆઈડ પરિવર્તનશીલ તારો શોધ્યો. આ તારાનો આવર્ત આપણે ઘડિયાળથી માપી શકીએ. આકૃતિ-૩નો ઉપયોગ કરીને આપણે આ તારાની ખરેખરી તેજસ્વિતા (L) મેળવી શકીએ. તેની દેખીતી તેજસ્વિતા ( l ) આપણે જોઈએ કે સાધનોથી મેળવી શકીએ. આપણે જાણીએ છીએ કે

$$L = l - 5 \ln d + 5$$

જ્યાં d એ પૃથ્વીથી આપણા સીફીઆઈડ પરિવર્તનશીલ તારાનું અંતર છે. આ સમીકરણનો ઉપયોગ કરીને આપણે d પૃથ્વીથી તારાનું અંતર મેળવી શકીએ.

### ઈડવિન પૉવેલ હબલ (Edwin Powell Hubble)


પ્રખ્યાત ખગોળશાસ્ત્રી ઈડવિન હબલનો જન્મ મિસૂરી રાજ્યમાં 1889માં થયેલો. જ્હૉન (John) અને જીન્ની (Jennie) હબલના પુત્ર. તેમને તેમના દાદા માર્ટિન (Martin) હબલ સાથે ખૂબ જ મેળ હતો. ઈડવિનની આઠમી વર્ષગાંઠના સમયે તેમના દાદાએ સરસ મજાનું દૂરબીન બનાવી આપેલું અને તેમના પિતા પાસેથી રાતના આકાશદર્શન કરવાની છૂટ અપાવેલી. યુનિવર્સિટી ઑફ શિકાગોમાં (University of Chicago) ભણવાની સ્કૉલશિપ મળી પણ તેમના પિતાજી ઈડવિનને ગમતો વિષય ખગોળશાસ્ત્ર ભણવાની વિરુદ્ધ હતા. કમાવવાની ચિંતા કરનારા હોઈને ઈડવિનને કાયદાનું (Law) ભણવાનું કહ્યું. ઈડવિને રસ્તો શોધી કાઢ્યો, બંને વિષયો ભણવાના શરૂ કર્યા, કાયદાનું તેમના પિતાની મરજી પ્રમાણે અને ખગોળશાસ્ત્ર તેમની મરજી પ્રમાણે. ખગોળશાસ્ત્રના પાયામાં ભૌતિકશાસ્ત્ર રહેલું છે અને તે સમયે ભૌતિકશાસ્ત્ર વિભાગમાં આલ્બર્ટ માઈકલસન (Albert Michelson) અને રૉબર્ટ મિલ્લિકન (Robert Millikan) હતા. બંને જણને ભૌતિકશાસ્ત્રનાં નોબેલ પ્રાઇઝ મળેલાં. આ બંને જણના હાથ હબલ ઉપર હતા.

1903માં અમેરિકન વિદ્યાર્થીઓ માટે બ્રિટનમાં અભ્યાસ કરવા માટે ર્‌હોડ (Rhodes) સ્કૉલરશિપની શરૂઆત થયેલી. મિલ્લિકને હબલ માટે સરસ ભલામણ કરતો પત્ર લખ્યો. આ પત્ર હબલને આ ર્‌હોડ સ્કૉલરશિપ મેળવવામાં ખૂબ જ ઉપયોગી થયો. સપ્ટેમ્બર 1910માં હબલ ર્‌હોડ સ્કૉલર તરીકે ઑક્સફર્ડ (Oxford) યુનિવર્સિટીમાં કાયદાનો, ખગોળશાસ્ત્ર નહિ, અભ્યાસ કરવા આવ્યા. અહીંયાં તેમણે અંગ્રેજી રહેણીકરણી અને અંગ્રેજી બોલીનું અનુકરણ મોટા પાયે કર્યું જે ઘણા બધા ર્‌હોડ સ્કૉલરોને જરાયે ન ગમેલું. હબલના પિતાજીનું નિધન અણધાર્યું જાન્યુઆરી, 19, 1813ના રોજ થયું. આથી હબલને બ્રિટન છોડીને જવું પડ્યું. તેમનાં માતા અને ચાર ભાઈ-બહેનોની જવાબદારી

ઓચિંતી આવી પડી અને ઓછામાં પૂરું કુટુંબના આર્થિક રોકાણોમાં પણ મોટી ખાધ આવી. હબલે હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કર્યું અને બાકીના સમયમાં કાયદાને લગતું કામ કરતા. આ રીતે કુટુંબની આર્થિક પરિસ્થિતિ મજબૂત કરી. તેમના પિતાનું કાયદાનું ભણવાનું દબાણ ઓછું થતાં તેમનું બાળપણનું ખગોળશાસ્ત્રી બનવાનું સ્વપ્ન એકદમ યાદ આવ્યું. હબલે જે કાયદાના અભ્યાસ માટે સમય કાઢેલો તે જવા દઈને કઈ રીતે ખગોળશાસ્ત્રી બની શકાય તેનો વિચાર કરવા માંડ્યો. નસીબજોગે હબલને યુનિવર્સિટી ઑફ શિકાગો જોડે સારા સંબંધો હોઈને યેર્કસ વેધશાળામાં ગ્રેજ્યુએટ આસિસ્ટન્ટ તરીકેની નોકરી મેળવી શક્યા. અને ત્યાંથી જ તેમણે 'સર્વે ઑફ નેબુલી (Survey of Nebulae)' ઉપર Ph.D.ની થીસિસ લખી. આ થીસિસ મહત્ત્વની હતી.

હબલને ખ્યાલ આવ્યો કે સારું અને અગત્યનું કામ કરવા માટે સંશોધનકારની જગ્યા અગત્યની બને છે અને સારામાં સારાં દૂરબીનો હોય તેવી વેધશાળા એટલી જ અગત્યની બને છે, કારણ કે સારાં દૂરબીનોથી દૂર સુધી ચોખ્ખું જોઈ શકાય. માઉન્ટ વિલ્સન વેધશાળા પાસે 60 ઇંચ વ્યાસવાળું દૂરબીન હતું અને 100 ઇંચ વ્યાસવાળું નવું દૂરબીન તૈયાર થઈ રહ્યું હતું. સાથે-સાથે માઉન્ટ વિલ્સનના ખગોળશાસ્ત્રીઓ પણ હબલના નામ અને કામથી પરિચિત હોઈને હબલને માઉન્ટ વિલ્સન વેધશાળામાંથી નોકરી માટેનો પત્ર Nov., 1916માં મળ્યો, પણ તેમણે વિશ્વયુદ્ધના કારણે 1919માં માઉન્ટ વિલ્સન વેધશાળામાં કામની શરૂઆત કરી.

જ્યારે મહત્ત્વની ચર્ચાની વાત થાય ત્યારે હબલને નિહારિકાઓ સ્વતંત્ર તારાવિશ્વો છે તે મત તરફ સહાનુભૂતિ હતી. આ થોડુંક શરમાવવા જેવું ગણાય, કારણ કે માઉન્ટ વિલ્સનની વેધશાળાના મોટા ભાગના ખગોળશાસ્ત્રીઓ એવું માનતા કે આકાશગંગા એ એક જ તારાવિશ્વ છે અને બધી નિહારિકાઓ તેનો ભાગ છે. હેર્લો શેપલી જેમણે આ મહત્ત્વની ચર્ચામાં આ વિચારનો બચાવ કરેલો તે પણ માઉન્ટ વિલ્સન વેધશાળામાં હતા. શેપલી અને હબલ સ્વભાવની રીતે સામસામે ગણી શકાય. શેપલી નમ્ર સ્વભાવના હતા જ્યારે હબલ તેમનો પોતાનો પ્રચાર કરનારા હતા. આથી બે જણ વચ્ચે સતત ગ્રહણ રહ્યા કરતું. આખરે શેપલી જ્યારે હાર્વર્ડ વેધશાળાના નિયામક તરીકે ગયા ત્યારે આનો અંત






આકૃતિ– 4

આવ્યો.

હબલને ધીરેધીરે દૂરબીન વાપરવાનો સમય પ્રમાણમાં વધારે મળવા માંડ્યો અને હબલ પણ નિહારિકાઓના સરસમાં સરસ ફોટાઓ લેવા માંડ્યા. વેધશાળામાં આવ્યા પછી  ચાર વર્ષ પછી 100 ઇંચ વ્યાસવાળા દૂરબીનથી જોતા હતા. ખાસ કંઈ જોઈ શકાય તેમ હતું નહિ, છતાંયે 40 મિનિટ expose કરીને દેવયાની (Andromeda, એન્ડ્રોમેડા) નિહારિકાનો ફોટો લીધો. આનો બરાબર અભ્યાસ કરતાં તેમણે નવું ટપકું જોયું જે ફોટોગ્રાફીની તકલીફના કારણે હોય કે Nova હોય. બીજા દિવસની રાત્રે આકાશ સ્વચ્છ હતું. હબલે આ જગ્યાનો ફોટોગ્રાફ કરી લીધો અને exposure માટે

થોડોક સમય વધારે આપ્યો જેથી Nova છે કે નહિ તે પાકું થાય. આ પ્લેટની સાથે જૂની પ્લેટ સરખાવીને ફેરફાર જોઈ શકાય. માઉન્ટ વિલ્સનની વેધશાળા જૂની પ્લેટોને વ્યવસ્થિત રાખતી હોઈને હબલે બધી કાઢીને સરખાવી. જે નવું ટપકું હતું તે બંને રાત્રીની પ્લેટોમાં હતું અને તે Nova હતો. બીજી રાત્રીની પ્લેટમાં બે Nova નવા હતા. જૂની પ્લેટો સાથે સરખાવતાં આ બે Novaમાં એક સીફીઆઈડ પરિવર્તનશીલ (Cepheid Variable) તારો નીકળ્યો. આ શોધ હબલની જિંદગીની મોટામાં મોટી શોધ હતી. આકૃતિ-4માં બતાવ્યા પ્રમાણે હબલે નોવા માટેના N ઉપર ચોકડી મારીને 'Var !' લખ્યું. દેવયાની નિહારિકામાં પહેલવહેલો સીફીઆઈડ પરિવર્તનશીલ તારો હબલે શોધ્યો. આ પરિવર્તનશીલ તારો વધારેમાં વધારે અને ઓછામાં ઓછો પ્રકાશિત 31.45 દિવસમાં થતો. લીવિટ્ટાના આલેખ ઉપરથી આ તારાની ખરેખરી તેજસ્વિતા ગણી શક્યા અને દેખીતી તેજસ્વિતા જોઈને અથવા ફોટોગ્રાફીથી પણ મેળવી શકાય. ખરેખરી તેજસ્વિતા અને દેખીતી તેજસ્વિતા ઉપરથી આ તારાનું પૃથ્વીથી અંતર મેળવી શકાય. આ અંતર નવ લાખ 9,00,000 પ્રકાશવર્ષ મળ્યું. આ તારો દેવયાની નિહારિકામાં હોઈને આપણે કહી શકીએ કે દેવયાની નિહારિકા પૃથ્વીથી નવ લાખ પ્રકાશવર્ષ દૂર છે. આકાશગંગાનો વ્યાસ, 1,00,000 પ્રકાશવર્ષ હોઈને દેવયાની નિહારિકા આકાશગંગાનો ભાગ ન જ ગણાય. દેવયાની આટલે દૂર હોવા છતાં નરી આંખે જોઈ શકાય છે આથી તે ખૂબ જ પ્રકાશિત છે અને આવી પ્રકાશિતતા માટે તે નિહારિકામાં લાખો તારાઓ હોવા જોઈએ. આથી દેવયાની પોતે જ તારાવિશ્વ (Gallaxy) છે. આ અને મોટા ભાગની નિહારિકાઓ તારાવિશ્વો છે. આ સમયથી નિહારિકાઓ અને તારાવિશ્વો વચ્ચે ભેદ પાડવામાં આવ્યો. આપણી આકાશગંગાની જેમ દેવયાની તારાઓથી ભરપૂર અને ભવ્ય છે. દેવયાની આકાશગંગાથી ઘણી દૂર આવેલી છે. હબલે સાબિત કર્યું કે શેપલી ખોટા હતા અને કર્ટિસ સાચા હતા.

હબલ માટે દેવયાનીનું પૃથ્વીથી નવ લાખ પ્રકાશવર્ષ અંતર ખૂબ વધારે હતું. આથી હબલે બીજી કોઈ સાબિતી ન મળે ત્યાં સુધી આ પરિણામની જાહેરાત ન કરવી તેવું નક્કી કર્યું; તદ્ઉપરાંત માઉન્ટ વિલ્સન વેધશાળામાં આકાશગંગા જ વિશ્વ છે તેમ માનનારાઓનો મોટો ભાગ હોઈને પૂરેપૂરી આ પરિણામની ચોકસાઈ કરવી તેમ હબલને લાગ્યું. દેવયાની નિહારિકાના બીજા ઘણા ફોટાઓ લીધા અને બીજો આના કરતાં ઓછો પ્રકાશિત સીફીઆઈડ પરિવર્તનશીલ તારો શોધી કાઢ્યો અને આનું પૃથ્વીથી અંતર પણ પહેલાંના જેટલું જ મળ્યું. આથી ફેબ્રુઆરી, 1924માં તેમણે શેપલીને પત્ર લખીને આ પરિણામ જણાવ્યું. બિચારા શેપલીને આઘાત લાગ્યો, પણ શું થાય ? 1924ની અમેરિકન એસોસિએશન ફૉર ધી એડવાન્સમેન્ટ ઑફ સાયન્સની (American Association for Advancement of Science) વૉશિંગ્ટનની મીટિંગમાં આ પરિણામ માટે $ 1000ના ઇનામના ભાગીદાર બન્યા.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે :

(1) વિશ્વ : આપણી નજરે : વિઠ્ઠલભાઈ અં. પટેલ, સુગણિતમ્ ટ્રસ્ટ, અમદાવાદ, 2016

(2) Big Bang, The Origin of th Universe, Simon Singh, Harper Perennial, 2005.

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**
નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,
મુ. પો. શેરથા, તા. જિ. ગાંધીનગર-382323.
મો. 9428019042

આપણે આજે લોકશાહીનો એકડો ઘૂંટીએ છીએ, ત્યારે સત્ય અને અહિંસા જેવા મોટા મોટા શબ્દો વાપરવાને બદલે લોકશાહી વર્તન માટે વધુ ચીવટ રાખીએ તો શુભ શરૂઆત થાય. વ્યક્તિપૂજાનો આપણને વળગાડ લાગેલો છે, જે લોકશાહીને ઘાતક છે. કોઈ પણ – પછી ગમે તેવી – વ્યક્તિને નહિ એના વિચારને ફેંકી દેતાં ખંચકાઈએ નહિ એવા એવા લોકશાહીની બારાખડીના પહેલા આંકડા પર વેળાસર હાથ જમાવવા માંડીએ.

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**'સંસ્કૃતિ' સૂચિ : (સામયિકની વર્ગીકૃત સૂચિ)** ૨ ભાગ / સંપાદક : તોરલ પટેલ અને શ્રદ્ધા ત્રિવેદી. ભાગ-૧ : અમદાવાદ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૨૦૧૧. XV + ૩૫૦ પૃ. કિં. રૂ. ૩૦૦; [ભાગ-૨] : ગાંધીનગર : ગુજરાત સાહિત્ય અકાદમી, ૨૦૧૬. ૧૩ + ૭૮૨ પૃ. કિં. રૂ. ૫૦૦.૦૦ ISBN : ૯૭૮-૯૩-૮૩૩૧૭-૭૨-૧

સંસ્કૃતિપુરુષ ઉમાશંકર જોશીએ 'સત્યં પરં ધીમહિ' મુદ્રાલેખના પાલન સાથે 'સંસ્કૃતિ' સામયિક ૨૬ જાન્યુઆરી, ૧૯૪૭થી શરૂ કર્યું અને ડિસેમ્બર, ૧૯૮૪ના આખરમાં સ્વેચ્છાએ બંધ કર્યું હતું. તેના પૂર્ણાહુતિ અંકમાં તેમણે નોંધ્યું છે કે 'સમયની સાથે ગાઢ અનુસંધાનપૂર્વક જીવવાની તક મળે એ મુખ્ય પ્રેરણા'થી સંસ્કૃતિ કાઢ્યું અને 'જીવવાની પ્રક્રિયાના એક ભાગરૂપે ચાલ્યું એટલે ક્ષણે-ક્ષણે એનો જ આનંદ લૂંટ્યો.' સમયની સાથે ખરા અર્થમાં ગાઢ અનુબંધ ધરાવતા આ ગરવા સામયિકમાં સાહિત્ય ઉપરાંત સમાજ, ધર્મ-દર્શન, શિક્ષણ, રાજકારણ, અર્થકારણ, વિજ્ઞાન વગેરે બહુવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. ગુજરાતી ભાષા–સાહિત્યનાં આગલી હરોળનાં કેટલાંક પ્રતિષ્ઠિત સામયિકોમાં અગ્રપૂજાનું અધિકારી એવા આ સામયિકની ઉપાદેયતા દર્શાવતાં ઉમાશંકર સાહિત્યના પ્રખર અધ્યેતા કવિશ્રી ચંદ્રકાન્ત શેઠે નોંધ્યું છે કે 'ઉમાશંકરનું સંસ્કૃતિ' ગુજરાતનાં જે મહત્ત્વનાં સામયિકો ગણાય એમાંનું એક છે. ઉમાશંકરને તથા એમના યુગને સમજવા માટે 'સંસ્કૃતિ'ના અંકો બહુ ઉપયોગી સંદર્ભસામગ્રી પૂરી પાડે છે. ગુજરાત અને ભારતના સાંસ્કૃતિક સ્વરૂપનો બોધ કરાવવામાં આ સામયિક ખૂબ ઉપયોગી થાય એવું છે... સંસ્કૃતિ'એ વિશેષ ભાવે સાક્ષરયુગ, ગાંધીયુગ અને અનુગાંધીયુગના લગભગ બધા જ મહત્ત્વના અવાજો ઝીલી ઝીલીને સંભળાવવાનું યુગકાર્ય અદા કર્યું છે. 'સંસ્કૃતિ' આપણા બૌદ્ધિકો માટે 'ઓપન ફોરમ' રૂપ સામયિક બની રહ્યું... સાચો સાહિત્યકાર ને પત્રકાર પોતાની સ્વધર્મનિષ્ઠા ને કર્તવ્યપાલનથી કેવું દષ્ટિપૂત, મનઃપૂત વાતાવરણ જ્ઞાન વિજ્ઞાન ને સાહિત્ય-કલાના ક્ષેત્રે બાંધી શકે તેનો સંકેત 'સંસ્કૃતિ' આપે છે.' આ ઉપરાંત કૃષ્ણવીર દીક્ષિત 'સંસ્કૃતિ'ને 'ઉમાશંકરના જીવનનું તપોવન' ગણાવે છે, તેથી તેમાં વિહરવા માટે – શાતા મેળવવા માટે 'સંસ્કૃતિ'નાં પાનાં ઊથલાવવાં જ રહ્યાં.

સાહિત્ય – સમાજ – રાષ્ટ્રઘડતરનો માર્ગ પ્રશસ્ત કરી આપનાર 'સંસ્કૃતિ'માં શું શું ધરબાયેલું છે તેની શોધ માટે તો કોઈક મરજીવાની જરૂરત પડે ! પણ આજે આવા મરજીવા લાવવા ક્યાંથી ? કારણ કે સુદીર્ઘકાળના પથ ઉપર પથરાયેલ આ સામયિકમાં અપેક્ષિત માહિતી ક્યાં હશે તેની શોધ માટે તેના સંશોધક / જિજ્ઞાસુ પાસે નથી સમય કે નથી લગન ! આ ઉપરાંત ચોક્કસ વિષયબોધના અભાવે આ સામયિકના અંકોમાંથી જરૂરી માહિતી શોધવાનું કામ પણ અઘરું છે. આ ખાલીપાને ભરી આપવાનું, 'સંસ્કૃતિ' સૂચિના માધ્યમથી સેતુ – બનવાનું કાર્ય નિજ આનંદ અને વ્યવસાયિક કર્તવ્યપાલનથી પ્રેરાઈને સૂચિવિદ સહૃદયી ગ્રંથપાલિકા તોરલ પટેલ અને સાહિત્યમર્મજ્ઞ અધ્યાપિકા શ્રદ્ધા ત્રિવેદીએ સુપેરે સંપન્ન કરી આપ્યું છે. ઉમાશંકર જોશીએ પણ સૂચિની ઉપયોગિતા જણાવતાં નોંધ્યું છે કે 'આ જમાનામાં તો સૂચિ એ જ ગ્રંથનો દીવો છે.' સૂચિને તો સાહિત્યસામગ્રી / ગ્રંથાલયના દર્પણ તરીકે પણ નવાજવામાં આવે છે. પરંતુ આ દર્પણ (સૂચિ) તો સામાન્ય કાચથી નહીં પરંતુ બેલ્જિયમના આયાતી કાચમાંથી – શાસ્ત્રીય, ઉપભોક્તા કેન્દ્રી સૂચિ બનાવેલ છે, તેથી તેની અદકેરી મહત્તા બની રહે છે.

આ સૂચિ બે ભાગમાં તૈયાર કરવામાં આવી છે. ભાગ-૧માં કાલાનુક્રમિત સૂચિ અર્થાત્ 'સંસ્કૃતિ'ના વર્ષ-૧, અંક-૧ જાન્યુઆરી, ૧૯૪૭થી શરૂ કરી તેના અંતિમ પ્રકાશિત અંક વર્ષ ૩૮, અંક ૧૦-૧૨, ઑક્ટોબર-ડિસેમ્બર, ૧૯૮૪ સુધીના બધા જ અંકોની 'અનુક્રમણિકા'ઓ આપવામાં આવી છે, જેમાં કૃતિ (લેખ) નો અ. નં., શીર્ષક, લેખક અને પૃષ્ઠ સંખ્યાનો સમાવેશ

કરવામાં આવ્યો છે. પ્રથમ દષ્ટિએ પ્રશ્ન ઉદ્ભવે કે અહીં સૂચિની શાસ્ત્રીયતા ક્યાં ? અથવા આ સૂચિનો શો અર્થ ? અથવા આ સૂચિના ભાગ-૨માં વર્ગીકૃતસૂચિ આપવામાં આવી છે ત્યારે ભાગ-૧નો કોઈ અર્થ ખરો ? પ્રથમ દષ્ટિએ આ વાત ગળે ઊતરે. પરંતુ સ્વસ્થતાથી વિચારતાં ભાગ-૧નું મૂલ્ય કોઈ એક કાળખંડમાં જ્ઞાનજગત / સાહિત્યમાં ઉદ્ભવેલાં આંદોલનો / ચર્ચાઓ / પ્રતિચર્ચાઓની તથા તેના સર્જકો / લેખકોની કાળક્રમાનુસાર તેમ જ કયા કયા સર્જકોની કૃતિઓને સંબંધિત સામયિકમાં અગ્રતા આપવામાં આવી રહી હતી અથવા કેટલા સમય સુધી કોઈ એક સર્જકનો અનુબંધ જળવાઈ રહ્યો તેની જાણકારી હેતુ આ સૂચિ દીવા / દર્પણની ગરજ સારે છે. વધુમાં, સામયિકમાં સમાવિષ્ટ વિષયવસ્તુનાં સ્તર અને વિષયવૈવિધ્ય, ઉતાર-ચઢાવ, સંપાદક / તંત્રીઓ બદલાયા હોય તો તેમનાં વલણો / નીતિઓમાં ફેરફાર, ભૌતિક સાજસજ્જા વગેરેના ઐતિહાસિક વિકાસક્રમના અધ્યનના હેતુસર આ પ્રકારની સૂચિ દસ્તાવેજી મૂલ્યની બની રહે છે. આ ઉપરાંત 'અનુક્રમણિકા' ઉપરથી પસાર થતાં જ્ઞાત / અજ્ઞાત વિષયો સાથે ભાવવિભોર થઈ જવાય તેનો તો લાભ અને આનંદ અનેરો ! ઉદા. તરીકે 'સંસ્કૃતિ'ના વર્ષ ૩૭ અંક ૭-૯ જુલાઈ-સપ્ટેમ્બર, ૧૯૮૩ના અંકની 'અનુક્રમણિકા' ઉપરથી પસાર થતાં ચંદ્રવદન મહેતા દ્વારા 'ઈ. સ. ૧૮૪૦થી ઈ. સ. ૧૮૯૫ સુધીનાં અપ્રાપ્ય પુસ્તકોની યાદી' (પૃ. ૧૬૬-૧૬૯) જોતાં જ મનોમન પ્રસન્નતા અનુભવીને ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ 'સંસ્કૃતિ'ના સદર અંકમાંથી યાદી તરત જ વાંચી જવાનો લહાવો મળ્યો તે મોટો લાભ. કારણ 'સંસ્કૃતિ'ના અંકોમાં આ પ્રકારની સૂચિની કલ્પના જ કેમ થઈ શકે ? પ્રસ્તુત સૂચિની આવી અમૂલ્ય ઉપયોગિતા હોવા ઉપરાંત સંપાદકોએ બધા અંકોની અનુક્રમણિકાઓને યથાતથ મુદ્રિત ન કરતાં તેને મૂલ્ય સંવર્ધિત – Value added - કરીને તૈયાર કરી છે. અર્થાત્ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખ (કૃતિ)નો વિષયનિર્દેશ પૃષ્ઠ સંખ્યા બાદ મોટા કૌંસમાં આપ્યો છે, ઉદા. તરીકે [કવિતા], [નાટક] વગેરે, 'અનુક્રમણિકા'માં જોડણી, વ્યક્તિનામ, અંક નંબર, પૃષ્ઠ સંખ્યા વગેરેમાં ક્યાંય મુદ્રણદોષ રહી ગયો હોય તો તેને સુધારીને નોંધ્યો છે તેમ જ 'સ્વાધ્યાય અને સમીક્ષા' અંતર્ગત સમાવિષ્ટ લેખોમાં ફક્ત સમીક્ષિત કૃતિનું શીર્ષક અને સમીક્ષકનાં નામ 'અનુક્રમણિકા'માં દર્શાવેલ છે તેના સ્થાને અહીં સમીક્ષિત કૃતિના લેખકનું નામ, સમીક્ષાનું શીર્ષક લેખકે આપ્યું હોય તો તે શીર્ષકની વિગતો લેખના આધારે નાના કૌંસમાં દર્શાવવામાં આવેલ છે. ઉદા. તરીકે 'સંસ્કૃતિ'ના વર્ષ ૨૦, અંક ૨ ફેબ્રુઆરી, ૧૯૬૬ના અંકના અ. નં. ૧૩માં લેખકનું નામ શાન્તિભાઈ આચાય મુદ્રિત થયેલ છે, જે સુધારીને અહીં 'આચાર્ય' દર્શાવ્યું છે, અ. નં. ૧૪માં સમીક્ષિત પુસ્તક 'વિસ્મય'ના કર્તાનું નામ જયંત પાઠક તથા સમીક્ષાનું શીર્ષક 'પ્રીતિનું અભિરામ ગાન' સૂચિમાં ઉમેરવામાં આવ્યું છે. આ જ રીતે 'કાવ્ય પ્રતિભાવ વિશેષાંક' ૧-૨ અં. નં. ૪૦૦-૪૦૧માં 'અનુક્રમણિકા'માં ફક્ત લેખનું શીર્ષક અને લેખકનું નામ આપ્યું છે તેના સ્થાને અહીં જે કાવ્યકૃતિનો આસ્વાદ / વિવેચન કરેલ છે તે કાવ્યનું શીર્ષક અને તેના કવિનું નામ લેખમાંથી શોધીને અહીં નોંધ્યું છે વગેરે બાબતો આ સૂચિની મૂલ્ય સંવર્ધિતાની પ્રતીતિકારક બની રહે છે.

આ સૂચિના ભાગ-૨માં 'સંસ્કૃતિ'ની વર્ગીકૃતસૂચિ આપવામાં આવી છે. જોકે નોંધવું રહ્યું કે આ ગ્રંથના શીર્ષક કે પ્રસ્તાવનામાં 'ભાગ-૨' એવો કોઈ નિર્દેશ કરવામાં આવ્યો નથી. પરંતુ આ સૂચિનો ભાગ-૧ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ આ પૂર્વે પ્રકાશિત થયેલ હોવાથી આ વર્ગીકૃતસૂચિ ભાગ-૨ જ ગણવી રહી. આ ભાગમાં 'સંસ્કૃતિ'ના બધા જ અંકો (૧૯૪૭-૧૯૮૪)માં પ્રગટ થયેલ બધી જ સામગ્રી, આવરણપૃષ્ઠો ઉપર પ્રગટ થયેલ ચિત્ર કે અવતરણ સહિતની સામગ્રી વર્ગીકૃત કરીને આપવામાં આવી છે. આ બધી સામગ્રી પ્રમુખ ૨૬ મુખ્યવિષયો ઉદા., તરીકે કવિતા, નવલકથા, નાટક, સર્જકઅભ્યાસ, ભાષાવિજ્ઞાન, શિક્ષણ, કળા-સંસ્કૃતિ, સ્વાધ્યાય-સમીક્ષા, પ્રકીર્ણ વગેરે અને આ વિષયોના આવશ્યકતાનુસાર પેટા વિષયો હેઠળ વર્ગીકૃત કરીને આપવામાં આવી છે. ઉદા., તરીકે ૪. કવિતા : ૪.૧ કવિતા કૃતિ, ૪.૧ અ ગુજરાતી કવિતા, ૪.૧ બ ભારતીય સાહિત્ય : કવિતા, ૪.૧ ક ભારતીય સાહિત્ય : કવિતા અનુવાદ, ૪.૧ ડ પાશ્ચાત્ય સાહિત્ય : કવિતા અનુવાદ : ૪.૨ કવિતા કૃતિ : આસ્વાદ / સમીક્ષા / અભ્યાસ, ૪.૨ અ ગુજરાતી, ૪.૨ બ ભારતીય સાહિત્ય, ૪.૨ ક પાશ્ચાત્ય સાહિત્ય, ૪.૩ કવિતાસંગ્રહ : પ્રસ્તાવના / પરિચય / સમીક્ષા, ૪.૩ અ ગુજરાતી, ૪.૩ બ અન્ય, ૪.૪ કવિતા અભ્યાસ વગેરે. આ બધા વિષયો હેઠળના સંલેખો - લેખો / કૃતિઓ - ને તેના શીર્ષકના વર્ણાનુક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. જોકે આ નિયમનું બધા જ વિષયોનાં શીર્ષકોની

ગોઠવણીમાં પાલન ન કરતાં 'આત્મકથન', 'ચરિત્રચિત્રણ – અવસાન નોંધ – લેખ – કાવ્ય' અને 'સર્જક અભ્યાસ' વિષયક લેખોમાં લેખના શીર્ષકનાસ્થાને સંબંધિત ચરિત્રનાયક / વ્યક્તિ / સર્જકના નામના અને 'સ્વાધ્યાય – સમીક્ષા'માં જે કૃતિની સમીક્ષા કરવામાં આવી હોય તે કૃતિના નામના વર્ણાનુક્રમમાં લેખોની ગોઠવણી કરવામાં આવી છે, જેમાં સંપાદકોની સૂચિદક્ષતા તથા દૂરંદેશિતાનાં દર્શન થાય છે. આ સાથે ધ્યાનપાત્ર બાબત એ પણ છે કે પ્રત્યેક મુખ્યવિષયના સંલેખોની ગોઠવણીના પ્રારંભમાં કૌંસમાં સંબંધિત વિષયની સૂચનાત્મક સમજૂતી, વિષય વ્યાપ, મર્યાદા, મુખ્ય વિષયોનું પેટાવિષયોમાં વિભાજન, સંલેખોની ગોઠવણી અને જે ક્રમમાં માહિતી નોંધવામાં આવી છે. તેની ઉદાહરણ સાથે સમજૂતી વગેરે બાબતોને આવરી લેતી સ્પષ્ટતાસૂચક નોંધ આપવામાં આવી છે. પરિણામે કોઈ જિજ્ઞાસુ / સંશોધક ઇચ્છિત માહિતી સરળતાથી શોધી શકે છે. બધા જ લેખોનું પ્રમુખ વિષયોમાં વિભાજન કરવા ઉપરાંત બે સૂચિઓ ખાસ ધ્યાનપાત્ર બની રહી છે : ૧. ઉલ્લેખસૂચિ – ચાવીરૂપ શબ્દસૂચિ (પૃ. ૫૭૬-૭૪૫) કાળજીપૂર્વક તૈયાર કરીને આપી છે, જેમાં વ્યક્તિ, પારિતોષિક, સંસ્થા, કૃતિ વગેરેનાં નામનો સમાવેશ કરવા ઉપરાંત સર્જનાત્મક કૃતિ સિવાયના લેખના ચાવીરૂપ શબ્દો મૂળ લેખમાંથી શોધીને આપવામાં આવ્યા છે. આ દષ્ટિપૂત સૂચિની ઉપસ્થિતિથી દષ્ટિભેદના કારણે વિષય વિભાજન સંદર્ભે થતી ચર્ચાના મુદ્દાનો મહદ્અંશે છેદ ઊડી જાય છે. ૨. કર્તાસૂચિ (પૃ. ૭૪૬-૭૮૨) આ સૂચિમાં 'સંસ્કૃતિ'માં પ્રગટ થયેલ લેખો / કૃતિઓના સર્જકોની સૂચિ નોંધતત્ત્વના વર્ણાનુક્રમમાં આપવામાં આવી છે. આ સાથે જે સર્જકો / લેખકોની કૃતિઓ એકથી વધુ નામ હેઠળ પ્રકાશિત થઈ છે તેના આડસંદર્ભો તથા ઉપનામધારી લેખકોનાં અસલ નામ શોધીને જે તે સાથે દર્શાવવામાં આવ્યાં છે. આ સિવાય 'સંસ્કૃતિ'ના વિશેષાંકોની અલગ સૂચિ તારવી આપવાની સાથે સાથે 'સંસ્કૃતિ' વિશે જે કંઈ લખાયું છે – 'સંસ્કૃતિ' ઉપરાંત અન્ય સ્રોતોમાંથી માહિતી શોધીને અને કવચિત કોઈક લેખ એકથી અધિક સ્રોતોમાં પ્રગટ થયો હોય તો તે સહિતની સઘળી માહિતી અલગ મથાળા ''સંસ્કૃતિ' વિષયક નોંધ / લેખ'' હેઠળ દર્શાવેલ છે. વળી, 'સંસ્કૃતિ'ના લેખો એકથી અધિક વિષયોનું પ્રતિનિધિત્વ કરતા હોય તે બધા લેખો એકાધિક વિભાગોમાં કાળજીપૂર્વક નિર્દેશિત કરવામાં આવ્યા છે.

આટલા ગુણવૈભવ વચ્ચે નીચેની કેટલીક મર્યાદાઓ જોવા મળી છે :

૧. 'સંસ્કૃતિ'ની સામગ્રી માટે નિયત કરવામાં આવેલાં વિષયમથાળાં / વિભાગોની ગોઠવણીમાં કોઈ જ સહાયક ક્રમ નથી ત્યારે આ મથાળાં વર્ણાનુક્રમમાં ગોઠવવામાં આવ્યાં હોત તો ઉપયોગકર્તા સીધો જ ઇચ્છિત મથાળા ઉપર પહોંચી શકત.

૨. 'સમયરંગ', 'અર્ઘ્ય' અને 'પત્રમ પુષ્પમ' વિભાગો કોઈ વિષયનો નિર્દેશ કરતા નથી. વળી, આ વિભાગો હેઠળ નોંધવામાં આવેલ સામગ્રી સંબંધિત વિષયોમાં પણ વર્ગીકૃત કરીને નોંધવામાં આવી છે. જોકે આ મથાળાં હેઠળ કેવા પ્રકારની અને કેટલી સામગ્રી પ્રગટ થઈ છે તેના અભ્યાસ માટે સહાયક નીવડી શકે. આમ છતાં નોંધવું રહ્યું કે આ સૂચિના ભાગ-૧માં આ વિભાગોમાં પ્રગટ થયેલ માહિતી સંબંધિત અંકમાંથી શોધીને 'અનુક્રમણિકા'માં સુયોગ્ય રીતે દર્શાવી છે તેથી આ પુનરાવર્તન ટાળી શકાયું હોત !

૩. આવરણપૃષ્ઠ ઉપરની માહિતી – ચિત્રો, ફોટા, ગદ્ય, પદ્ય લખાણ – વગેરે 'આવરણપૃષ્ઠ'ના અલગ મથાળા હેઠળ તારવી આપ્યું છે તે આવકાર્ય છે. પરંતુ ચિત્ર / શિલ્પના સર્જક લેખક જ ગણાય તેથી તેનો નિર્દેશ કર્તાસૂચિમાં તથા કેટલાંક વિશિષ્ટ ચિત્રો / ફોટાના વિષયનો ઉલ્લેખસૂચિમાં નિર્દેશ આવકાર્ય બની રહેત ! ઉદા., તરીકે 'ગાંધી નિર્વાણ ચિત્ર', 'ઈશુ શિલ્પ' વગેરેનો ઉલ્લેખસૂચિમાં નિર્દેશ નથી. આ જ રીતે 'ચરિત્રકથન...' મથાળા હેઠળ વ્યક્તિ ચરિત્ર સંબંધી કાવ્યો, શ્રદ્ધાંજલિઓ, લેખો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ આવરણ પૃષ્ઠો ઉપર પ્રગટ થયેલા ફોટા / ચિત્રોનો ઉલ્લેખ અહીં કરવામાં આવ્યો નથી.

૪. 'સાહિત્ય અભ્યાસ...' અને 'સ્વાધ્યાય અને સમીક્ષા' વિભાગો હેઠળના લેખો અપેક્ષિત પેટાવિષયોમાં વિભાજિત કરવામાં આવ્યા હોત તો કોઈ ચોક્કસ વિષય હેઠળની શોધ માટે વિશેષ ઉપકારક નીવડત !

૫. વિજ્ઞાનવિષયક લેખોની સંખ્યાને ધ્યાને લેતાં 'પ્રકીર્ણ' મથાળા હેઠળ વિજ્ઞાન સંબંધિત લેખો સમાવિષ્ટ કરવાના સ્થાને આ માટે સ્વતંત્ર વિષય મથાળું / વિભાગ આવકાર્ય બની રહેત !

ઉલ્લેખનીય છે કે પ્રતિબદ્ધ ગ્રંથાલયી અને સંપાદિકા તોરલ પટેલ એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં ગ્રંથપાલ તરીકે સેવાઓ આપે છે. આ પૂર્વે તેમણે ભોળાભાઈ પટેલના સહયોગમાં 'ઓગણીસમી સદીનું ગુજરાતી પ્રવાસલેખન : સંચય' (૨૦૧૦)નું સંપાદન કર્યું હતું, જેનું પ્રકાશન સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા કરવામાં આવ્યું હતું. અન્ય સહયોગી સંપાદિકા તથા વિવેચક, નિબંધકાર અને બાળસાહિત્યનાં સર્જક શ્રદ્ધા ત્રિવેદી પણ એચ. કે. આર્ટ્સ કૉલેજનાં ગુજરાતી વિષયનાં સેવાનિવૃત્ત અધ્યાપિકા છે. તેઓશ્રી ગુજરાતી બાળસાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન બદલ સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા પુરસ્કૃત સર્જક છે. આમ, અહીં સૂચિવિદ ગ્રંથાલયશાસ્ત્રી અને સાહિત્યશાસ્ત્રી સંપાદિકાઓના સુભગ સમન્વયથી 'સંસ્કૃતિ'ની સામગ્રીનું દૃષ્ટિપૂત વર્ગીકરણ અને સૂચિકાર્ય શક્ય બન્યું છે. એક ખાસ ધ્યાનપાત્ર બાબત એ કે 'સંસ્કૃતિ'ની 'અનુક્રમણિકા'ઓ અને મૂળ લેખો ઉપર દૃષ્ટિપાત કરતાં ઘણી ખરી સામગ્રીના વિષયવિભાજનનું વર્ગીકરણ કામ અર્ધ રસ્તે સંન્યાસ લેવા પ્રેરે તેવું હોવા છતાં સંપાદિકાઓનાં કઠોર પરિશ્રમ અને ધ્યેયનિષ્ઠાથી આ કાર્ય કુશળતાપૂર્વક પરિણામલક્ષી સ્વરૂપે શક્ય બન્યું છે. આ સૂચિ સામયિકોનાં સૂચિકાર્યો માટે 'દીવાદાંડી' બની રહેશે તેમ નિઃશંક કહી શકાય અને તેથી જ સંપાદિકા દ્વય સાહિત્યજગતનાં વિશેષ અભિનંદનનાં અધિકારી બની રહે છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતી ભાષાના આ એક બહુમૂલ્યવાન સામયિક 'સંસ્કૃતિ'ના બધા જ અંકો સૌ જિજ્ઞાસુઓને સુલભ થઈ રહે તેવા ઉમદા આશયથી ગંગોત્રી ટ્રસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલી ઉમાશંકર જોશીની અધિકૃત વેબસાઇટ www.umashankarjoshi.in પર મૂકવામાં આવ્યા છે.

**મણિભાઈ પ્રજાપતિ**

❖

**કર્મણ્યેવાધિકારસ્તે : ગણેશભાઈ કા. પટેલના લેખ/સંકલન :** ડૉ. ગીતા પટેલ. અમદાવાદ : જન ફાઉન્ડેશન, ૨૦૧૭. xvii + ૪૧૨ પૃ. પ્રાપ્તિસ્થાન : ૩૬, શ્રીકુંજ સોસાયટી, ઘાટલોડિયા, અમદાવાદ. કિં રૂ. ૨૦૦.૦૦

શ્રીમદ ભગવદ્‌ગીતાના બીજરૂપ મંત્ર **'कर्मण्येवाधिकारस्ते'** (૨.૪૭) અર્થાત્ માણસને કર્તવ્ય બુદ્ધિથી કર્મ કરવાનો જ અધિકાર છે ને આત્મસાત કરીને શિક્ષકત્વ, આચાર્યત્વ અને ગૃહપતિત્વને દીપાવનાર તથા સમાજના એક જાગરૂક પ્રહરી તરીકે નિષ્કામ ભાવે સેવા આપનાર શ્રી ગણેશભાઈ કા. પટેલ ગુજરાતના સુપ્રસિદ્ધ શિક્ષણધામ સર્વ વિદ્યાલય, કડીના કેટલાક મૂઠી ઊંચેરા સમર્પિત શિક્ષકોની હરોળના સેવાનિવૃત્ત શિક્ષક છે. તેમણે અહીં શિક્ષક ઉપરાંત દ્વિતીય આચાર્ય તરીકે તથા નિવૃત્તિ બાદ કડી અને ગાંધીનગરમાં કૅમ્પસ ડાયરેક્ટર તરીકે પણ પ્રશસ્ય સેવાઓ આપી હતી. આ ઉપરાંત 'ધરતી' માસિકના એક નિર્ભીક અને સમાજહિતૈષી કર્મઠ તંત્રી તરીકે આપેલી સેવાઓની સુવાસની પ્રતીતિ સમીક્ષિત ગ્રંથ 'કર્મણ્યેવાધિકારસ્તે'ના માધ્યમથી થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં સવિશેષતઃ સમાજજીવન અને શિક્ષણને કેન્દ્રમાં રાખીને 'ધરતી', 'ઉદાત્ત શિક્ષણ', 'સર્વપ્રિય', 'ઉમિયા જ્યોત' વગેરે સામયિકોમાં પ્રગટ થયેલા શતાધિક લેખો પૈકી પસંદગીના ૭૦થી અધિક લેખો ગ્રંથસ્થ છે, જેમાં તેમના એક પ્રતિબદ્ધ શિક્ષક, યુવાનોના રાહબર, સમાજમાં ઘર કરી ગયેલી કુરૂઢિઓ સામે નિર્મમ વિદ્રોહ કરનાર અને સમયનાં વહેણો સાથે સમાજને કલ્યાણ-પથ તરફ દિશાનિર્દેશ કરનાર વ્યક્તિત્વનાં દર્શન થાય છે. આ બધા લેખોમાં સ્વસ્થ ચિત્તે ડોકિયું કરતાં શિક્ષણ અને સમાજજીવન વ્યાપક ફલક ઉદા., તરીકે વિદ્યાર્થીઓએ શું વાંચવું, શિક્ષણનું વ્યાપારીકરણ, શિક્ષકની સજ્જતા, ગૃહપતિત્વ, છાત્રાલય, વ્યક્તિત્વવિકાસ, વ્યસનમુક્તિ, સમાજમાં ઘર કરી ગયેલા કુરિવાજો અને નવા પ્રવેશી રહેલ કુરિવાજો – જીવતચર્યા, રીંગ સેરેમની વગેરે દ્વારા વૈભવનાં વરવાં પ્રદર્શનો, ભ્રૂણહત્યા, ગોળનું કૂપમંડુકવર્તુળ અને સામાજિક બહિષ્કાર, ગૃહિણીતાલીમ, પાણીનો ઉપયોગ, અનામતપ્રથા, નારીગૌરવ, પરિવારમાં દાદા-દાદી અને દીકરીનું સ્થાન, રાજકારણ વગેરે અનેકવિધ વિષયો ઉપર કરેલું નવપ્રસ્થાનકારક ખેડાણ ધ્યાનાર્હ બની રહે છે. આ બધા પ્રશ્નોની મૂળગામી ચર્ચા કરવાની સાથે સાથે લેખકે તેનો સમુચિત ઉકેલ પણ દર્શાવી આપ્યો છે. આ ઉપરાંત લેખક સમયની સામે નહીં પણ સમયની સાથે ચાલવાના – પરિવર્તનના હામી રહ્યા છે. વધુમાં આપણી ઘટતી જતી વાચનવૃત્તિથી વ્યથિત થઈ તેમણે નોંધેલ શબ્દો 'જ્યારે ધોળે દિવસે ભરબજારે ચોપડીઓની દુકાન લૂંટાશે ત્યારે ગુજરાતમાં એક નવી

ક્રાન્તિનાં મંડાણ થશે' સાકાર થાય તેવું ઇચ્છીએ. પ્રસંગોપાત્ત સંબંધિત પક્ષોને બેઝિઝક રોકડું પરખાવી દેતા જોવા મળે છે, જેમ કે પ્રવર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરતાં નોંધે છે કે 'આપણા આ હલકા અને લુચ્ચા તેમ જ શરમહીન રાજકારણીઓએ જળોની જેમ દેશની ગરીબ જનતાનું લોહી ચૂસ્યું છે. લોકશાહી માત્ર મત આપવા પૂરતી રહી છે.'

આ લેખોની આગવી વિશેષતા એ છે કે તેમાં 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી–ગાંધીનગર, 'કડવા પાટીદાર સમાજ' તેમ જ 'ધરતી વિકાસ મંડળ'ના કેટલાક તાણા-વાણા ગૂંથાયેલા હોવાથી આ વિષય ક્ષેત્રોમાં રસ ધરાવતા જિજ્ઞાસુઓને સવિશેષ ઉપકારક બની રહેશે. આ ઉપરાંત કેટલાક આત્મકથનાત્મક લેખો ગણેશભાઈના જીવન અને વ્યક્તિત્વની જાણકારી હેતુ દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. લેખકનું વાંચન અને અનુભવવિશ્વ વ્યાપક ફલક ઉપર રહેલાં જોવા મળે છે, જેની પ્રતીતિ નરસિંહ મહેતા, પ્રીતમ, ઉમાશંકર જોશી, મેઘાણી, મકરંદ દવે, સ્વામી સચ્ચિદાનંદ વગેરેનાં ચિંતનાત્મક ટાંચણોના આધારે થઈ રહે છે. સાહિત્યિક સંસ્પર્શ ધરાવતા આ લેખોમાં સૂક્તિરત્નો સમ વિધાનો ઉદા., તરીકે 'દુઃખનું ટાંકણું જીવનમૂર્તિને સારો ઘાટ આપે છે' (૨૬), 'પુરુષાર્થહીન અને પ્રારબ્ધવાદી બનાવે તેવી ભક્તિ શા કામની ?' (૮૭), 'શિક્ષક જ શિક્ષણનું સર્વોત્તમ જીવંત સાધન છે' (૬૪), 'પટેલ એટલે ઉદારતાથી છલકાતું હૃદય' (૨૬૨), 'સમગ્ર સમાજની ચિંતા સેવે તે સાધુપુરુષ' (૨૬૪), 'મંત્રી સત્તાસ્વામી, જ્યારે તંત્રી વિચારસ્વામી' (૨૨૬), 'છાત્રાલય એ જીવનની પ્રયોગશાળા અને તાલીમ શાળા છે' (૧૬૪) 'કર્મ એ જીવનની ઇમારતનો પાયો છે' (૭૪) વગેરે અત્ર-તત્ર ગૂંથાયેલાં જોવા મળે છે જે લેખકના ગહન ચિંતનવિશ્વનાં દ્યોતક બની રહે છે.

અહીં સમાજોપયોગી લેખો ઉપરાંત ૨૦ જેટલાં ધ્રુવતારક વ્યક્તિત્વો ઉદા., તરીકે ગુરુકૂળ પરંપરાને દીપાવનાર સર્વ વિદ્યાલય, કડીની આચાર્યપ્રવર ત્રિપુટી નાથાભાઈ દેસાઈ, મોહનલાલ પટેલ અને મનુભાઈ પટેલ, હંસાબહેન – હર્ષદભાઈ પટેલ, પ્રભાતકુમાર દેસાઈ, માણેકલાલ પટેલ, પ્રિ. કેશુભાઈ પટેલ વગેરેનાં દીપસ્તંભ સમાન કાર્યો અને જીવનશૈલીનો સંક્ષેપમાં છતાં સરસ પરિચય કરાવ્યો છે, જે આ ગ્રંથની એક આગવી મૂડી સમાન છે.

પ્રસ્તુત ગ્રંથમાં ગણેશભાઈનાં લખાણો ઉપરાંત તેમના અંતરંગ પરિચયમાં આવેલા તેમના કેટલાક વિદ્યાર્થીઓ, સહકાર્યકરો, સ્નેહીજનો, તેમની લેખનશૈલી અને કાર્યોથી પ્રભાવિત થયેલા જાહેરજીવનના અગ્રણીઓ વગેરે કૃત ૪૨ સ્નિગ્ધ સ્નેહસંભારણાત્મક લેખો સંગૃહીત છે, જેમાં આચાર્યશ્રી મોહનલાલ પટેલ, આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ, ડૉ. કનુભાઈ પટેલ, તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વર્તમાન ચેરમૅન વલ્લભભાઈ પટેલ, ડૉ. મફતલાલ પટેલ, પ્રિ. સોમાભાઈ પટેલ, પ્રો. તુલસીભાઈ પટેલ, ડૉ. સોમાભાઈ સી. પટેલ, મણિભાઈ પટેલ (મમ્મી), ડૉ. દેવયોગી વગેરેનો સમાવેશ થાય છે. આ સૌએ ગણેશભાઈની પ્રવૃત્તિઓની હરખભેર સરાહના કરી છે. આ બધાં સંસ્મરણો ગણેશભાઈ સાથેના પ્રત્યક્ષ કાર્યાનુભવ આધારિત હોવાથી આગળ ઉપર દર્શાવેલ તેમના વ્યક્તિત્વની સાહેદી બની રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે જાણીતા સર્જક મોહનલાલ પટેલે આ ગ્રંથને આવકારતાં તેને 'એક સમાજોપયોગી સંદર્ભ ગ્રંથ' ઓળખાવીને નોંધ્યું છે કે 'લેખકે સારાયે સમાજને એના કોઈ પણ રૂપને વણસ્પર્શ્યું રાખ્યા સિવાય આ ગ્રંથમાં ઉતાર્યો છે... સમાજની શુભ રીતિનીતિને સમભાવથી બિરદાવી છે અને કુત્સિત રૂઢિ-રિવાજોને ઍસિડ (તેજાબ) રૂપ આકરા શબ્દોમાં ખબર લઈ નાખી છે... (વળી) આ ગ્રંથમાં વિષય – વૈવિધ્ય છે એટલું જ નહીં, એમાં લેખોની માવજત અને પ્રસ્તુતિ પણ કલાત્મક છે.' જે આ ગ્રંથ અને તેના ગ્રંથકારનાં સત્ત્વ અને તત્ત્વને ઉજાગર કરી આપે છે. આ ઉપરાંત સંપાદિકા ડૉ. ગીતા પટેલે ગ્રંથના વિષયવસ્તુને ધ્યાને લઈને આ ગ્રંથ 'સમાજ માટે પ્રથપ્રદર્શક બનશે' તેવો સેવેલ આશાવાદ પ્રસ્તુત બની રહે છે.

સમગ્રતયા પ્રસ્તુત ગ્રંથનું વાચન શિક્ષણ અને સમાજ-સેવા ક્ષેત્રે કાર્યરત યુવાનોને સ્વસ્થ વૈચારિક ચેતના જગાડનાર અનુભવની ખાણરૂપ તથા સમાજઘડતરનો ભોમિયો પુરવાર થશે તેમ જ સમાજનિર્માણના કાર્યમાં પ્રવૃત્ત કરવા ઉદ્દીપક બની રહેશે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### ૧૫ ઓગષ્ટ - સ્વાતંત્ર્યપર્વ

● સર્વ વિદ્યાલય, કડીમાં રાષ્ટ્રના ગૌરવસમા સ્વાતંત્ર્યપર્વ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ ના હસ્તે ધ્વજ વંદન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલે આઝાદી મેળવવા માટેનાં આંદોલનોની ઝાંખી પ્રસ્તુત કરીને રાષ્ટ્ર પ્રતિ સમર્પિત બની રહેવાની શીખ આપતું ઉદ્‌બોધન કર્યું હતું. આ રાષ્ટ્રગૌરવના પ્રસંગે મંડળના મંત્રીશ્રીઓ, પ્રિન્સિપાલશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહયાં હતાં. ગાંધીનગર કેમ્પસમાં કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ ના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### આવકારોત્સવ

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગરમાં નવો પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓનો આવકારોત્સવ તા. ૧૫-૬-૧૭ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રો. ડૉ. સંજયભાઈ ગુપ્તાએ સંસ્થાની ઉજજ્વળ પરંપરાઓ, કૉલેજના સ્માર્ટ વર્ક અને ઉદ્દેશો વિશે અને એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનનાં એચ. ઓ. ડી. ડૉ. જિજ્ઞાસાબહેન જોશીએ ઉમદા શિક્ષકત્વ વિશે ઉદ્‌બોધન કરી આવકાર આપ્યો હતો. કાર્યક્રમના અંતે ડૉ. ભાવિકભાઈ શાહે અધ્યાપક પરિવારનો પરિચય કરાવીને સર્વેનો આભાર માન્યો હતો.

### કાવ્યરચના અને કાવ્યપઠન

ઝવિશ્વવિદ્યાલયની ફેકલ્ટી ઓફ એજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે કાવ્યરચના અને કાવ્યપઠન શિબિરનું આયોજન તા. ૧૪/૭/૧૭ ના રોજ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ સાહિત્ય વર્તુળના ઉદેશો, શ્રી મોહનલાલ પટેલ ના જીવન અને કવન તથા મહેમાન કવિશ્રી શૈલેષભાઈ પંડયાનો પરિચય આપીને કવિતાક્ષેત્રે તેમના પ્રદાન વિશે માહિતી આપી હતી. શ્રી શૈલેષભાઈ પંડયાએ કવિતા એટલે શું, કવિતાની શકિતઓ, કાવ્યમાં ધ્વની વગેરે વિશે ઝીણવટપૂર્વકની માહિતી આપી વિવિધ કવિઓની કાવ્યરચનાઓનું તેમજ સ્વરચિત કૃતિઓનુ પઠન કર્યું હતું.

### ગુરુ પૂર્ણિમા

● એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કોલેજ, અને વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનમાં તા. ૮-૮-૧૭ ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ ગુરુનું મહત્ત્વ, પ્રાચીન સમયના ગુરુઓ અને તેમની શિષ્યભાવનાઓ તથા પ્રવર્તમાન સમયમાં પ્રાચીન ગુરુના જેવું મહત્ત્વ કેવી રીતે જાળવી શકાય તે વિશે વિચારો વ્યકત કર્યા હતા. કાર્યક્રમના અંતમાં ડૉ. જિજ્ઞાસાબેન જોશીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં ગુરુના મહાત્મ્ય વિશે વાત કરી હતી.

### તાલીમ કાર્યક્રમ

● એલ.ડી. આર. પી. ઍન્ડ આઈ. ટી. આર., ગાંધીનગરના કમ્પ્યૂટર ટેક્નોલૉજી અને ઇન્ફર્મેશન ટેક્નોલૉજી વિભાગો દ્વારા અધ્યાપકો માટે ૧૨-૧૩ જૂન દરમિયાન AICTE-ISTE માન્ય રાજ્યકક્ષાના બે ટૂંકાગાળાના ટ્રેનિંગ કાર્યક્રમો Internet of Things of Application and Ressearch Perspecitve અને Good Computing Trends, Technology and Researchનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હેતુ અદ્યતન વિષયો માટે તજજ્ઞોને નિમંત્રિત કરવામાં આવ્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર

પ્રો. ડી. ટી. કાપડિયાએ જણાવ્યું હતું કે ખાસ કરીને કમ્પ્યૂટર એન્જિનિયરિંગ અને ઇન્ફોર્મેશન ટેક્નોલૉજી શાખામાં રોજેરોજ નવોનવો વિકાસ થતો રહેતો હોય છે ત્યારે અધ્યાપકોએ ઉદ્યોગજગતમાં શું ચાલી રહ્યું છે તેની જાણ રાખવી જોઈએ અને પોતાની જાતને આ નવા વિકાસ સાથે કદમ મિલાવીને અદ્યતન પણ કરવી પડે અને તેથી જ આ હેતુને સિદ્ધ કરવા માટે આવા પ્રોગ્રામનું આયોજન અનિવાર્ય છે. પ્રિ. ડૉ. ગાર્ગી રાજપરા એ જણાવ્યું હતું કે આવા પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓ/પ્રોફેસરોને ઇન્ડસ્ટ્રીના નિષ્ણાતો સાથે સીધો વાર્તાલાપ કરવાનો તથા ઇન્ડસ્ટ્રીમાં શું ચાલી રહ્યું છે તે જાણવાનો અવસર મળી રહે છે. વધુમાં આ બંને વિભાગોના વડાશ્રીઓ ડૉ. હિરેન પટેલ અને પ્રો. મેહુલ બારોટે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીના સર્વાંગી વિકાસ માટે અદ્યતન ટેક્નોલૉજી સાથે કદમ મિલાવીને ચાલવા ગત સેમેસ્ટરમાં સ્નાતક અને અનુસ્નાતકક્ષાએ આ પ્રકારના વિશિષ્ટ કાર્યક્રમો તથા ખાસ વ્યાખ્યાનમાળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમ જ ભવિષ્યમાં પણ આયોજિત કરવામાં આવશે. આ બંને કાર્યક્રમો પૈકી વિવિધ કૉલેજોના પ્રથમમાં ૫૪ અને બીજામાં ૩૯ અધ્યાપકોએ પ્રશિક્ષણ મેળવ્યું હતું.

## યુ. કે.ના શિક્ષણ પ્રતિનિધિઓની મુલાકાત

● યુનાઈટેડ કિંગ્ડમના શિક્ષણશાસ્ત્રીઓ શ્રી ઉમેશ રાજા, શ્રી એન્થોની અને મિસ લીઝીએ કડી સર્વ વિશ્વવિદ્યાલયની એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કોલેજ, અને વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગાંધીનગરની તા. ૧-૮-૧૭ના રોજ મુલાકાત લીધી હતી. ભારતમાં શિક્ષણ-પ્રશિક્ષણકાર્ય કેવી રીતે કરવામાં આવે છે તે સંબંધી માહિતી ડૉ. સંજયભાઈ ગુપ્તાએ તેમને આપી હતી. મુલાકાતીઓએ તાલીમાર્થીઓ સાથે પ્રશિક્ષણ વિશે વિચાર - વિમર્શ કર્યો હતો, તેમ જ યુ.કે.ની શિક્ષણપ્રણાલી વિશે માહિતગાર કર્યા હતા.

## વિશ્વયોગ દિવસ

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ્. કૉલેજ, ગાંધીનગરમાં તા. ૨૧-૬-૧૭ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે ડૉ. વિભા દ્વિવેદીએ તેમ જ ડૉ. જિજ્ઞાસાબહેન જોશીએ યોગ વિશેની માહિતી તેમ જ જુદા-જુદા પ્રકારના યોગની પ્રેક્ટિસ કરાવી હતી.

## વ્યાખ્યાન

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરના તાલીમાર્થીઓ માટે તા. ૨૪-૬-૧૭ના રોજ ભાષાસજ્જતા વિશે શ્રી રોહિતભાઈ જોશીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે તાલીમાર્થીઓને જોડણી, વાક્યરચના, શબ્દો અને તેના વિવિધ અર્થો વગેરે વિશે ઊંડાણપૂર્વકની માહિતી આપી હતી.

## સર્વ નેતૃત્વ-૨૫/૨૬

● કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત 'સર્વ નેતૃત્વ-૨૫' તા. ૪થી ૮ જુલાઈ, ૨૦૧૭ દરમિયાન સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમાં ૬૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શિબિરમાં મૅનેજમેન્ટ ટ્રેનર શ્રી સુરેશભાઈ પટેલ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા નેતૃત્વની તાલીમ આપવામાં આવી હતી. આ શિબિરમાં વક્તા તરીકે જાણીતા પર્વતારોહક અને ૧૯૯૯માં કારગીલ યુદ્ધ સમયે નીકળેલ વિજયરેલીમાં જેમણે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું તેવાં ચૌલાબહેન જાગીરદાર ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે પોતાના રોચક અનુભવોની વાત કરી હતી. ડૉ. એસ. ટી. કોટકે શારીરિક ક્ષમતાનું મહત્ત્વ વિશે, મોટિવેશનલ ટ્રેનર અને યોગાચાર્યશ્રી જે. સી. પટેલે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કારની સાથે દેશપ્રેમ અને ડૉ. કપિલ ત્રિવેદીએ શરીર અને મનને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્ત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પૂર્વતાલીમાર્થીઓ દ્વારા ચાલતા વિવિધ પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવ્યા હતા અને આ સાથે પૂર્વતાલીમાર્થીઓ – બીનલ પટેલ અને આરતી પટેલને વિવિધ સમાજોપયોગી પ્રોજેક્ટસમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મેમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તાલીમના છેલ્લા દિવસે 'સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ'ની મુલાકાત કરાવી હતી. સમાપન સમારંભમાં વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, સેક્રેટરી ડૉ. રમણભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. યોગેશ પટેલ, પ્રો. ઉમેશ કોલ્હે, ડૉ. કપિલ ત્રિવેદી અને ડૉ. વિજ્ઞા

ઓઝાની ઉપસ્થિતિ પ્રેરક રહી હતી. શિબિરનું સંચાલન કો-ઓર્ડિનેટર પ્રો. ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ, પ્રા. રોહિતભાઈ શેટ્ટી અને પ્રા. હેતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ જ ધોરણે 'સર્વ નેતૃત્વ-૨૬'નું આયોજન ઑગસ્ટ માસમાં કરવામાં આવ્યું હતું.

● 'સર્વ નેતૃત્વ' દ્વારા સામાજિક પ્રવૃત્તિના ભાગરૂપે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ હૉસ્પિટલો, અનાથ આશ્રમો અને ઘરડાઘરોમાં જઈ દર્દીઓને અથવા આશ્રિતોને હસાવવાનું કામ કરવામાં આવે છે. આ અન્વયે એલ. ડી. આર. પી., નર્સિંગ અને અન્ય કૉલેજોના વિદ્યાર્થીઓએ જુલાઈ માસમાં ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલના ચિલ્ડ્રન વોર્ડમાં જઈ બાળ દર્દીઓ સમક્ષ જોકરના મેકઅપ સાથે બાળકો સાથે બાળક બની તેમના ચેહરા પર સ્મિત રેલાવ્યું હતું.

## સ્નેહમિલન

● એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ્. કૉલેજ, ગાંધીનગરના તેમ જ વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનની કૉલેજના ભૂતપૂર્વ તાલીમાર્થીઓના સ્નેહમિલનનો કાર્યક્રમ તા. ૧-૭-૧૭ના રોજ યોજવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શ્રી પ્રશાંતભાઈએ T. E. T., T. A. T. વિશેની ઊંડાણપૂર્વકની માહિતી આપી હતી. ત્યાર બાદ લોકડાયરાના ખ્યાતનામ કલાકાર ડૉ. નરેન્દ્રભાઈ શાસ્ત્રી અને સંગીતકાર સુરજીતભાઈ વાઘેલાના ગ્રૂપ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# શાળા વિભાગ

## કઠપૂતળી ખેલ

● ગાંધીનગરની એસ. જી. અને એસ. વી. પ્રાથમિક શાળાનાં ધોરણ ૧થી ૪નાં બાળકો માટે નાથીબા કૉલેજના હૉલમાં કઠપૂતળીના ખેલનું આયોજન તા. ૧૪ જુલાઈના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિનો બાળકોએ ભરપૂર આનંદ માણ્યો હતો.

## કાનૂની શિબિર અને વાલીસભા

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળા, ગાંધીનગર દ્વારા તા. ૨૧ના રોજ ધોરણ ૧૨ અને તા. ૨૨ જુલાઈના રોજ ધોરણ ૧૦ના વાલીઓ માટે કાનૂની શિબિર અને વાલીસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે શ્રી સુધીરભાઈ દેસાઈ અને શ્રીમતી કૌશલ્યાબેન પરીખ તથા દ્વિતીય દિને શ્રી સુધીરભાઈ દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ માર્ગદર્શક તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી સુધીરભાઈએ 'વેલ્ફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સિનિયર સિટિઝન એક્ટ ૨૦૦૭' તથા કાનૂની સેવા સત્તામંડળની કામગીરી તથા વાલીઓની ભૂમિકા વિશે સમજણ પૂરી પાડી હતી. શ્રીમતી કૌશલ્યાબેન પરીખે બાળકમાં રહેલી શક્તિઓ અને રચના આધારે આગળ વધવાની હિમાયત કરીને બાળકના સહૃદયી હમસફર અને ઉત્તમ મિત્ર બનવાની પ્રેરણા આપી હતી. ડૉ. સોમભાઈ પટેલે વાલીઓની જાગૃતિ બાળકના ઘડતરમાં કેવાં ઉત્તમ પરિણામો લાવી શકે છે તે વિશે વાત કરી હતી. આચાર્યા શ્રીમતી સુધાબેન પટેલ અને શિક્ષક પરિવારે પ્રસંગોચિત ઉદ્‌બોધનોમાં પાલ્યની નિયમિતતા, શિસ્ત, શાળના નીતિનિયમો વગેરે વિશે ચર્ચા કરી હતી.

## ગુરુપૂર્ણિમા

● મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર બાલમંદિર, કડીમાં તા. ૮-૭-૧૭ના રોજ ગુરુપૂર્ણિમા તેમ જ ગૌરીવ્રતની ઊજવણી નિમિત્તે નાનાં ભુલકાંએ પારંપરિક પોશાકમાં ગુરુવંદના કરી હતી. બાળકો માટે વક્તૃત્વ સ્પર્ધા અને ગૌરીવ્રતના પૂજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત શ્રી જે. બી. પ્રાથમિક શાળા, તથા એસ. જી. અને એસ. વી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં ગુરુપૂર્ણિમા ઉજવણી કરવામાં આવી હતી.

● તા. ૧૮-૭-૧૭ના રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળા, ગાંધીનગર અને ભારત વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે ગુરુવંદના, માતૃવંદના, છાત્ર અભિનંદન કાર્યક્રમ કૅમ્પસમાં સ્થિત પી. ટી. સી. કૉલેજના હૉલમાં યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે ભારત વિકાસ પરિષદનાં ઉપપ્રમુખ જે. એમ. ચૌધરી સ્કૂલનાં ભૂતપૂર્વ વાઈસ પ્રિન્સિપાલ, ભાજપનાં

મહિલા પ્રમુખ તથા રાષ્ટ્રપતિ અવૉર્ડ વિજેતા શિક્ષિકા મણિબહેન દેસાઈ, અતિથિવિશેષ તરીકે ભારત વિકાસ પરિષદનાં મહિલા સંયોજક જિજ્ઞાસાબહેન રાવલ, સહસંયોજક હીનાબહેન રાવલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ધોરણ ૯થી ૧૨ના પ્રત્યેક વર્ગમાં પ્રથમ નંબર મેળવનાર ૨૬ વિદ્યાર્થિનીઓનું તથા રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થિઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

## ગ્રંથાલય મુલાકાત

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ધોરણ ૯/ઈની વિદ્યાર્થિનીઓ દ્વારા તા. ૧૩-૭-૧૭ના રોજ કૅમ્પસમાં સ્થિત નાથીબા આર્ટ્સ અને કૉમર્સ મહિલા કૉલેજની મુલાકાત કરવામાં આવી હતી. કૉલેજ ગ્રંથપાલિકા શ્રીમતી મયૂરીબહેન પટેલે વિદ્યાર્થિનીઓને સંદર્ભ ગ્રંથો, પુસ્તકોની ગોઠવણી, સામયિકો, દૈનિકપત્રો, ઇન્ટરનેટ દ્વારા પ્રાપ્ત માહિતી, કમ્પ્યૂટરથી પુસ્તકોની આપ-લે, ઈ-બુક્સ વગેરે વિશે સમજણ આપી હતી. આ પ્રસંગે શાળાના ગ્રંથપાલ શ્રી મહેશભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

## જન્માષ્ટમી

● સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીની ગર્લ્સ હોસ્ટેલ, પ્રાથમિક શાળા અને બાલમંદિરનાં વિદ્યાર્થીઓ દ્વારા સંયુકત રીતે જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં કારાગૃહમાં શ્રીકૃષ્ણનો જન્મ, ગોકુળમાં શ્રીકૃષ્ણનાં આગમનનાં વધામણાં, પારણે ઝુલતા શ્રીકૃષ્ણ, ગોકુળમાં માખણ ચોરી ખાતા શ્રીકૃષ્ણની નટખટ લીલાઓ, વૃંદાવનમાં ગોપીઓ સાથે રાસ રમતા તથા મટકી ફોડના આબેહૂબ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ, કેમ્પસ ડાયરેકટર શ્રી ડૉ. અજયભાઈ ગોર, ખોડલ ફિલ્મસના ડાયરેકટરશ્રી હર્ષદભાઈ ગજજર, પ્રિન્સિપાલશ્રીઓ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું આયોજન પ્રોજેકટ ડાયરેકટર ડૉ. કપિલભાઈ ત્રિવેદી અને તેમની ટીમે કર્યું હતું. આ ઉપરાંત સર્વ વિદ્યાલય, ગાંધીનગર કેમ્પસમાં સ્થિત શ્રી વી. એમ. પટેલ અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર, એસ. જી. અને એસ. વી. અંગ્રેજી પ્રાથમિક શાળા અને શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં પણ આ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

## તમાકુ મુક્ત કડી પરિસર

● મહેસાણા જિલ્લા કલેક્ટરશ્રીના વરદ્દહસ્તે સર્વ વિદ્યાલય, કડીના કર્મઠ આચાર્ય શ્રી કનુભાઈ પટેલને કડીના સર્વ વિદ્યાલય પરિસરને તમાકુમુક્ત બનાવવા માટેની સમગ્ર મહેસાણા જિલ્લાની શાળાઓમાં સર્વશ્રેષ્ઠ કામગીરી માટે ટોબેકો કન્ટ્રોલ સેલ અંતર્ગત અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો. આચાર્ય શ્રી પટેલ અને તેમની સમગ્ર ટીમ દ્વારા શાળામાં વિદ્યાર્થીઓને તેમ જ પરિસરની અન્ય શાળા – કૉલેજોના વિદ્યાર્થીઓ / કર્મચારીઓને તમાકુ સેવનથી થતા નુકસાનથી વાકેફ કરવા માટે સમગ્ર પરિસરમાં બેનરો મૂકવા ઉપરાંત વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ સાથે રૂબરૂમાં મુલાકાતો ગોઠવવામાં આવતાં તેનું ધાર્યું પરિણામ હાંસલ થઈ શક્યું છે. ઉલ્લેખનીય છે કે સમગ્ર મહેસાણા જિલ્લાની શાળાઓ દ્વારા કુલ રૂ. ૧,૧૦,૦૦૦ જેટલી રકમ તમાકુનું સેવન કરતા વિદ્યાર્થીઓ પાસેથી દંડ સ્વરૂપે વસૂલ કરવામાં આવી હતી, જ્યારે કડી કૅમ્પસ દ્વારા જ રૂ. ૫૨,૦૦૦ જેટલી રકમ આ પેટે વસૂલ કરવામાં આવી હતી. આચાર્ય શ્રી કનુભાઈ પટેલને સર્વ વિદ્યાલય પરિવાર તરફથી આ અભિયાન માટે અને મેળવેલ સિદ્ધિ માટે હાર્દિક અભિનંદન.

## તંદુરસ્ત બાળક સ્પર્ધા

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા તા. ૨૪-૬-૧૭ના રોજ નાથીબા કૉલેજના હૉલમાં 'તંદુરસ્ત બાળક' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તંદુરસ્ત બાળકની આંખ, વાળ, હાસ્ય, કપડાં અને તંદુરસ્તી એમ અલગ અલગ કેટેગરી રાખવામાં આવી હતી, જેમાં લગભગ ૧થી ૪ વર્ષનાં ૫૮ બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે બાળકોના નિષ્ણાત ગાંધીનગરના ડૉ. સતિષ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

## ધ્યાન શિબિર

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૮-૮-૧૭ ના રોજ સમર્પણ ધ્યાન કેન્દ્ર દ્વારા ધ્યાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડૉ. વિપુલભાઈ લેઉઆ તેમજ તેમની ટીમ દ્વારા ધ્યાનનો પરિચય, સ્થિતિ અને અસરોનું માર્ગદર્શન આપવા ઉપરાંત દરરોજ ૩૦

મિનિટ ધ્યાન ધરવાથી અભ્યાસમાં એકાગ્રશકિતમાં ખૂબ ફાયદો થાય છે તે વિશે સમજણ આપી હતી.

## નીટ

● વર્ષ ૨૦૧૬-૧૭માં તબીબી અને અન્ય આનુસંગિક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લેવાયેલ NEETની પરીક્ષામાં શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ૬ વિદ્યાર્થીઓ સર્વશ્રી ઠક્કર લખન, દાવડા હિરલ, બારોટ હિમાંશુ, વાઘેલા જયસિંહ, પ્રજાપતિ ભાવિન અને આરજુ પટેલે ૪૦૦થી વધુ ગુણ મેળવ્યા. આ ઉપરાંત આ શાળાના બીજા ૧૧ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ૩૦૦થી વધુ ગુણ મેળવ્યા છે. અભિનંદન.

## પ્રકૃતિદર્શન

● એસ. જી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૧નાં બાળકો માટે તા. ૧૫થી ૨૧ જૂન સુધી પુનિતવનની તથા ધોરણ-૨નાં બાળકો માટે તારીખ ૨૩ જૂનથી ૦૧ જુલાઈ સુધી નર્સરીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સુટેવોના પાલન માટે પી. પી. ટી. દ્વારા માહિતી આપવામાં આવી હતી.

## પ્રવેશોત્સવ ૨૦૧૭

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર દ્વારા નવો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થિનીઓનો પ્રવેશોત્સવ તા. ૨૨-૬-૨૦૧૭ના રોજ યોજાઈ ગયો, જેમાં મુખ્ય મહેમાન પદે શ્રી એમ. એસ. ડાંગુર (IAS) (એડિશનલ ચીફ સેક્રેટરી, હૉમ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર) તથા અતિથિ વિશેષ તરીકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય શ્રી આઈ. વી. પટેલ તથા લાયઝન અધિકારી શ્રી દેવિલાબહેન ઠાકર વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. મહેમાનશ્રીઓના હસ્તે વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ અને સાઇકલ વિતરણ કરવામાં આવ્યાં, તેમ જ ધોરણ ૧૦ અને ૧૨માં ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને સન્માનિત કરવામાં આવી હતી. શ્રી એમ. એસ. ડાંગુરે પોતાના ઉદ્‌બોધનમાં જીવનમાં ઉપયોગી બની રહેવાની શીખ આપી હતી. આચાર્યાશ્રી શ્રીમતી સુધાબહેન પટેલ દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધન અને આભારવિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે શાળાના મેદાનમાં વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૩-૬-૧૭ના રોજ પ્રવેશોત્સવની ઉજવણી અંતર્ગત પ્રવેશ લેનાર તમામ વિદ્યાર્થિનીઓને રંગબેરંગી ટોપીઓ પહેરાવીને કેમ્પસમાં ઢોલના તાલે રેલી સ્વરૂપે ફેરવવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓએ સંસ્થાના આદ્યસ્થાપક પૂ. દાસકાકાની પ્રતિમાને ફૂલહાર ચઢાવી આશીર્વાદ મેળવ્યા હતા.

● શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરમાં ધોરણ-૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ તા. ૨૪-૬-૧૭ના રોજ બ્રહ્માણી કૃપા હૉલમાં યોજાઈ ગયો. આ પ્રસંગે વર્ષ ૨૦૧૬-૧૭માં ધોરણ-૧૦મા શાળાના દરેક વર્ગમાં પ્રથમ નંબરે આવેલ વિદ્યાર્થીઓનું તથા ધોરણ-૯મા પ્રવેશ મેળવેલ ૯૦ ટકાથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન મહેમાનશ્રીઓના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રિ. શ્રી બચુભાઈ કે. પટેલ દ્વારા મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી એમ. એસ. ડાંગુરે ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીજીવન અતિ મહત્ત્વનો તબક્કો છે. તેથી આ સમયગાળાનો સારો ઉપયોગ કરી લક્ષ મુજબ ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરવી જોઈએ. સમારોહની સમાપ્તિ બાદ શાળા પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

● એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા, ગાંધીનગરના નવા સત્રના પ્રારંભે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના વાલીઓ સાથે શાળા પરિચય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્યા શ્રીમતી મિલી મૅડમે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું, તેમ જ નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓના વાલીઓને પી. પી. ટી. દ્વારા શાળાના સમગ્ર પર્યાવરણથી પરિચિત કરાવવામાં આવ્યાં હતાં.

## રથયાત્રા અને રમઝાન ઈદ

● મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર બાલમંદિર, કડીમાં તા. ૨૪-૬-૧૭ના રોજ ભગવાન જગન્નાથની રથયાત્રા અને રમઝાન ઈદ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. બાલમંદિરનાં નાનાં ભૂલકાંઓને કૃષ્ણ, બલરામ અને સુભદ્રાજીનાં વસ્ત્રોમાં સજ્જ કરી તમામ

બાળકો તેમ જ શિક્ષિકા બહેનો ખંજરી, ઢોલ અને ઘૂઘરાના તાલ સાથે શોભાયાત્રામાં જોડાયાં હતાં. ચેરમૅનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ તથા કન્વીનરશ્રી ડૉ. બાબુભાઈ આર. પટેલે શોભાયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. સમગ્ર કૅમ્પસનું વાતાવરણ જય રણછોડ માખણચોર, હાથી, ઘોડા પાલખી જય કનૈયાલાલકીનાં નાદથી ગુંજી ઊઠ્યું હતું. જુદાં-જુદાં સ્થળોએ શાળા/કૉલેજોના આચાર્યશ્રીઓએ સ્વાગત કરી રથયાત્રાને વધાવી હતી. રમઝાન ઈદ ઉજવણી પર્વ પ્રસંગે બાળકોએ મુસ્લિમ ગણવેશ પહેરીને એકબીજાને ગળે ભેટી ઈદ મુબારક પાઠવ્યા હતા.

## રમતગમત

● U-૧૯ વિદ્યાર્થિનીઓની જૂડોની સ્પર્ધા સાઈ, સેક્ટર-૧૫ ખાતે યોજાયેલ જેમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની ધોરણ ૧૧ની વિદ્યાર્થિનીઓ મનસૂરી મુસ્કાન આઈ. અને પરમાર અંજલી મુકેશભાઈ એ અનુક્રમે પ્રથમ અને દ્વિતીય નંબર મેળવતાં રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે. આ ઉપરાંત U-૧૯ કુસ્તીની વિદ્યાર્થિનીઓની સ્પર્ધામાં ધોરણ ૧૧ની વિદ્યાર્થિનીઓ સિસોદીયા કુસુમ દશરથભાઈ અને ધોરણ ૧૨ની સિસોદીયા ભાવના દશરથભાઈ પ્રથમ નંબર મેળવતાં રાજ્યકક્ષાએ પસંદગી પામેલ છે.

● આણંદ ખાતે યોજાયેલ 'નેશનલ ટેકવોલ ચેમ્પિયનશીપ-૨૦૧૭'માં એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ -૨/ઈના વિધાર્થી આરવ કડિયાએ આ સ્પર્ધામાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો.

## વાલીચિંતન શિબિર

● શ્રીમતી એસ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૨ જુલાઈના રોજ વાલીશ્રીઓની શિબિરનું આયોજન કરવામાં આવતાં ગણિત, વિજ્ઞાન, સા. વિ. તથા ભાષાવિષયોના તજજ્ઞ શિક્ષકો દ્વારા વાલીશ્રીઓ પોતાના સંતાનના અભ્યાસમાં કેવી રીતે મદદરૂપ થઈ શકે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વાલીશ્રીઓનાં સૂચનોનો ઉત્તર આચાર્યાશ્રી નીરૂબેન પટેલે આપ્યો હતો.

## વિશ્વયોગ દિવસ

● તા. ૨૧-૬-૧૭ના રોજ વિશ્વયોગ દિવસની ઉજવણી માટે યોગગુરુ રામદેવ સ્વામીના સાંનિધ્યમાં G.M.D.Cના મેદાનમાં યોજાયેલ કાર્યક્રમમાં શ્રીમતી આર. જી. કન્યા વિદ્યાલય, ગાંધીનગરની હૉસ્ટેલની તેમ જ NCCની કુલ ૨૭૪ વિદ્યાર્થિનીઓ તથા ૧૧ શિક્ષકોએ ભાગ લીધો હતો. શ્રી રામદેવ સ્વામીએ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી, શ્રી અમિત શાહ તેમ જ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિવિધ પ્રકારના યોગ બતાવ્યા હતા, તેમ જ દરેક વ્યક્તિ પાસે પ્રતિજ્ઞા કરાવી કે અમે નિયમિત યોગ કરીને તંદુરસ્ત જીવનશૈલી અપનાવીને આજના દિવસને સાર્થક કરીશું.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં વિશ્વયોગ દિવસની ઉજવણીમાં ધોરણ ૭ અને ૮ની ૫૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ યોગદિવસનું મહત્ત્વ તથા પ્રેક્ટિકલ જ્ઞાન મેળવ્યું હતું. આ પ્રસંગે એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનનાં યોગ તજજ્ઞ પ્રો. શ્રી વિભાબહેને બાળકોને જુદાજુદા યોગનાં આસનો દ્વારા પ્રેક્ટિકલ જ્ઞાન આપ્યું હતું. આચાર્યાશ્રી નીરૂબહેને પણ તંદુરસ્ત જીવન માટે યોગનું મહત્ત્વ સમજાવ્યું હતું.

● એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં યોગદિન નિમિત્તે યોગ શિબિરનું આયોજન કરી યોગનું મહત્ત્વ તથા યોગના પ્રકાર વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં વિશ્વયોગદિન નિમિત્તે ગાયત્રી પરિવારના યોગ નિષ્ણાત શ્રી ચંદુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ યોગાભ્યાસ કર્યો હતો. આચાર્યા શ્રીમતી નીવાબહેન પટેલે જીવનમાં યોગનું મહાત્મ્ય સમજાવ્યું હતું.

## વૃક્ષ બચાવો અભિયાન

● એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૨૧-૬-૧૭ના રોજ ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓને વૃક્ષોના મહત્ત્વ અને સંરક્ષણ વિશે જાગ્રત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ શાળાની આજુબાજુનાં વૃક્ષો પરની ખીલીઓ, બિનજરૂરી જાહેરાતો વગેરે હટાવીને વૃક્ષોનું જતન કર્યું હતું.

## વૃક્ષારોપણ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. માધ્યમિક શાળામાં તા. ૪-૭-૧૭ના રોજ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો. આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલે વૃક્ષારોપણનું મહત્ત્વ, દરેકના ઘેર-ઘેર એક રોપો રોપવા અને રોપાનું જતન કરવા શીખ આપી હતી. આ ઉપરાંત તા. ૭-૭-૧૭ના રોજ ધોરણ ૧૧ (સાયન્સ પ્રવાહ)ની ઈકો ક્લબની ૫૦ વિદ્યાર્થિનીઓ તેમ જ શિક્ષકશ્રીઓ દ્વારા હેતુ અરણ્ય ઉદ્યાનમાં વનવિભાગના અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ ૯૦ રોપાઓ રોપવામાં આવ્યા હતા. આ પ્રસંગે નિયામકશ્રી આર. ડી. કંબોજે 'વૃક્ષોનું જીવનમાં મહત્ત્વ' વિશે પ્રવચન આપ્યું હતું.

## શિક્ષક તાલીમ

● એસ. જી. પ્રાથમિક શાળા, ગાંધીનગર અને એસ. ડી. પ્રાથમિક શાળા (કડી)ના શિક્ષકો પ્રવર્તમાન પ્રવાહોથી વાકેફ થાય તે હેતુથી તા. ૮-૭-૧૭ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવતાં ૧૦૦ શિક્ષકો તેમાં જોડાયા હતા. જેમાં અમદાવાદની શૌર્ય સંસ્થાનાં બિંદિયા ગુપ્તા અને રાધા ગાંધી મૅડમે 'Think out of the box' વિષય પર તાલીમ આપી હતી.

## શૈક્ષણિક પ્રવાસ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના શિક્ષકો અને કર્મચારીઓ દ્વારા તા. ૧૦-૭-૧૭ના રોજ વડતાલ, જાંબુઘોડા અને ગલતેશ્વરનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો, જેમાં વડતાલ સ્વામીનારાયણ મંદિર, જાંબુઘોડાના અભયારણ્યના વન્ય પ્રાણીઓ, વનસ્પતિ તથા ધોધ વગેરે વિશે જાણકારી પ્રાપ્ત કરી હતી.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ દ્વારા તા. ૩-૭-૧૭ના રોજ ધોરણ ૮/કની વિદ્યાર્થિનીઓ માટે પોસ્ટઑફિસની મુલાકાત ગોઠવવામાં આવતાં વિદ્યાર્થિનીઓએ પોસ્ટના જુદાજુદા વિભાગો, બચતપત્રો, પોસ્ટકાર્ડનું મહત્ત્વ, સુકન્યા યોજના વગેરેની માહિતી પોસ્ટમાસ્તર હિરલબહેન દ્વારા મેળવી હતી. તા. ૪-૭-૧૭ના રોજ ધોરણ ૮/ડની વિદ્યાર્થિનીઓએ મહાત્મા ગાંધી મંદિર-દાંડી કુટિરની મુલાકાત લઈ ગાંધીજીના જીવનચરિત્ર આધારિત પ્રસંગો તથા સ્વચ્છ ભારત બનાવવા માટેના પ્રયત્નો, તેમનું બાળજીવન, સત્યાગ્રહની આહુતિ વગેરે વિશે તથા તા. ૬-૭-૧૭ના રોજ ધોરણ ૮/ઈની વિદ્યાર્થિનીઓએ રેલવે સ્ટેશનની મુલાકાત લઈ પ્લૅટફૉર્મ, ટાઇમટેબલ, વેઇટિંગ રૂમની ઉપયોગિતા, ગાર્ડનું કામ, વોકીટોકી દ્વારા થતી વાતચીત, ઈમરજન્સી બ્રેક, જનરલ કોચ વગેરેની માહિતી મેળવી હતી.

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, દ્વારા સાયન્સ સિટિ તથા અડાલજની વાવ-વૈશણોદેવી મંદિર, વગેરેના શૈક્ષણિક પ્રવાસનું આયોજન તા. ૩ અને ૪ ઓગષ્ટ દરમ્યાન કરવામાં આવ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં ધોરણ ૪ નાં વિદ્યાર્થીઓ માટે પોસ્ટ-ઓફિસ અને ઐતિહાસિક અડાલજની વાવની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પોસ્ટ ઓફિસની કામગીરી તથા અડાલજની વાવના ઈતિહાસ, નિર્માણ અને રચના વિશે માહિતી પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત ધોરણ ૩ નાં વિદ્યાર્થીઓ માટે પણ વૈષ્ણોદેવી તથા ત્રિમંદિરની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૭, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૭, સળંગ અંક : ૪૦**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**




કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો. ડી. ટી. કાપડિયા અને પ્રિ. ડૉ. ગાર્ગી રાજપરાની નિશ્રામાં એલ.ડી.આર.પી. એન્ડ આઈ.ટી.આર, ગાંધીનગર દ્વારા તા. ૧૨-૧૩ જૂન દરમ્યાન આયોજિત પ્રશિક્ષણ કાર્યક્રમમાં ઉપસ્થિત અધ્યાપક-ગણ તથા ડી.ટી. કાપડિયા.



સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે મંડળના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય.



આચાર્યશ્રી કનુભાઈ પટેલને સર્વ વિદ્યાલય, કેમ્પસ, કડીને તમાકુ મુક્ત કરવાની સર્વશ્રેષ્ઠ કામગીરી કરવા બદલ મહેસાણા જિલ્લા કલેક્ટરશ્રી એવોર્ડ એનાયત કરી રહ્યા છે તે પ્રસંગનું દ્રશ્ય.



શ્રીમતી આર. જી. કન્યા વિદ્યાલય, ગાંધીનગર દ્વારા આયોજિત વિશ્વયોગદિનની ઉજવણીનું દ્રશ્ય.



એસ. જી. પ્રાથમિક શાળાનાં બાળકો પુનિવતનની મુલાકાતે

સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી અને ગાંધીનગરની વિવિધ શાળાઓ દ્વારા આયોજિત ગુરુપૂર્ણિમા, રથયાત્રા, રમઝાન ઈદ વગેરે પ્રવૃત્તિઓનાં દ્રશ્યો. પ્રથમ બે દ્રશ્યોમાં મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ ભગવાનની પૂજા-અર્ચન કરીને જગન્નાથના રથને પ્રસ્થાન કરાવી રહ્યા છે















